રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક




'કલ્પસર સહયોગ સમિતિ' અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે
કલ્પસર યોજના અંગે વર્ષોથી પ્રવૃત્ત અને જાણીતા કર્મશીલ શ્રી વિનુભાઈ ગાંધીનું સન્માન કરવાનો
કાર્યક્રમ લોકભારતીને આંગણે ભારત સરકારશ્રીના જળ સંસાધન મંત્રી માનનીય શ્રી સી.આર. પાટિલ,
શ્રી જીવરાજભાઈ ધારુકાવાળા, શ્રી બેચરભાઈ ભાદાણી, ડૉક્ટર પંપવાળા શ્રી પરશોત્તમભાઈ કામાણી
અને અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં તા.૧૭મીના રોજ યોજાઈ ગયો.

વર્ષ: ૮૦ | અંક : ૦૧ | ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬

# ‘કલ્પસર સહયોગ સમિતિ’ અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે
# જાણીતા કર્મશીલ શ્રી વિનુભાઈ ગાંધીનો સન્માન કાર્યક્રમ












# કોડિયું

વર્ષ : ૮૦ ઓગસ્ટ ૨૦૨૬ અંક : ૦૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **વિજ્ઞાન આશ્રમ : એક વિરલ પ્રયાસ**<br>પ્રકાશ ભગવતી | ...૦૬ |
| ૦૨ | **ખાલી હાથે આવજો, પરંતુ ખાલી હૃદયે ન આવશો...**<br>ગુણવંત શાહ | ...૦૯ |
| ૦૩ | **બાપુઃ પ્રીતિની સરિતા અને પ્રતીતિનો સાગર**<br>અરુણ દવે | ...૧૧ |
| ૦૪ | **ભાગ-૨ પ્રેરણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટ**<br>ડૉ. મનહર ઠાકર | ...૧૪ |
| ૦૫ | **પ્રાર્થના અને મહાત્મા ગાંધી**<br>સોનલ પરીખ | ...૧૭ |
| ૦૬ | **કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા પ્રસંગ -૪**<br>બિંદુ-પાર્થેશ | ...૧૯ |
| ૦૭ | **ઈશોપનિષદમાં જીવનમૂલ્યો**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૨૧ |
| ૦૮ | **ભારતીય ષડ્દર્શનના પ્રકાશમાં ટકાઉ કૃષિની નવી સમજ**<br>ડૉ. કે. જી. મહેતા અને પ્રો. ભરત જોશી | ...૨૪ |
| ૦૯ | **હવાઈ મુસાફરીઃ એક અનોખો અનુભવ !**<br>વિનોદ માંગુકિયા | ...૨૮ |
| ૧૦ | **શબ્દોમાં અવતરતું અનુભવનું બળ**<br>મનસુખ સલ્લા | ...૩૧ |
| ૧૧ | **બાઉલ સાધનાની કથાઃ ધાનસંગ્રહ**<br>સતીશચંદ્ર વ્યાસ | ...૩૩ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૫ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

◆ **સૂચના** ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ગુરુપૂર્ણિમાની ઉજવણી આપણી બધી સંસ્થાઓમાં આસ્થાપૂર્ણ ઉજવાણી. પાંચેક હજાર વર્ષ પહેલા દ્વાપર યુગના અંતમાં કુરુક્ષેત્ર નજીકના વ્યાસ આશ્રમથી આ પરંપરા શરૂ થયાનું પગેરું મળે છે.

મહર્ષિ વેદવ્યાસના જન્મ, ભગવાન બુદ્ધ પોતાના શિષ્યોને આપેલા પ્રથમ ઉપદેશ અને ભગવાન શિવે આ દિવસે સપ્ત ઋષિઓને આપેલા યોગના જ્ઞાન વગેરેને પણ આ સાથે જોડવામાં આવે છે. વ્યાસપૂર્ણિમા કે અષાઢી પૂર્ણિમાથી ઓળખાતી આ પૂર્ણિમાની ઉજવણી ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ ટકાવી રાખવા મહત્ત્વની ગણાય છે.

ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરતી આ પૂર્ણિમા એ શિક્ષણપ્રણાલી નથી, જીવનશૈલી છે. ભારતીય સંસ્કૃતિની કરોડરજ્જુ કે ભારતીય સંસ્કૃતિના આત્મા તરીકે ઓળખાતી આ પૂર્ણિમા એક નિવડેલી પવિત્ર પરંપરા છે. ભારતીય સંસ્કૃતિએ ગુરુને ત્રિદેવ અને સાક્ષાત પરબ્રહ્મનો દરજ્જો આપેલો છે.

શિસ્ત, સંસ્કાર, સ્વાવલંબન, સેવા, સંવેદના, સત્ય, સમર્પણ, મૈત્રી, નમ્રતા, વિવેક, અનુકંપા, કૌશલ્યો, લલિતકલાઓ વગેરે જેવાં અનેક જીવનમૂલ્યોનું જતન અને સંવર્ધન કરવા આપણી આ ગુરુ-શિષ્યની પરંપરાનું તાલીમી માળખું યોગ્ય ભાવાવરણ માંગે છે, આશ્રમ એ શ્રેષ્ઠ સ્થળ છે. વળી, જ્યાં જીવનમૂલ્યો સહજ દિનચર્યાના આચરણમાંથી પ્રગટ્યા હોય એ આસ્થાનું સ્થાન 'તીર્થ' ગણાય છે. પ્રાકૃતિક પરિવેશમાં આવેલા આશ્રમો એ જીવનમૂલ્યોનું ધરુવાડિયું છે અને તીર્થસ્થાન છે. આપણા છાત્રાલયોની ભૂમિકા પણ આ જ રહી હોવાથી લોકભારતીના સમગ્ર ભાવાવરણને પામીને લોકભારતી પરિસરને પૂજ્ય મોરારિબાપુએ 'લોકતીર્થ'થી ઓળખાવ્યું છે. આશ્રમમાં જ્ઞાતિ-જાતિ, નાના-મોટા, ગરીબ-તવંગર કોઈપણ પ્રકારના ભેદ હોતા નથી.

અહીં ગુરુએ શિષ્યને જગાડવાનો છે અને શિષ્યએ જાગવાનું છે. ગુરુના જાગરણ પાછળ પાછળ અનુભવ-આચરણ-આવિર્ભાવ સહજ જોડાઈ જતાં હોવાથી ગુરુએ ઉપદેશથી નહીં પણ આચરણથી જ શિષ્યને ઘડવાનો છે. શિષ્યની કક્ષાએ ગુરુએ નીચે ઉતરીને તેની આંગળી પકડીને ઉપર ચડાવવાનો છે. ભારતીય મૂળ સંસ્કૃતિની આ પરંપરામાં શિષ્ય અને ગુરુ બંને સાથે ભણતા હોય તેવો ઘાટ ઘડાય છે. ગુરુ ગમે તેવો મોટો હોય તો પણ તે શિષ્યની સાથે ચાલવા તૈયાર હોય એ પ્રથમ લાયકાત છે. ગુરુએ આ નીચલી કક્ષાએ જવું એ લાચારી કે શરણાગતી નથી, એ તો આ ગુરુ-શિષ્ય પરંપરાની પ્રક્રિયાનો ભાગ છે. ગુરુએ શિષ્યમાં શ્રદ્ધા, વિશ્વાસ, ભરોસો ભરવાનો છે. શિષ્યએ કૃતજ્ઞતાના ભાગરૂપે ગુરુદક્ષિણાની 'રિટર્ન ગીફ્ટ' આપવાની છે.

કોઈપણ ક્ષેત્રમાં જ્ઞાનનો કોઈ અંત નથી એટલે આપણું ભારતીય દર્શનશાસ્ત્ર સમજાવે છે કે જ્ઞાન એ કાયમને માટે ખીલતી કળી જ રહેશે, ક્યારેય એ સંપૂર્ણ ખીલેલું ફૂલ નહીં બને. આથી ગુરુએ સતત અભ્યાસ કરતા રહેવાનું છે.

ગુરુનું અંતિમ લક્ષ તો શિષ્યને તેનો માયલો જ શ્રેષ્ઠ અને એક માત્ર ગુરુ છે તેની પ્રતીતિ કરાવવાનું છે. જ્યારે શિષ્ય સમજી-સ્વીકારીને પોતાની અંદર બેઠેલા આત્માને ગુરુ તરીકે સ્વીકારી લેશે ત્યારે એ ગુરુ તરત જ 'સ્વીચઓવરિંગ' કરીને સમજાવશે કે હું તો સમગ્ર વિશ્વમાં વ્યાપક સ્વરૂપે છું. આ ફૂલ, નદી, કોતર, પહાડ, સુગંધ સઘળામાં હું જ છું!!! આ ભરોસો જ્યારે ભવ્ય સ્વરૂપ પ્રાપ્ત કરે છે ત્યારે જીવનની દિવ્યતા પ્રગટે છે. આ તબક્કા સુધી પહોંચવાની જે ગુરુ-શિષ્ય પરંપરા ક્ષમતા ધરાવે તે ગુરુપૂર્ણિમા ઉજવવાની લાયકાત ધરાવે છે તેમ ગુરુપૂર્ણિમાએ સમજવાનું છે.

—

## (૦૧) વિજ્ઞાન આશ્રમ : એક વિરલ પ્રયાસ

**પ્રકાશ ભગવતી**

'આશ્રમ' શબ્દ સાંભળતાં જ વ્યક્તિના મનમાં કેટકેટલા વિચારો જાગી ઊઠે છે ! અનાથાશ્રમ કે વૃદ્ધાશ્રમ? કોઈ ધર્મગુરુનો આશ્રમ કે કોઈ સંપ્રદાયનો ? અધ્યાત્મ-સાધના માટેનો આશ્રમ હશે તો નદીકિનારે હશે કે કુદરતના રમણીય વાતાવરણમાં યોગ સાધકનો આશ્રમ હશે ? પરંતુ આવા કોઈ આશ્રમની આ વાત નથી. તમને જાણીને પારાવાર આશ્ચર્ય થાય તેવા વિજ્ઞાન આશ્રમની આ વાત છે. જેવું એનું નામ નોખું તેવું જ એનું કામ અનોખું. આ વિજ્ઞાન આશ્રમ પુણેથી ૭૦ કિમી. દૂર આવેલા પાબળ ગામમાં આવેલો છે. અત્યારે આ આશ્રમ યોગેશ કુણકર્ણી અને તેના સાથીઓ ચલાવે છે, પરંતુ તેની સ્થાપના ૧૯૮૩માં ડૉ. શ્રીનાથ શેષગિરિ કાલબાગે (૧૯૨૮-૨૦૦૩) કરી છે. મુંબઈમાં વસતા શ્રીનાથ કાલબાગને બાળપણથી જ વિજ્ઞાનના પ્રયોગો કરવા બહુ ગમતા. તેમના ભાઈ સાથે મળીને ઘરમાં જ લૅબોરેટરી ઊભી કરી. બી.એસ.સી., એમ.ટેક. કરીને ૧૯૫૩માં શિકાગો ગયા અને પીએચ.ડી. કરીને તરત ભારત પાછા ફર્યા. અમેરિકાના નિવાસ દરમિયાન તેઓ દર શનિ-રવિ ત્યાંના ગામડાંઓની મુલાકાત લેતા હતા. તેમણે જોયું કે ત્યાંના ખેડૂતો ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને પાકની ઉત્પાદકતા સતત વધારતા હતા. ભારત આવીને મૈસૂરની ફૂડ ટૅક્નૉલૉજીમાં અને ત્યારબાદ હિન્દુસ્તાન લીવર રિસર્ચ સેન્ટરમાં વૈજ્ઞાનિક તરીકે કામ કર્યું. તેમના કાર્યકાળ દરમિયાન ઘણાં સંશોધનોની પેટન્ટ કરાવેલ, પરંતુ ડૉ. કાલબાગ તેમના જીવનનો શેષકાળ સમાજ માટે અને ખાસ કરીને ગામડાંની ગરીબ પ્રજાને સમૃદ્ધિના માર્ગે લઈ જવા માંગતા હતા અને તે પણ વિજ્ઞાન દ્વારા ! ડૉ. કાલબાગ માટે વિજ્ઞાન જ તેમનો ધર્મ હતો અને તેથી આશ્રમનું નામ રાખ્યું વિજ્ઞાન આશ્રમ

તેઓ ગામડાની શાળાના ડ્રૉપઆઉટ વિદ્યાર્થીને એક સાહસિક ઉદ્યોગપતિ બનાવવા માગતા હતા. જેથી ગ્રામીણ જીવનની જરૂરિયાતો તેમજ સમસ્યાનો ઉકેલ તે સ્વયં લાવી શકે. તેમણે જોયું કે સ્કૂલમાં ભણાવવામાં આવતા અભ્યાસક્રમ અને આસપાસ જિવાતા વાસ્તવિક જીવન વચ્ચે ઘણું અંતર છે તેને ઘટાડવું જોઈએ. તેમના મનમાં આકાર લઈ રહેલી યોજના માટે ઘણાં ગામોની મુલાકાત લીધી, પરંતુ પાબળ ગામની ટેકરી પરથી જોતાં જણાયું કે આ ગામમાં પાણી, વીજળી અને અન્ય અનેક સમસ્યાઓ છે. જો પાબળમાં તેમના પ્રયોગને સફળતા મળશે તો ભારતનાં અન્ય ગામોમાં આ મૉડલને લાગુ કરવામાં વાંધો નહીં આવે. તેમને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનનો સાથ મળ્યો અને મહારાષ્ટ્ર સરકારે પાબળની ટેકરી પર વિજ્ઞાન આશ્રમ બનાવવા માટે જમીન આપી. તે સમયે મુંબઈથી પાબળ દિવસમાં એક જ વખત એસ.ટી. બસ આવતી હતી, તેમાં તેઓ દર અઠવાડિયે પાબળ જતા. તેઓ દલિત વસ્તીમાં એક રૂમ રાખીને રહેતા અને ગામના યુવાનો, સ્કૂલે જતાં બાળકોનાં માતાપિતા, ગ્રામપંચાયતના સભ્યો, દુકાનદારો અને અન્ય વેપારીઓને મળતા. મહારાષ્ટ્ર સરકારે આપેલી ઉજ્જડ અને વેરાન જમીન પર ૧૯૮૩માં વિજ્ઞાન આશ્રમની સ્થાપના કરી.

ગામલોકોના સાથ-સહકારથી આશ્રમ બાંધ્યો અને વૃક્ષો વાવ્યાં. એ પછી તેમણે આઠ ધોરણ પછી જે બાળકોએ અભ્યાસ છોડી દીધો હોય તેમના માટે ખેતી, પશુપાલન અને સીવણનો કોર્સ ડિઝાઇન કર્યો. ધીમે ધીમે ડિપ્લોમા ઇન બેઝિક રૂરલ ટેક્નૉલૉજી, ઇન્ટ્રોડક્શન ટુ બેઝિક ટૅક્નૉલૉજી જેવા અભ્યાસક્રમ દાખલ કર્યા. પ્રથમ વર્ષે વિજ્ઞાન આશ્રમમાં અભ્યાસ છોડી દીધેલા એવા ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો. ડૉ. કાલબાગ માનતા કે શિક્ષણ એ માત્ર પુસ્તકોમાં સીમિત થઈ જનારી બાબત નથી. તેમના

દરેક અભ્યાસક્રમનો પાયો નીચેના ચાર સિદ્ધાંતો પર રચાયેલો

૧. કામ કરતાં કરતાં શીખવું ( Learning while doing)

૨. વિવિધ કૌશલ્યની તાલીમ(Multi Skill Traning)

૩. સામુદાયિક સેવા (Community Service)

૪. આંત્રપ્રિન્યોરની તાલીમ (Developing Entrepreneurship)

ટેક્નૉલૉજીનો અનુભવ વિદ્યાર્થીને મળે અને તેને પોતાને કઈ ટેક્નૉલૉજી અને તેને લગતા કૌશલમાં રસ પડે છે તે માટે, વર્ષ દરમિયાન નીચે દર્શાવેલ વિષયોમાં અનુભવ મળે તે પ્રમાણે સમય ફાળવવામાં આવ્યો.

૧. એન્જિનિયરિંગ - ફેબ્રિકેશન, કડિયાકામ, સુથારીકામ, પ્લમ્બિંગ, કૉમ્પ્યૂટર પ્રોસેસિંગ

૨. ઊર્જા અને પર્યાવરણ - ઇલેક્ટ્રિકલ, ડીઝલ એન્જિન, વાયરિંગ, બિનપરંપરાગત ઊર્જા

૩. ખેતી અને પશુપાલન - ખેતી, નર્સરી, મરઘાંઉછેર, ડેરીફાર્મિંગ

૪. આરોગ્ય - ફૂડપ્રોડક્ટ

એન્જિનિયરિંગની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓની ટીમને બહારના અથવા આશ્રમની અંદરના પ્રોજેક્ટનું કામ સોંપવામાં આવ્યું. જેથી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ Hands on Experience મળી શકે. આ કામના મહેનતાણાનો અમુક ભાગ દરેક વિદ્યાર્થી ટીમના સભ્યોને પણ વહેંચવામાં આવે છે, જેથી, વધુ જવાબદારીપૂર્ણ અને કાળજીપૂર્વક કામ થાય.

**ખેતી:**

સંસ્થામાં માટીનાં પરીક્ષણ માટેની અદ્યતન લૅબોરેટરી છે, જેનાથી જમીનની ક્ષતિઓ તેમજ તેમાં જરૂરી પોષક તત્ત્વો અંગે ચોક્કસપણે જાણી તેનો યોગ્ય ઉપાય થઈ શકે. હવામાનને હિસાબે પાક પર શું અસર થાય છે તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવે છે. પાકની રોપણીથી લણણીના સમયગાળા દરમિયાન ડેટા એકત્ર કરીને તેનું પૃથક્કરણ કરવામાં આવે છે. આ પરિણામ પ્રમાણે યોગ્ય પગલાં લેવામાં આવે છે. જેથી પાકને હવામાનના પ્રભાવથી બચાવી સારી ઊપજ મેળવવામાં મદદ થઈ શકે.

પશુપાલન - મરઘાં, ગાય અને બકરીના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ સતત ઉત્પાદન વધે તે માટેની પદ્ધતિઓ વિકસાવી છે.

**ખાદ્યપ્રક્રિયાઃ**

દૂધ અને અન્ય ખેતીવાડીની પેદાશોમાંથી ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરવું અને બજારમાં તેની માંગ વધે તે માટેની તેની બનાવવાની રીત અને પૅકિંગ દ્વારા તેનું મૂલ્ય કેવી રીતે વધારી શકાય તે માટે પણ તાલીમ ઉપલબ્ધ કરવામાં આવે છે.

**સીવણ અને એમ્બ્રૉઇડરીઃ**

અહીં કારખાનાં, સ્કૂલો વગેરેના ગણવેશની સતત માંગ રહે છે. તેથી આ કૌશલ શીખવવામાં આવે તો ખાસ કરીને બહેનો માટે ઘણું ઉપયોગી બની રહે છે. ડૉ.કાલબાગનાં પત્ની મીરાં કાલબાગ, જેને આ વિસ્તારના લોકો 'અમ્મા'ના નામે સંબોધે છે, તેમણે અનેક બહેનોને સીવણ અને એમ્બ્રૉઇડરી શીખવ્યાં હતાં.

લગભગ ચાર દાયકાના સમય દરમિયાન વિજ્ઞાન આશ્રમે આશરે ૭૫૦૦ ડ્રૉપઆઉટ વિદ્યાર્થીના ધૂંધળા ભવિષ્યને ઉજ્જ્વળ બનાવ્યું છે. કેટલાક વિદ્યાર્થીઓની સિદ્ધિઓ નીચે મુજબ વર્ણવી છે :

**Geodesic dome** – આની રચના અને તેને બનાવવાનું કામ આશ્રમના વિદ્યાર્થીઓએ કર્યું છે. ઓછા ખર્ચમાં વધુ સુવિધાવાળું રહેઠાણ જે અલગ અલગ આબોહવામાં સંપૂર્ણપણે રક્ષણ આપે તેવી તેની રચના કરવામાં આવી છે.

**Dome dryer** - ઉપર મુજબનો ડોમ ખેડૂતોના પાકને સૂકવવા માટેની માંગને સંપૂર્ણપણે સંતોષી શકે છે.

હાઇડ્રોપોનિક (**Hydroponic**) અને એક્વાપોનિક્સ (**Aquaponics**) અંગેની ટૅક્નૉલૉજી વિકસાવીને જમીનનો ઉપયોગ કર્યા વગર પાંદડાંવાળાં શાકભાજી,

ઘાસચારો વગેરે ઉગાડવામાં આવે છે. ખેતીવાડી પેદાશોના કચરામાંથી ખાતર બનાવવામાં આવે છે, જેના દ્વારા ટામેટાની ખેતીમાં ૩૪ % સુધીનો વધારો નોંધાયો છે.

૫૦૦થી ૧૦૦૦ ઈંડાંઓને એકસાથે સેવી શકાય તેવા મશીનની શોધ કરેલ છે. અને આ મશીન બજારમાં સારી સંખ્યામાં વેચાય છે. બજારમાં ચોખાને પૉલિશ કરી વેચવામાં આવે છે જેથી તેની પોષણક્ષમતા ઓછી થાય છે. પહેલાના સમયમાં ચોખા હાથે છડવામાં આવતા હતા તેથી તેની પોષણક્ષમતા જળવાઈ રહેતી હતી. આ પ્રકારનું મશીન વિદ્યાર્થીઓએ બનાવ્યું છે. જેની બજારમાં ઘણી માંગ છે અને અત્યાર સુધીમાં તેનાં ૧૫૦થી પણ વધુ મશીન વેચાયાં છે. આવાં ઘણાં ઉદાહરણોથી ગ્રામ્ય વિસ્તારની ઉત્પાદકતા વધે અને ગામડાંઓમાં જ રોજગારીની તકો વધે તે ચોક્કસપણે પુરવાર થયેલું છે.

આ સંસ્થા સાથે અમેરિકાની વિશ્વવિખ્યાત MIT યુનિવર્સિટીનું જોડાણ પણ એક વિશિષ્ટ ઘટના છે. MITના ભૌતિકશાસ્ત્રી ડૉ.નીલ ગેર્શેનફેલ્ડ દિલ્હી આવ્યા હતા ત્યારે વિજ્ઞાન આશ્રમની મુલાકાત લીધી અને તેમના સહયોગથી વિજ્ઞાન આશ્રમમાં ફેબ લેબ અને ફેબ એકેડેમીની સ્થાપના થઈ. ફેબ લૅબ એટલે એવી જગ્યા કે તમે 'ધારેલું ઉપકરણ બનાવી શકો' આ વિચાર સાથે અત્યારે વિશ્વમાં બે હજાર ફેબ લૅબ ચાલે છે. જેમાંની એક વિજ્ઞાન આશ્રમમાં છે. આનાથી વિદ્યાર્થીઓની કોઈ પણ સમસ્યાને ઉકેલવાની આત્મસૂઝમાં નોંધપાત્ર સુધારો થાય છે.

ડૉ. કાલબાગે જ્યારે સંસ્થાનો પાયો નાખ્યો ત્યારથી જ તેમણે તેમની ગેરહાજરીમાં સંસ્થા વધુ ફૂલેફાલે અને તેમનો વિચાર ભારતનાં ખૂણાનાં ગામોમાં પણ પ્રસરે તેનું પણ તેમણે આયોજન કરેલું. ઈ. સ. ૨૦૦૩માં તેમના અવસાન બાદ તેમનાં પત્ની જીવનપર્યંત ત્યાં જ રહ્યાં. આજે યોગેશ કુલકર્ણી એટલા જ ઉત્સાહથી સંસ્થાનું સબળ અને સફળ સંચાલન કરી રહ્યા છે.

સવારે પ્રાર્થનાથી દિવસ શરૂ થાય છે. આખો દિવસ શિસ્તબદ્ધ છતાં આનંદથી બધું શીખવવામાં આવે છે અને સાંજે પંદર મિનિટ ધ્યાન કરવાનું હોય છે. સોમવારે અને શુક્રવારે સાંજે વિવિધ વિષય પર ચર્ચાનું આયોજન થાય છે. સાંજે સાડા પાંચ પછી વિદ્યાર્થીઓ સ્પૉર્ટ્સમાં ભાગ લે છે અને રવિવારે ભેગા મળીને ભજન ગાય છે. ઉત્સવોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરે છે, જેમાં શ્રમદાન અને ટીમવર્કનો મહિમા સમજાય છે. ૨૦૧૭ના પ્રજાસત્તાકદિને આશ્રમના એંશી વિદ્યાર્થીઓએ ગામલોકોની સહાયથી પાબળ બસસ્ટેન્ડની સિકલ-સૂરત બદલી નાખ્યાં. આજે પણ તેઓ તેને 'સર્જિકલ સ્ટ્રાઇક ઑન પાબળ બસસ્ટેન્ડ' કહીને આનંદિત થાય છે.

ગ્રામ્યશાળાઓમાં હાલના અભ્યાસક્રમમાં વિજ્ઞાન આશ્રમના અભ્યાસક્રમનો ઉમેરો યોગ્ય સ્તરે કરવામાં આવે અને આશ્રમના અભ્યાસક્રમની સાથે તેને લગતાં સાધનો આપવામાં આવે તો, ગામના યુવાનોને રોજગારીની તકો ગામમાં જ મળી રહે, આવી વ્યવસ્થા જો ઊભી થાય તો હાલમાં રોજગારી માટે શહેરોમાં થતાં સ્થળાંતરો બંધ થાય અને આમ ઘણી બધી રાષ્ટ્રીય સમસ્યાનો ઉકેલ આવી શકે.

'સાદગીપૂર્ણ જીવન અને શ્રેષ્ઠ વિચારનું આચરણ કરવું' એ પાયા પર રચાયેલ વિજ્ઞાન આશ્રમ એ જ રીતે ચાલે છે. તેમના માટે આ કોઈ સૂત્ર નથી, પરંતુ જીવન જીવવાની શૈલી છે. દરેક પ્રવૃત્તિ અને તેના આયોજન સમયે જ આર્થિક ગણતરી કરવામાં આવે છે અને કરકસરયુક્ત વહીવટ રાખવામાં આવ્યો છે. ૨૦૧૮ સુધી અહીં પંખા પણ નહોતા અને આજે સંસ્થા પાસે પોતાનું વાહન નથી. દરેક સંસાધનોનો ઉપયોગ પણ વિચારપૂર્વક કરવામાં આવે છે.

ઘણા સમયથી વિજ્ઞાન આશ્રમ જોવાની મારી ઇચ્છા હતી તે પૂરી થઈ ત્યારે એ જોઈને અવર્ણનીય આનંદનો અનુભવ થયો. આ જોઈને મારા ચિત્તમાં વિચાર આવ્યો કે મહાત્મા ગાંધીના 'નઈ તાલીમ'ના વિચારો સાથે ડૉ.કાલબાગના સમાજસેવાના વિચારો અને દૃષ્ટિ (vision) કેટલું બધું સામ્ય ધરાવે છે !

સાભારઃ વિશ્વવિહાર

## (૦૨) ખાલી હાથે આવજો, પરંતુ ખાલી હૃદયે ન આવશો...

ગુણવંત શાહ

આપણે એક એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જેમાં માણસે પોતાના એકના એક એવા લાડકા હૃદયની માવજત કરવી પડશે. સહૃદયતા વિનાની સમૃદ્ધિ રાવણત્વની જનેતા છે. ભીના હૃદયના માલિક હોવું એ જ સમૃદ્ધિનું ગૌરીશંકર છે. તાતા, બિરલા કે અંબાણી તો એવા માલિક આગળ ગરીબગુરબાં ગણાય. તમાકુના વિશાળ ખેતરો કરતાં નાનકડો તુલસીક્યારો અધિક મૂલ્યવાન છે. રાવણ પાસે સોનાની લંકા હતી તોય એ ગરીબ હતો. શબરી પાસે કેવળ બોર હતાં તોય એ સમૃદ્ધ હતી. જે માણસના હૃદયમાંથી ઉમકળાએ વિદાય લીધી હોય એવો માણસ સાવ સંવેદનશૂન્ય જણાય છે. તેને કદીય બે પ્રેમ નીતરતી આંખોના કોમળ ઈશારા પજવતા નથી. પ્રત્યેક માણસ ઉમળકાથી છલકાતું હોય એવું બીજુ હૃદય ઝંખે છે. એવું હૃદય હવે હારવાની અણી પર છે.

આજની દુનિયામાં જ્યાં જુઓ ત્યાં ચાલાકીના ચાસ પડતા રહે છે. બધી દુકાનોમાં ચાલાકી વેચાયા કરે છે. બધી ઓફિસોમાં ચાલાકી દળાતી રહે છે. ટેલિફોન પર ચાલાકીથી લથપથ એવા શબ્દો દ્વારા વહેવારની હેરાફેરી થતી રહે છે. ચાલાકીથી થાકેલો આદમી રાત પડે ત્યારે શરાબને શરણે જતો હોય છે. જ્યાં નશો હોય ત્યાં ચાલાકી ગેરહાજર હોય છે. ચાલાકીની ગેરહાજરી માણસને થોડાક કલાકો માટે રાહત આપતી જણાય છે.

માણસની બધી ચાલાકી બીજાને છેતરવામાં વપરાઈ જાય પછી જે ચાપુચપટી ચાલાકી બચે તે લઈને એ મંદિરે પહોંચી જાય છે. મંદિરની દાનપેટીમાં ચાલાક માણસ થોડાક સિક્કા પધરાવે છે. મંદિરનાં પગથિયાં ઊતરતી વખતે એને થાય છે કે ભગવાન હવે ઝાઝી માથાકૂટ નહીં કરે. ખરેખર એમ જ બને છે. દાનપેટીમાં પૂજારીને રસ હોય છે, ભગવાનને નહીં. ભગવાનને દાનપેટીમાં નહીં, હૃદયપેટીમાં રસ હોય છે.

આપણે એવા બૌદ્ધિક ન બનીએ, જેમાં આપણી સંવેદના જ સુકાઈ જાય. ડેનિયલ ગોલમેન પોતાના પુસ્તક 'ઈમોશનલ ઈન્ટેલિજન્સ'માં માણસની ઊર્મિઓનો મહિમા કરે છે. એ ઊર્મિઓનું મંદિર આપણા હૃદયમાં આવેલું છે. ડેનિયલ હૃદયને 'ઈમોશનલ બ્રેન' તરીકે ઓળખાવે છે. કેટલાક માણસો પાસે તેજસ્વી મસ્તિષ્ક હોય છે, પરંતુ સંવેદનશીલ હૃદય નથી હોતું. આવા માણસો બીજું બધું પામે છે, પરંતુ પ્રેમનો પ્રસાદ નથી પામતા. એમના બંગલા પર ચોકીઓ હોય છે. બંગલો ભારે રોનકદાર હોય છે.

ઝીણી નજરે જોઈએ તો બંગલામાં અટવાતી ગરીબી પણ રોનકદાર હોય છે. જે બંગલામાં સંવેદનવૈભવ ન હોય તે બંગલામાં કવિ જઈ શકે ? આવો કોઈ સંવેદનશૂન્ય માણસ જે રોગથી કણસે છે તેને ડેનિયલ ગોલમેન 'ઈમોશનલ ઈલ્લિટરસી' (ઊર્મિની અભણતા) તરીકે ઓળખે છે. કોને ઘરે મહેમાન ન થવું તેની સમજણ કવિઓ, કલાકારો અને કથાકારો પાસે હોવી જોઈએ. દુર્યોધનના મેવા ન ખપે, વિદુરની ભાજી ખપે ! હૃદયધર્મની જાળવણી એ એકવીસમી સદીનું સૌથી મોટું પરાક્રમ હશે.

મનમાં એવો વહેમ પડે છે કે આજનો માણસ સામેવાળાનો ઈરાદો પામી જવામાં સફળ થાય છે, પરંતુ સામેવાળાનું હૃદય પામવાનું ચૂકી જાય છે. ટીવી સિરિયલોમાં સામા માણસના દૂરિત ઈરાદા અંગેની તર્કબદ્ધ અટકળોની

જલેબી તળાતી રહે છે. કલ્પનામાં પણ ન આવે એવો સજ્જન મિત્ર દગો કરે ત્યારે જે હૃદય ભાંગી પડે તે હૃદય ચાલાક માણસનું નથી હોતું. હૃદય ભાંગી પડે તે એટલું તો સાબિત કરે જ છે કે એ માણસને હૃદય હતું ! બિઝનેસની બોલબાલા વધી પડે તે સમાજમાં પૈસા ખાતર થતી દગાબાજી વધી પડે છે.

માનવસંબંધોમાં મીઠાશ ઘટતી જાય અને ગણતરી વધતી જાય ત્યારે માણસની મદદે તમાકુ, શરાબ અને ચરસ આવે છે. શરાબની બદનામી બહુ થઈ છે, પરંતુ એની કરુણતાની કદર થઈ નથી. શરાબ દુઃખભંજક અને પીડાશામક છે. લાગણીની ભૂખ ન સંતોષાય ત્યારે બીજી ભૂખ જાગે છે. સ્નેહની તરસ ન સંતોષાય ત્યારે બીજી તરસ ઊગે છે. ચાલાકીના ચક્રવ્યૂહમાં ઉમળકાનું અગ્નિસ્નાન થતું રહે છે. વ્યસનના મૂળમાં ઉમળકાનું અગ્નિસ્નાન રહેલું છે. ઈશ્વર જેવું કોઈ આશ્વાસન નથી. બીજે નંબરે નશો ! ચાલાક માણસ એટલે એવો માણસ, જેનું હૃદય ખાલીખમ હોય છે.

હૃદય દગો વેઠી શકે, દગો કરી ન શકે. દગો દેવાનું કામ તો હૃદય મસ્તિષ્ક પર છોડી દે છે. કૉમ્પ્યૂટર મસ્તિષ્કને ઝીલવાનું કામ કરે ખરું, પરંતુ હૃદયને સમજવાનું કામ કદી નહીં કરી શકે. મસ્તિષ્ક વિકાસ બહુ થયો, પરંતુ હૃદયની કેળવણી ન થઈ. આજની દુનિયાની ઘણીખરી સમસ્યાઓના મૂળમાં અવિકસિત હૃદયની અતૃપ્ત ઝંખનાનો હાહાકાર વરતાય છે. હૃદય સંકુચિત હોય તે પણ એક પ્રકારનો હૃદયરોગ જ ગણાય. ક્યારેક ઘરના ઝાંપે પાટિયા પર સંદેશા લખવાનું મન થાય છે : 'ખાલી હાથે આવજો, પરંતુ ખાલી હૃદયે ન આવશો. તમારો અને મારો સમય મૂલ્યવાન છે.'

તમે ચાલાકીથી છલકાતું ઉમળકાવિહીન પ્રવચન સાંભળ્યું છે ? પ્રવચન કરનારો યંત્રમાનવ (રોબો) છે કે જીવતોજાગતો મનુષ્ય ? ઘણીવાર મનમાં એક વિચિત્ર પ્રશ્ન થયો છે : બહુમતી કોની ? છેતરનારા લોકોની કે છેતરાઈ જનારા લોકોની ? દગો દેનારા લોકોની સંખ્યા અને દગો પામનારા લોકોની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે તેથી જ સમાજ જીવે છે. સમાજમાં કદી પણ ચોરી કરનારા, ખૂન કરનારા, લૂંટ ચલાવનારા અને આતંક મચાવનારા લોકોની સંખ્યા મોટી નથી હોતી. ગમે તેટલી નિરાશાજનક પરિસ્થિતિમાં પણ આ બાબત ભૂલવા જેવી નથી.

થોમસ પેઈન પોતાના પુસ્તક, 'ધ એજ ઑફ રીઝન'માં વિધાન કરે છેઃ 'મારું મન એ જ મારું ચર્ચ છે.' જો આ વિધાન સાચું હોય તો પછી ચર્ચમાં જવાની જરૂર ખરી ? માણસ મંદિરે કે મસ્જિદે જાય છે અને ત્યાંથી બહાર આવીને પોતાના રોજિંદા કામે લાગી જાય છે. એમાં કશું ખોટું પણ નથી. એના મનની વૃત્તિમાં કોઈ જ ફેર ન પડે ત્યારે થાય છે કે પૂજા કે નમાજ કેવળ વિધિ કે બાહ્યાચાર છે. રોજ આવો વ્યાયામ કરવાથી મનમાં મંદિર નથી રચાતું. દાણચોરની દાણચોરી ચાલુ રહે છે. ઓફિસરનો ભ્રષ્ટાચાર ચાલુ રહે છે. બિલ્ડરની છેતરપિંડી ચાલુ રહે છે. ઈશ્વર લાચાર છે.

ટૅક્નૉલોજી નવા ધર્મનો લેબાસ ધારણ કરીને આપણી સમક્ષ આવી પહોંચી છે. ગણપતિને સ્થાને કૉમ્પ્યૂટર ગોઠવાઈ જાય છે. ટેલિકૉમ્યુનિકેશનને કારણે ભૌતિક અંતરનું મૃત્યુ ( ડેથ ઓફ ડિસ્ટન્સ) શક્ય બન્યું છે. ઈશ્વર સગવડ બનીને પોતાની કૃપા વરસાવી રહ્યા છે. પેઇનકિલરની ગોળી મનુષ્ય માટે પીડાહારિણી માતા બની રહે છે. દુનિયા નાની થતી જાય છે, પરંતુ હૃદયની વિશાળતા વધતી નથી. માણસની લાગણીના પરિઘમાં ક્યારેક માતાપિતા પણ હોતાં નથી !

મોહ્યુદ્દીન ઈબ્ન અરબી કહે છે : મારું હૃદય મંદિર છે. મારું હૃદય મસ્જિદ છે. મારું હૃદય ચર્ચ છે. ભગવાન એટલે જ પ્રેમ. મારું હૃદય પ્રેમનું આસન છે.

ટહુકો
વડોદરું

## (૦૩) બાપુઃ પ્રીતિની સરિતા અને પ્રતીતિનો સાગર

**અરુણ દવે**

ઝેન દર્શન કહે છે કે, 'બુદ્ધપુરુષો નદી જેવા હોય છે. એમના વહેણ હંમેશા નીચાણ તરફ વહે છે.' બાપુનું આ સહજ, સરળ, નિસ્વાર્થ અને વત્સલતાસભર વહેણ સાવ છેવાડે ગામડામાં બેસીને મથામણ કર્યા કરતા અરુણ સુધી ક્યારે પહોંચી ગયું, એની ખબર જ ન રહી ! એટલું બધું સહજ હતું કે એ વહેણ આવ્યાનું ભાન પણ ન રહ્યું. જાણે ભવોભવનો સેતુ પહેલેથી જ હતો. 'રામચરિતમાનસ'માં કહે છે તેમ 'જાનત તુમ્હી તુમ્હી હો જાઈની' જેમ જ બાપુના ચેતના પ્રવાહમાં અરુણ નામનું ઝરણું સહજ સમાહિત થઈ ગયું.

પચ્ચીસેક વર્ષ પહેલાની ઘટના યાદ આવે છે. જયારે મારી નાવ મજધારે હાલકડોલક થઈ હતી ત્યારે મારી નિખાલસતા, નિષ્ઠા અને સત્યથી વેગળા ન થવાની વારસાગત હિમ્મતના કારણે મેં જેમના માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું હોય અને જેમને દિલથી ચાહ્યા હોય તેવાં સ્વજનોથી હું મારી સંસ્થામાં જ એકલો-અટૂલો પડી ગયો હતો ત્યારે વિમલાદીદીમાએ બોલાવીને મને આશ્વાસન આપી સમજાવ્યું કે, 'તને ચાહનારો વર્ગ મોટો છે. વળી, તું તો કૃષિ સાથે જોડાયેલ છો. વૃક્ષને મૂળમાં જ્યાં પાણી પાઈએ ત્યાં જ ફળ કે ફૂલ નથી આવતા, ફળ કે ફૂલ તો દૂર ડાળીએ આવે છે. તું ધીરજ રાખી દઢ મનોબળથી પ્રસન્નતાથી યજ્ઞાર્થે ફરજ બજાવે જા.'

આ ઉપર બીજો વ્રજઘાત એ આવ્યો કે અમારા કાળજા કેરા કટકા સમાન અમારા છ- છ દીકરાઓને મા નર્મદાએ અમારી નજર સામે જ પોતાનામાં સમાવી લીધા, જાણે જીવનમાં બધું જ ખતમ થઈ ગયું ! એક ભયાવહ જડતાભર્યો શૂન્યાવકાશ પ્રસરી ગયો. શાસ્ત્રો એવું કહે છે કે સૂર્યની તાકાત નથી કે પોતે પોતાની હાજરીમાં અંધારું કરી શકે. કારણ કે જ્યાં સૂર્ય હોય ત્યાં અંધારું શક્ય જ નથી. પણ અહીં ખુદ અરુણની હાજરી હોવા છતાં જીવન અંધકારમય બની ગયું. હું જીવવા માટેનો કોઈ આધાર શોધતો હતો. મારી સત્ય, નિષ્ઠા, પ્રમાણિકતા અને સત્કાર્યના બદલામાં મળેલ દુઃખ, પીડા, અભાવાનો ઉકેલ શું ? એવું સતત મનોમંથન ચાલતું હતું ત્યારે 'રામચરિતમાનસ'ની ચોપાઈમાં કહ્યું છે તેમ,

'જબ દ્રવે દીનદયાળુ રાઘવ, તબ સાધુ સંગતિ પાઈએ'થી જ સધિયારો મળ્યો હોય તેમ બાપુના સહજ સાનિધ્યનો ચેતનવંતો સંસ્પર્શ હું પામ્યો.

પ્રારંભ કાળે તો કોઈ આયોજન, કોઈ આમંત્રણ કે કોઈ અપેક્ષા પણ નહીં, માત્ર એક અજાણી, અગમ્ય તરસ. આ તરસ મને તલગાજરડા લઈ ગઈ. બાપુનું આ સહજ સાન્નિધ્ય મારા આંસુરૂપે જ વહ્યા કર્યું. જ્યાં કહેવાનું ઓછું અને સમજવાનું વધારે થતું ગયું. શરૂઆતમાં તો શબ્દ, કથા, ભાવસંપદા અને બાપુના વાત્સલ્યની અનુભૂતિ થઈ. પરંતુ સમય જતાં હું તો મારી જાતને જ સાંભળવા-ઓળખવા લાગ્યો. બાપુની નિશ્રાએ મને બહારના જગતથી ભીતર લઈ જવાનું શરૂ કર્યું. કથાશ્રવણથી થયેલી વિશ્રામની અનુભૂતિએ મને બાપુકૃપાનું સ્મરણ થતું રહ્યું.

ધીમે ધીમે એવું બનતું ગયું કે મારા વ્યક્તિગત અને લોકભારતીના કામની વ્યસ્તતા વચ્ચે જયારે જયારે થાક, નિરાશા, મુંઝવણ કે દીકરાઓનો ખાલીપો ઘેરી વળે ત્યારે ત્યારે હું તલગાજરડા ઉપડી જાઉં છું.

બાપુ પ્રત્યક્ષ હાજર હોય કે ન હોય તેના હીંચકા પાસે જઈ હનુમાનદાદાની નિશ્રામાં ચૂપચાપ રડી લઉં. કોણ જાણે

કેમ, પણ એ હીંચકો જાણે બધું જ સાંભળે અને બાપુ સાથે ભીતરનો લય જોડી આપે. અનેકવાર આવી રીતે બાપુ સામે આંખમાં આંસુ આવે જ, પીડા ઓછી થતી કળાય જાણે કે બાપુની સંમુખ બેસતા જ માતાના ખોળામાં બેસી ગયા હોઈએ એવી અનુભૂતિ થાય. આજ સુધી બાપુએ ક્યારેય રડવાનું કારણ પૂછ્યું-જાણ્યું નથી. તેઓએ દરેક વખતે નિતાંત પ્રેમ જ આપ્યો છે. જેમ દરેક સરિતા એની આસપાસ જીવનનો સંચાર કરતી હોય છે એમ બાપુ પણ મારાં જેવા લાખ્ખો લોકોના જીવનમાં વસંત બનીને આવ્યા છે. વિમલાદીદીમા સાચા ઠર્યા, તલગાજરડી તળેટીમાં સૌરભસભર ‘અરુણ ફ્લાવર’ ખીલ્યું.

મારી આ આનંદયાત્રામાં જેમની સાથે ત્રણ-ત્રણ પેઢીથી પારિવારીક સંબંધ રહ્યો છે. આ સમયે શ્રી જયદેવભાઈ માંકડનું સ્મરણ સહજ આવી જાય છે.

હું મૂળથી જ વિજ્ઞાનનો વિધાર્થી. પ્રશ્નો સાથે જીવનને જોવાનો સ્વભાવ. બધું સમજવા માગતો, બધું તોલવા માગતો. પરંતુ બાપુના સાન્નિધ્યએ એક વાત સ્પષ્ટ સમજાઈ કે, જીવન સમજવાથી નહીં, સ્વીકારથી હળવું બને છે. અને ધીમે ધીમે એ જ સ્વીકાર મારી સાધના બનતો ગયો. સ્વીકાર વધતો ગયો એમ એમ હૃદય વિસ્તરતું ગયું. જેમ નાના નાના ઝરણાઓ સરિતાના વિસ્તરતા પટમાં એકાકાર થાય એમ હું પણ બાપુની પ્રીતિધારામાં સહર્ષ ઓગળવા લાગ્યો. ઝરણાનું નદીમાં ભળવું એ ઝરણાની ઓળખ ભૂંસી નથી નાખતું પણ એને વ્યાપક ઓળખ આપે છે. તેમ બાપુની પ્રીતિ મેળવીને હું હળવો થતો થતો, વિરાટમાં વિહરતો થયો. પુનઃ મને મારું જીવન ઊર્જાવાન થતું લાગ્યું.

લોકભારતી શિક્ષણપ્રણાલીના બીજને સાચવવા વર્ષોના મનોમંથન પછી નાછૂટકે લોકભારતીના અસ્તિત્વને સાચવી લેવા લોકભારતી યુનિવર્સિટી શરૂ કરી. અસાધારણ આર્થિક ભીસમાં ભીંસાયો, હવે શું થાય ? કેમ કરવું એ વિચારતો હતો ત્યારે સહજ રીતે જ માહ્યલાએ બાપુની બાંગ પોકારી. બીજે જ દિવસે અમેરિકાથી કથાનું સમાપન કરી મુંબઈ-ભાવનગર થઈ બાપુ સીધા લોકભારતી પધાર્યા. હીંચકે હીંચકતા સહજ લોકભારતી માટે કથા જાહેર કરી. જાણે નરસૈયાનો સ્વામી શામળિયો સામેથી દુઃખ ભાંગવા આવ્યાનો ઘાટ રચાયો. આજે પણ વિચારું છું- મારાં અંતરનો મુંજારો ત્યાં દૂર અમેરિકા બેઠા બેઠા બાપુએ કેવી રીતે સાંભળ્યો હશે ? એ ક્ષણ યાદ આવે ત્યારે હું પ્રીતિ અને પ્રતીતિથી છલકાઈ જાઉં છું.

બાપુ જ્યારે જ્યારે લોકભારતી આવે ત્યારે એક પ્રશ્ન અચૂક પૂછે, ‘સંસ્થામાં બધું જ બરાબર છે ને ? સંસ્થા પરિવાર ક્ષેમકુશળ છે ને ?’ આ પ્રશ્ન ક્યારેય ઔપચારિક અનુભવાયો નથી.

બાપુની અને મારી એક લેણ-દેણ સેંજળધામની પણ ખરી. મારા દાદા-પરદાદાઓએ સેંજળમાં લોટ માંગીને ગુજરાન ચલાવેલું અને બાપુના પરિવારે પણ સેંજળની માટીને ભક્તિના ભેજથી ભજન સુધી પહોંચાડી છે. આ સેંજળપ્રીતિ અમારી પ્રતીતિના પિંડનું મોણ બની રહી છે.

ઇઝરાયેલ અને નોર્વે કથા યોજાઈ રહી છે તે જાણેલું ત્યારે તે દેશના અભ્યાસ-જીજ્ઞાસા સંદર્ભે મન થઈ આવ્યું કે જવાય તો સારું... બંને વખતે આવેલ વિચારના બીજા જ દિવસે બાપુના ફોન આવેલા કે આ વખતે તમે આવો, અર્ચનાબહેને પણ સાથે આવવાનું છે. અમારા જીવનની આવી અનેક ઘડીઓ રળિયામણી કરનાર બાપુ અમારા પરિવારનું મોજ - જનરેટર છે.

નોર્વેની કથાનો પ્રસંગ આજે પણ મનમાં તાજો છે. ત્યાં હું અચાનક બીમાર પડી ગયો. કથામાં એક દિવસ હાજર ન રહ્યો. બાપુએ મને ન જોયો અને તરત પૂછાવ્યું, ‘અરુણભાઈ કેમ નથી ?’ સેંકડો શ્રોતાઓ વચ્ચે મારું ન હોવું એમને દેખાયું. એમાં મારું કોઈ વિશેષ મહત્ત્વ નથી; એ તો બાપુના નીચાણવાળા પ્રીતિ વહેણનું સ્વરૂપ છે.

હું જ્યાં આરામ કરતો હતો ત્યાં બાપુ પોતે આવ્યા. પોતાના ભોજનમાંથી રોટલો મને ખવડાવ્યો. એ રોટલાનો ઓડકાર મને સીધો બાળપણમાં લઈ ગયો- જ્યાં મારી મા

મને રોટલો ખવડાવતી. એક જ ક્ષણમાં બાપુએ મારી દિવંગત માને મારી સામે જીવંત કરી દીધી. એ અનુભવ કોઈ શબ્દમાં બંધાઈ શકે એવો નથી. મારું ખોળિયું અને આત્મા બન્ને તંદુરસ્ત થઈ ગયા. બાપુ મારા માટે અધ્યાત્મિક અનુભૂતિ છે, મારો ભરોસો છે.

એથી જ મીરાંબાઈની પંક્તિ બાપુ માટે સહજ રીતે મનમાં આવી જાય છેઃ

'તુમ ભયે તરુવર, મૈં ભઈ પંખિયા,
તુમ ભયે સરોવર, મૈં તેરી મછિયા.'

આ સંબંધમાં ક્યાંય ચમત્કાર નથી, સહજ પ્રીતિ છે. આ તો નીચાણ તરફ વહેતી કરુણા છે, જે કરુણાની છાલક મને ભીંજવે છે અને એજ ભીનાશ મારી પ્રતીતિ પણ છે. મારી બાપુ પ્રત્યેની પ્રીતિ શબ્દોમાં તો કેમ વર્ણવું ? આ પ્રીતિના વર્ણનમાં શબ્દો તો અસમર્થ જ રહેવાના. મારો ભાવ તો કૃષ્ણદીવાની મીરાંબાઈ જેવો છેઃ 'જાણે મારી છાતી રે...'

બાપુના ચેતનાના પ્રવાહમાં ઓગળી જઈ, તેમને શ્વસીને સત્ય, પ્રેમ,કરુણા આધારિત નિજાનંદી સતકર્મો કરવાનો મનોરથ છે.

**આખું જીવન પરમ તરફની યાત્રા છે.**

જીવન પાસે સૌને એક સાથે આપી શકાય તેવો અર્થ-હેતુ નથી. પણ હા, વ્યકિતગત રીતે દરેક પોતાની ક્ષમતા-શકયતા પ્રમાણે અર્થ શોધી શકે, સર્જી શકે તેટલો અવકાશ આપ્યો છે. જીવન તો એક તટસ્થ અવસર છે. તેમાં હસો કે રડો,લડો કે મૈત્રી કરો એ આપણી પસંદગી છે. કમનસીબે આપણું જીવન,સમય અને સ્થિતિને હાથવગી કરવાના પેંતરા અને પ્રયાસોમાં એટલું વ્યસ્ત છે કે કશું ચૈતન્યને ઉઘાડે તેવું બનતું નથી. જીવનમાં જીવનથી ભીંજાયા વિના જીવન-નદી ઓળંગવાનું વ્યર્થ છે. જીવન એટલે શિખર ઉપર હોઈએ ત્યારે ખીણની તૈયારી અને પરોઢના અંધકારમાં સૂર્યોદયની તૈયારી.

જીવન એટલે પ્રેમ-મૈત્રીની અંતહીન યાત્રા. જીવન એટલે 'સ્વ'ને હોમીને 'સ્વ'ને પામવાનો અથાક યોગ. જીવન કયારેય ન ખત્મ થતી ઉડાન છે. ચાલ ઊડીએ...આકાશને પાછળ રાખી દઈએ. જીવન માટેની સાધના એ ભાગ્યે જ આકાર લેતી ઘટના છે. 'જીવનયાત્રી' અને 'પરમયાત્રી' એ બંને પર્યાયવાચી શબ્દો છે. કમનસીબે 'યાત્રી' પાસે સરસામાન ખૂબ છે.

ખરું જીવન કોઈ વિચાર શાસ્ત્ર, સિદ્ધાંત, તત્ત્વજ્ઞાન, સૂત્ર, મંત્ર નથી પણ ઘટનાઓ, પ્રસંગો, કૃત્યો, પ્રયોગો છે. જીવન એટલે ક્ષણેક્ષણ કે નિરંતર દીક્ષિત થવાનું અનુષ્ઠાન. જીવન એટલે અંતહીન સંભાવનાઓ, અલૌકિક શકયતાઓ અને અઢળક ક્ષમતાઓ. જીવનસાધના એટલે એકાદ શબ્દ કે વિચારજયોતની પાવક અભિપ્સા અને પ્રતીક્ષા. થોડાક બાહ્ય અને થોડાક અંતર પ્રકાશે જીવનગ્રંથ વાંચવાનો હોય છે. જીવન એટલે માત્ર ધ્યાન, મૌન, યોગ, વિચાર નહીં પણ નાચવું, ગાવું, હસવું, મસ્તી કરવી. જીવન એટલે સૃષ્ટિની બૃહત્તર સત્તા સાથે આપણી અખંડતા સમજવાની અને પામવાની એક પાવક ક્ષણ. જીવન એટલે તક. આ તકનો ખરો ઉપયોગ આંતરવિકાસમાં રહેલો છે.

આખી જીવનયાત્રાને અંશની સમગ્ર માટેની શોધયાત્રા ગણવી. જીવન પ્રત્યેની આસકિત જ જીવનને શાશ્વતી આપે છે. જીવન એટલે પવિત્રતા, સાર્થકતા,સાત્ત્વિકતા, પ્રતિબદ્ધતા જેવા વાદ્યો થકી રચાયેલું સંગીત. જીવન એટલે એક અનુભવ કરી લેવાની તક કે સૃષ્ટિની બૃહતર સત્તા સાથે આપણો અખંડ સંબંધ છે. પણ આપણે મનથી મનને પકડવાની અને સમજવાની અર્થહીન અને અંતહીન પ્રવૃત્તિમાં જ જીવનની સાંજ પાડીએ છીએ.

**- સુભાષ ભટ્ટ**

# (૦૪) ભાગ-૨ પ્રેરણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટ

ડૉ. મનહર ઠાકર

મૂળશંકરભાઈમાં કદી સૂક્ષ્મપણે પણ ઈર્ષ્યા કે હરીફાઈનો ભાવ પ્રવેશ્યો ન હતો. સહકાર્યકારો વચ્ચે કેવો સંબંધ હોવો ઘટે તેનો આદર્શ નમૂનો તેમનો નિખાલસ સ્નેહ-સહકારભર્યો સંબંધ હતો. શિક્ષણના વ્યાવસાયિકો માટે આ પ્રેરણા લેવા જેવી બાબત છે. તેમનામાં રહેલો 'ઉત્તમ શિક્ષક' પોતાની જાતને મહત્ત્વ આપતો નથી. પણ મહત્ત્વ તો વિદ્યાર્થીના વિકસતા, ખીલતા વ્યક્તિત્વને આપે છે. તે પણ અનાગ્રહથી, તેને બિનશરતી હૂંફ આપીને. આ ભાવનાને આપણે ચરિતાર્થ કરીએ તો આપણું શિક્ષણ દારિદ્રય ઓછું થાય.

તેમને જીવનનાં પ્રત્યેક પરિમાણમાં ઊંડો રસ હતો. સમાજકારણ, અર્થકારણ, રાજકારણ એમ અનેક ક્ષેત્રોમાં તેઓ જાણકારી ધરાવતા અને ચર્ચા કરી શકતા. પણ આ સર્વની પાછળ એમનામાં રહેલો શિક્ષકનો જીવ સહેજે તરી આવતો. કોઈપણ વિષયની સરળ અને છતાં તલસ્પર્શી રજૂઆત તેમને સ્વતઃ સિદ્ધ હતી. કારણ કે પોતે હંમેશા વિચારમાં મગ્ન રહેતા અને પલટાતા સમાજનાં પરિવર્તનો વિશે સતત ચિન્તન કરતા રહેતા. તેઓ સરળ રીતે, ખૂબ તલ્લીનતાથી, હળવાશથી ભણાવતા. તેમના વ્યાખ્યાનમાં એવી તો તાકાત હતી કે જાણે કે આજુબાજુની દુનિયા જ વિસરાઈ જાય. ત્યાંથી ઊઠવાની ઇચ્છા જ ન થાય. છતાં સાંભળવાથી ધરવ પણ ન થાય. સ્થળ, સમયનું ભાન ન રહે તેવા એકરસ-એકરૂપ થઈ જવાય. તેમનાં વ્યાખ્યાનોમાંથી પડઘાતા શબ્દોઃ 'કોઈપણ જટિલ પ્રશ્નનો ઉકેલ પ્રેમની ચાવીએ શોધજો. ઉકેલ અવશ્ય મળશે. શિક્ષકનો પ્રેમ ઝમી ઝમીને વિદ્યાર્થીના હૃદયના કણેકણમાં વ્યાપે ત્યારે જ સાચી કેળવણી થશે.' વારંવાર પડઘાતા શબ્દોમાં 'ભાઈ' કહેતા, 'સદાચાર એ જીવનવ્યવહારનું લાવણ્ય છે.'

'ભાઈ' વિદ્યાના સાચા ઉપાસક હતા. જેમ વૃક્ષ પોતાનાં મૂળ મારફત પોષણ મેળવીને ફળ, ફૂળ અને પાન બનાવીને સમાજને સમર્પે છે, તેમ ભાઈએ ઊંડી લગનથી વિદ્યાની ઉપાસના કરી અને તે સમાજને સમર્પિત કરી હતી. તેમનામાં શિક્ષક તરીકેના અનેક ગુણો સમાયેલા હતા. તેથી તેમનો આત્મા અને તેમનું હૃદય સૌંદર્યથી ઝળહળી ઊઠતાં હતા. ઘણાં વર્ષોનાં તપ પછી તેઓ ઉત્તમ શિક્ષકનું મહાન બિરુદ પામ્યા હતા. જેમ ફળ પરથી ઝાડની પરખ થાય છે, તેમ વિદ્યાર્થી પરથી શિક્ષકની પરખ થાય છે. તેમના વિદ્યાર્થીઓ સાચી કેળવણી પામીને ઉત્તમ શિક્ષક, ઉત્તમ સમાજસેવક અને ઉત્તમ રાજનીતિજ્ઞ બન્યા છે. ભાઈને વિદ્યાર્થીઓનો સ્નેહ અને આદર જેટલા મળ્યાં, તેટલાં બહુ ઓછા શિક્ષકોને મળ્યાં હશે. હાથે ધોયેલાં છતાં ગળી કે ઈસ્ત્રી વગરના ખાદીનો ઝભ્ભો તથા ટૂંકી ધોતી, ભાઈ પહેરતા. મોટાભાગે ઉઘાડા પગે; માથે એકદમ ટૂંકા વાળ અને તે પણ તેલ વગરના, નાનામાં નાની બાબતો પર ઝીણામાં ઝીણી નજરે ધ્યાન રાખનાર એક અદના આદમી, જેમની આંખોમાં અમી, અંતરમાં શ્રદ્ધા, દિલમાં દરિયાપણું અને ચહેરે ગંભીર છતાં સ્મિતભર્યા અને વાતે પ્રેમાળ એવા આ સૌના ભાઈ પ્રેરણામૂર્તિ શિક્ષક છે.

'ભાઈ' વ્યક્તિઓનાં હૈયામાં ગૃહપતિ, આચાર્ય, સંગીતકાર, શિક્ષક, શિક્ષણચિંતક સાહિત્યકાર, અનુવાદક કે ચરિત્રલેખક તરીકે વિશિષ્ટ સ્થાન મેળવી ચૂક્યા. ખરા અર્થમાં આચાર્ય તથા જંગમ વિદ્યાપીઠ સમા 'ભાઈ'ના લાંબા કે ટૂંકા સંપર્કમાં આવેલ કોઈપણ વ્યક્તિ તેમને ભૂલી શકતી નહીં. એક વખત લોકભારતી-સણોસરા ખાતે યોજાયેલ નઈ તાલીમ સંમેલનના અધ્યક્ષ, તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ બીરાજમાન હતા. ત્યારે નાનાભાઈએ સંસ્થાનો પરિચય આપતી વખતે 'ભાઈ'ને મંચ પર ઉપર બોલાવી. તેમને ધીરે ધીરે બધી બાજુ એમ ચક્કર ફેરવીને તેમની પીઠના ભાગે ઝભ્ભા ઉપર મારેલું નાનકડું થીંગડું

બતાવીને, લોકભારતી કૃષિ મહાવિદ્યાલયના આચાર્યની તથા સંસ્થાની સાદાઈથી બધાને પરિચિત કરાવેલા. આવા શિક્ષક પાસેથી શીલ અને સદાચારના મહાન ગુણો પ્રાપ્ત થઈ શકે છે. જે પોતાનાં જીવન દ્વારા અને પોતાની વિદ્યા દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન કરતા હતા. પોતે સાહસિક અને નીડર હતા. 'ભાઈ' છાત્રાલયને કેળણીનું જીવંત, અખંડ અને અજોડ માધ્યમ માનતા હતા. તેમના મતે સાચો ગૃહપતિ-શિક્ષક પ્રશ્નોની ગંધ પારખતો હોય, અને તેને કેળવણીનું રૂપ આપવા આતુર-સજ્જ હોય. પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે તેમાંથી જીવનઘડતર કરતું કોઈ મૂલ્ય તારવવા-પારખવાનો કીમિયો કરવો તેનું નામ પોતે કેળવણી ગણતા. જીવનની ક્ષણે ક્ષણ કેળવણીની છે, તેમ સંસ્થામાં પણ ક્ષણે ક્ષણ કેળવણીની જ હોય છે. કેવળ વ્યવસ્થા સાચવવા માટે નહીં, કેળવણી માટે જ સંસ્થાના નિયમો, ધોરણો, શિસ્તાગ્રહ વગેરે હોય છે. 'ભાઈ' આ વિચારોને ચરિતાર્થ કરતા હતા.

'ભાઈ'એ ગૃહપતિ-શિક્ષકના કામને શાસ્ત્ર-ધર્મમાંથી ઉઠાવીને કલાનું સ્વરૂપ આપ્યું. આ કામમાં તેમની સફળતાનું રહસ્ય પોતાની સ્વાભાવિક અને ગહન વત્સલતામાં હતું. તેમની વત્સલતા રાગવિહીન ન હતી, સાર્વત્રિક હતી. કારણ કે તેમને માનવમાં રસ હતો, જીવમાત્રમાં રસ હતો. તેમનો અભિગમ નિર્ભેળ કેળવણીનો હતો. જેમ પાણીને કોઈ રંગ નથી હોતો તેમ ભાઈના આ અભિગમને કોઈ રંગ નહોતો. તેમના અભિગમને માનવકેન્દ્રી કહી શકાય. તેઓ કેવળ શિક્ષક હતા ને વિદ્યાર્થીને કોઈપણ દીક્ષા આપ્યા વગર તેને ઘડવા-ખીલવા દેવો એ તેમનું લક્ષ્ય હતું. પોતે ગંભીર ને ઓછા બોલા, પણ કર્મના મર્મની સૂઝ ભારે ! 'આપણે આપણો ધર્મ સંભાળવો, કર્મનો મર્મ લેવો વિચારી'- ભક્તકવિ નરસિંહ મહેતાની આ પંક્તિ તેમણે ચરિતાર્થ કરેલી. ભાઈનું મૂળભૂત વ્યક્તિત્વ એક નિર્દંભ માનવતાવાદી તેમજ ઉન્નતલક્ષી માનવનું હતું. આથી તેમનામાં દંભ, પ્રદર્શનપ્રવૃત્તિ, છીછરાપણાનો અભાવ હતો. સહજ ઉપયોગિતા તેમજ સર્જ્ઞતાનો આવિષ્કાર તેમાં જોવા મળતો. તેમનું વ્યક્તિત્વ નિર્મળ અને સાત્ત્વિક હતું. તેમાં પોતાની આગવી કોઠાસૂઝ તથા જીવનને સમગ્રપણે જોવાની માન્યતા-દષ્ટિ સહાયક બનેલાં. નાનાભાઈને મૂળશંકરભાઈ પર આખરી શ્રદ્ધા. સંસ્થાગત કોઈ મુદ્દો હોય તો આખરી નિર્ણય આપ્યા પછી પણ કહે, 'આ બાબત શૈક્ષણિક દષ્ટિએ બરાબર છે કે નહીં તે મૂળશંકરભાઈને પૂછો.'

'ભાઈ'નું માનસશાસ્ત્રનું અધ્યયન, અર્થઘટન અને અધ્યાપન સંશ્લેષણાત્મક અને વિધાયક હતા. હકીકતે તો કેળવણી, સાહિત્ય, સંગીત, મનોવિજ્ઞાન, આયુર્વેદ એ બધાં પ્રત્યેનો તેમનો અભિગમ-ભારતીય પરંપરા પ્રમાણે-સંશ્લેષણાત્મક અને વિધાયક હતો. તેમની ઉન્નતિનું એ જ કારણ હશે. તેમની મૌલિકતા-એકલક્ષિતા અદ્‌ભુત હતી. કારણ કે વિદ્યાર્થીને અભય, સ્વાતંત્ર્ય અને પ્રેમ આપી તેનું ઘડતર કરનાર, તેને જાતે જ ખીલવવાનું વાતાવરણ સર્જનાર 'ભાઈ' મૌલિક અને એકલક્ષી હતા. માનવતાના શિખરે પહોંચવા સારુ, પરમતત્ત્વ સુધી પહોંચવા સારુ પોતે શિક્ષકધર્મ સ્વીકારેલો ને તેને જ વફાદાર રહી ગૃહપતિ અને શિક્ષકત્વને કલાની કક્ષાએ પહોંચાડ્યું. નાનાભાઈના શબ્દોમાં કહીએ તો, 'આચાર્ય તો મૂળશંકરભાઈ જ - બીજાને એ વિશેષણ ન અપાય - આચાર્ય એટલે જેમનો આચાર-વ્યવહાર અનુકરણીય-અનુસરણીય છે તે.

આધુનિક ગુજરાતમાં ગુરુપદના અધિકારી થોડાક જ હશે. 'ભાઈ' તેમાંના એક હતા. શિક્ષકનું કામ તો અભ્યાસક્રમ પૂરો કરવાનું છે, જ્યારે ગૃહપતિનું કામ જીવનનો અભ્યાસ કરાવવાનું છે. ભાઈએ આ બન્ને કામને પ્રેરક, નિર્ભેળ અને અખંડ સ્વરૂપે પ્રાચીનકાળના ઋષિની પેઠે આત્મસાત્ કરેલ. અન્યની છાંયામાં ઢંકાયા વિના તેમણે સ્વકીય પ્રતિભા વડે એક આદર્શ શિક્ષક અને ગૃહપતિની ગરિમા પ્રસ્થાપિત કરી બતાવી. જે ગુજરાત માટે દષ્ટાંતરૂપ બની ગઈ. જીવનમાં તદ્દન સાદગી, વ્યસન તો ક્યાંથી સંભવે? તેમની પાસે શિક્ષણની એક ચોક્કસ દષ્ટિ હતી. શિક્ષણ અંગેનું એમનું ચિન્તન પણ ઘણું ઊંડું. તેઓ શિક્ષણના આજીવન ભેખધારી, ગૃહપતિ-શિક્ષક બની રહ્યા. આપણા સમાજમાં શિક્ષકને પ્રતિષ્ઠા કેમ નથી, એ વિષે તેમણે લખ્યું છે, 'આજે એવું જોવા મળે છે કે સમાજમાં શિક્ષકની પ્રતિષ્ઠા નથી ને શિક્ષકમાં પોતાના કામની નિષ્ઠા નથી. શિક્ષકને પોતાની જવાબદારીનું ભાન હોવું ઘટે. ગૌરવ વગરની

જવાબદારી કેવી હોઈ શકે ? જેમાં એક ટકો અધિકાર અને સો ટકા જવાબદારી, એ શિક્ષક !'

એમના વિચારોમાં તત્ત્વ અને તાલનો મેળ થવા પામ્યો હતો. તરુણ-તરુણીઓના માનસ ઘડતરનું કામ સફળતાપૂર્વક પાર પાડનાર 'ભાઈ'એ શિશુ અવસ્થાનાં લક્ષણો, સમસ્યા, ઉકેલ અંગે પણ ઊંડું ચિન્તન કરેલું જણાયું હતું. પુખ્ત વયની વ્યક્તિની વર્તન સમસ્યાના મૂળ તો શૈશવમાં જ ઊગે છે. જે અનુભવો-સંસ્કાર બાળવયે આપવાના થાય તે આપીને પુખ્ત નાગરિક ઘડવાની વાત 'ભાઈ'ના મનમાં બરાબર ગોઠવાયેલી હતી. આ માટે તો તેમણે શિશુની નજરે અને પોતાના અનુભવે અવલોકન કરી, સિદ્ધાંતો તારવ્યા અને વ્યવહારમાં મૂક્યા. આ માટે કોઈ પરિભાષા પ્રયોજ્યા વિના પોતાના આચરણ અને અનુભવથી બનેલી પોતાની ભાષામાં એ વ્યક્ત કર્યું. બાળકોની વર્તન સમસ્યાનાં મૂળ માવતરમાં હોવાનું એમણે શોધી કાઢ્યું. એમના મતે બાળક જ જગતમાં પ્રવેશ કરતાં પહેલાં સેવાવું જોઈએ; તેને સમાજમાં જવા તૈયાર કરવું જોઈએ; તેને ઘરમાં વિકાસાત્મક પ્રવૃત્તિઓ આપવી જોઈએ.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં સૂચિત આત્મતત્ત્વની સંકલ્પનાનું મૂલ્ય એમણે પિછાણ્યું. ચિત્ત દ્વારા ચિત્રની ખોજ કરવા જતાં, તેમને માનસિક સ્વાસ્થ્યના ધ્યેયની ઝાંખી થઈ અને તે માટેનો માર્ગ શોધતા શ્રીમદ્‌ભગવદગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો - એમને મન 'નોર્મલ' ચિત્તનાં લક્ષણો જણાય છે. મનોવિજ્ઞાનના અભ્યાસે પોતે સ્વસુધારણા તરફ વળેલા, પણ પોતાની વિવેકશક્તિએ ફ્રોઈડની અસરથી મુક્ત રહ્યા. એમણે પોતાને 'કેળવણીકાર' તરીકે નહીં, 'શિક્ષક' તરીકે ઓળખાવવાનું પસંદ કરેલું અને શિક્ષક હોવામાં જ હંમેશાં ગૌરવ માનેલું. જાગૃતિપૂર્વક પોતાનું શિક્ષક તરીકે ઘડતર કર્યું. શિક્ષકત્વની સંપ્રાપ્તિ માટે પોતાનું સઘળું સામર્થ્ય સમર્પી દીધુ હતું. એક શિક્ષક તરીકે તેમણે કેટલીક નિષ્ઠાઓ દ્રઢ કરી હતી અને તેના વડે પોતાનાં અંતઃકરણને સતત પોષ્યું હતું. આ નિષ્ઠાઓ : માનવનિષ્ઠા, સમાજનિષ્ઠા અને પ્રેમનિષ્ઠા હતી. છતાં પોતે ગરવાઈથી કહેતા, 'વિદ્યાર્થીઓ પાસેથી મને જે કંઈ મળ્યું છે, તે તો મારું ગુપ્ત ધન છે.'

વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવા તરફ તેમનો ઝોક હતો. એમણે વિદ્યાર્થીઓને જાણકારી-માહિતી જ આપી દીધી ન હતી, પણ સંવેદના અને સમીક્ષા સાથે સંસ્કૃતિનું તેમનામાં સંક્રમણ કર્યું હતું. કેળવણીકાર તરીકે ઓળખાવવાની એમની અનિચ્છા છતાં એમની પ્રતિભા તો કેળવણીકાર તરીકેની સર્વસ્વીકાર્ય જ રહી છે. શિક્ષક-વિદ્યાર્થી સંબંધ અંગેનું ચિન્તન એમના અનુભવમાંથી પ્રગટ થયું હતું. એમના મતે શિક્ષકનું કામ પ્રેમનાં માધ્યમ દ્વારા વિદ્યાર્થીમાં વિવેક (જ્ઞાન) જગાવવાનું છે. આ માટે તેમને વસ્તુલક્ષી નિર્ણય કરવાની તાલીમ આપવા પર એમણે ભાર મૂક્યો છે. મૂળશંકરભાઈના મતે શિક્ષક થવા ઇચ્છનારને આ વ્યવસાયમાં 'મૌલિક' રસ હોવો જોઈએ. તેનામાં જિજ્ઞાસા, મિલનસારપણું, મનોશારીરિક સ્ફૂર્તિ, વિદ્યાર્થીના જીવનમાં રસ અને કહેવું હોય તે રસમય ઢબે રજૂ કરવાની આવડત હોવી જરૂરી છે. તેમના મતે આ બધું કેળવી શકાય છે. મૂળશંકરભાઈ એમની શિક્ષણ સંબંધી રજૂઆતો કેવળ સૈદ્ધાંતિક નહોતી; એમના અનુભવની નીપજ હતી અને તેથી જ એમણે શિક્ષણના ક્ષેત્રમાં અનાયાસ મૌલિક પ્રદાન કર્યું. આ રીતે મૌલિક પ્રદાન કરનાર જ કેળવણીકાર ગણાય તેમણે શિક્ષણને સંસ્કૃતિનું સંરક્ષણ માન્યું. તેમણે ભૌતિક સમૃદ્ધિ અને આંતર સમૃદ્ધિ વચ્ચે સમતુલા કેળવવા પર ભાર મૂક્યો હતો. એટલે 'વિજ્ઞાન' અને 'અધ્યાત્મ' બંનેનો સુમેળ કરવાનું કળા-કૌશલ વિદ્યાર્થીઓમાં વિકસે તેવા અધ્યયન અનુભવો આપવા એમ તેમણે સ્વીકાર્યું હતું. તેમના મતે નિરીક્ષણ, ચિન્તન અને અર્થશોધન-આ ત્રણ શિક્ષણ પ્રક્રિયાનાં મહત્ત્વનાં સોપાનો હતાં. પૂરતી રચનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરીને વિદ્યાર્થીઓની ગેરશિસ્ત દૂર કરવાનું તેમનું સૂચન હતું. પરીક્ષાકેન્દ્રી ભણતરનો ઉપક્રમ જ ગેરશિસ્તના મૂળમાં હોવાનું તેમને જણાયું હતું. એટલે જ ઓપનબુક એક્ઝામના સફળ પ્રયોગો એમણે કરેલા. પોતે પરીક્ષા પદ્ધતિમાં ધરમૂળ ફેરફાર ઇચ્છતા હતા. તેમના પ્રયોગોમાં શિક્ષક-વિદ્યાર્થીના પ્રેમને પ્રતાપે પરીક્ષામાં પૂરી પ્રમાણિકતા જળવાતી-સચવાતી હતી. તેમના મતે કેળવણીનું કાર્ય ચિત્તને દૂષિત કરનાર તત્ત્વો પર કાબૂ મેળવવા માટે જરૂરી સંકલ્પો અને અભિગમો કેળવવાનું છે.

મો. ૯૪૨૬૮૫૧૨૯૦

ક્રમશઃ

## (૦૫) પ્રાર્થના અને મહાત્મા ગાંધી

**સોનલ પરીખ**

વર્ષ ૧૯૪૬. આઝાદીનો સૂર્ય ઊગવાની તૈયારીમાં હતો. એક પત્રકારે આવીને ગાંધીજીને પૂછ્યું, 'આપ પહેલા તો ૧૨૫ વર્ષ જીવનાની વાત કરતા હતા. હવે કહો છો કે એવી ઈચ્છા રહી નથી. શું આપ નિરાશાવાદી બની ગયા છો ?'

'નિરાશાવાદી ? હું ? જરા પણ નહીં. હું નિરાશાવાદી હોઈ શકું નહીં, કેમકે હું આસ્તિક છું.' ગાંધીજીના પારિવારિક અને જાહેર જીવનમાં પ્રચંડ ઊથલપાથલો થતી રહી પણ તેઓ સતત સકારાત્મક રહ્યા હતા. દેશ આંતરવિગ્રહથી ખદબદતો હતો ત્યારે પણ, હતાશાના એ ગાઢ અંધકારમાં પણ તેમની આશાજ્યોતિ સ્થિર હતી.

જીવનમાં, માણસમાં, ઈશ્વરમાં તેમને અખૂટ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધા તેમના પ્રાર્થનાપ્રેમમાં વ્યક્ત થાય છે. પણ તેમની પ્રાર્થનાઓનો અભ્યાસ કરનાર સામે એક બીજું રહસ્ય પણ ખૂલે છે અને તે છે ગાંધીજીની સંગીત તરફની રુચિ. ગાંધીજી સંગીતને પ્રાર્થનામય અને પ્રાર્થનાને સંગીતમય માનતા. ગાંધીજીએ કહ્યું છે, 'સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના આ બધું ભ્રમ નથી. આપણે ખાઈએ, પીએ, ઊઠીએ, બેસીએ તે જેટલું સત્ય છે, તેટલું જ - કદાચ તેથી પણ વધુ સત્ય આ બધું છે. તેનાથી મન નિર્મળ થાય છે અને જીવનમાં સુસંવાદિતા આવે છે.' જોકે ગાંધીજી માટે શ્રેષ્ઠ સંગીત તો ચરખાનું હતું. જીવનની એકતાનતા અને સર્જનનું પ્રતીક. તેઓ કહેતા, 'ભજન ગાતાં ગાતાં ચરખો કાંતો. ચરખાના ગુંજનથી હું ઈશ્વર સાથે એકતાનતા અનુભવું છું.'

સવાર અને સાંજની પ્રાર્થના આશ્રમજીવનનું એક અનિવાર્ય અંગ હતી. તેઓ જીવનમાં એક દિવસ પણ પ્રાર્થનામાં ગેરહાજર રહ્યા નહોતા. તેમના પ્રભાવથી ભારતના સાર્વજનિક જીવનમાં સમૂહપ્રાર્થનાનો એક યુગ શરૂ થયો. આ પ્રાર્થના સાંપ્રદાયિક કે માગણીઓમાં સમાઈ જનારી નહોતી. આ પ્રાર્થનાનું લક્ષ્ય હતું આત્માને વિશ્વવ્યાપક, કરુણાસભર અને પ્રેમપૂર્ણ બનાવવાનું. આશ્રમમાં રોજ સવારે ને સાંજે એમ બે વાર પ્રાર્થના થતી. સવાર અને સાંજના શ્લોકો, ભજનો જુદાં જુદાં રહેતાં. આત્મતત્ત્વના ત્રણ શ્લોકથી સવારની પ્રાર્થના શરૂ થાય અને સાંજની પ્રાર્થનામાં સ્થિતપ્રજ્ઞલક્ષણ અચૂક ગવાય.

પં. નારાયણ ખરે પાસેથી એક વાર 'રઘુપતિ રાઘવ' સાંભળી ગાંધીજીની આંખો ભરાઈ આવી હતી. મીરાંનાં પદ સાંભળી ગાંધીજી ઉત્કટ ઈશ્વરપ્રેમનો અનુભવ કરતા. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન'તો તેમનો આદર્શ હતું. સૂરદાસનાં પદોની અહંકારમુક્તિ તેમને બહુ ગમતી. ગાંધીજીને ભરોસો હતો કે, 'પ્રાર્થના આત્માને વિશ્વવ્યાપક અને કરુણાસભર બનાવે છે.'

દક્ષિણ આફ્રિકામાં સંધ્યાકાળની પ્રાર્થના હંમેશાં થતી. ૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા અને આશ્રમ સ્થાપ્યો. સવારની પ્રાર્થના કાકા કાલેલકરે શરૂ કરાવી. ભજનાવલિના મરાઠી પદો તેમની દેણ છે. કોચરબ આશ્રમમાં સવારસાંજની પ્રાર્થનાઓનો ક્રમશઃ વિકાસ થતો ગયો. રામધૂન શરૂ થઈ. પદો એકસૂરે વ્યવસ્થિત ગવાવાં લાગ્યાં. વિનોબા અને કાકાસાહેબ બન્ને ઉપનિષદપ્રેમી - તેમણે ઉપનિષદવચનો પણ ઉમેરાવ્યાં. એક તમિલ બંધુના પ્રતાપે તમિલ ભજનો સમાવાયાં. રામાયણ-મહાભારતના ચૂંટેલા શ્લોકો, તુલસી રામાયણ અને ગીતાના પાઠ થવા લાગ્યા. શુદ્ધ ઉચ્ચાર, શુદ્ધ વિચાર, ઉત્તમ સ્વરરચના અને ઉચ્ચ અધ્યાત્મની તાલીમ આશ્રમવાસીઓ આ ભજનો દ્વારા પામ્યા. એક જાપાની સાધુ દ્વારા જાપાની મંત્ર, રેહાના તૈયબજી દ્વારા અલ ફાતિહા અને સુરત-અલ-ઈખલાસ સમાવાયાં.

ગાંધીજી દક્ષિણ આફ્રિકા હતા ત્યારે તેમણે ખ્રિસ્ત ભજનોનો સંગ્રહ કર્યો હતો. તેમાંનું 'લીડ કાઇન્ડલી લાઇટ' તેમને ખૂબ ગમતું. તેમણે ભારત આવી ઘણાબધા પાસે તેનો ગુજરાતી અનુવાદ કરાવ્યો હતો, તેમાં નરસિંહરાવ દિવેટિયાએ કરેલો 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ' અનુવાદ તેમને ખૂબ ગમ્યો અને તેનો સમાવેશ ભજનાવલિમાં થયો. ડૉ. ગિલ્ડર દ્વારા જરથોસ્તી ગાથાઓ અને પછીથી સિંધી ભજનો પણ ભજનાવલિમાં સ્થાન પામ્યાં.આમ આશ્રમ ભજનાવલિ ભજનોનો સંગ્રહ માત્ર નથી, તે આશ્રમના સામુદાયિક જીવનનું દર્પણ છે, એક પ્રજાના ક્રમશઃ થયેલા અધ્યાત્મવિકાસનો ઇતિહાસ છે. પ્રાર્થનામાં મન લીન થાય, પ્રત્યેક શબ્દ ને પ્રત્યેક સૂરમાં પ્રાણ પરોવાય તે માટે ગાંધીજી અત્યંત જાગૃત હતા. આશ્રમ ભજનાવલિનાં ભજનો શાસ્ત્રીય રાગો પર આધારિત હતાં. આનાથી ભાવ અને સ્વરનું એક સુંદર સંયોજન આકાર લેતું.

ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધી કહે છે, 'પંડિત ખરે પાસે બાળપણમાં હું બૌદ્ધ 'નમ્યો' શીખ્યો, 'ઈશાવાસ્ય ઈદમ સર્વમ' શીખ્યો અને એમની જ પાસેથી 'અલ ફાતિહા' અને 'સુરત-અલ-ઈખલાસ' મળ્યાં. ભજનાવલિના પૃષ્ઠો પર મને ખ્રિસ્તી હાઈમ્સ પણ મળ્યાં.' પ્રાર્થના પૂર્વે મૌન પળાતું. તેનો હેતુ હતો આત્મસંશોધન અને એકાગ્રતા. પ્રાર્થના દરમ્યાન બધાની આંખ બંધ હોવી જોઈએ. નિશ્ચિત સમયે પહોંચી જવું, જાતે કાંતેલી ખાદીના આસન પર બેસવું, શ્લોકો-પદો ધ્યાનપૂર્વક સાંભળવા, બીજા દિવસે કયાં શ્લોકો-પદો લેવાશે તેની માહિતી આપવી આ ગાંધીજીનો રોજનો ક્રમ હતો. પ્રાર્થના સમયે તેઓ ટૂંકું ઉદ્‌બોધન પણ કરતા. વિનોબાજીનો એકાદશ વ્રતનો શ્લોક તો પ્રાર્થનાનું અભિન્ન અંગ હતો.

ટાગોરના શાંતિનિકેતનની સાયંપ્રાર્થના આછા અજવાસમાં દીવાઓના ઝગમગાટ વિના, નિસર્ગની ભવ્ય શાંતિના સાન્નિધ્યમાં થતી. ગાંધીજીને અજવાળા-અંધારા સમયની આ ઉદાત્ત શાંતિ ખૂબ ગમતી. તેથી તેમણ સવાર-સાંજ બન્ને માટે આવો જ સમય પસંદ કર્યો હતો. 'હરિનો મારગ છે શૂરાનો' સાંભળવું ગાંધીજીને ખૂબ ગમતું. ક્યારેક ચરખો કાંતતાં તેઓ મંદ સ્વરે આ ભજન ગણગણતા પણ ખરા. દિલીપકુમાર રૉયના કંઠે 'મને ચાકર રાખો જી' સાંભળીને ગાંધીજીની આંખોમાંથી અશ્રુધારા વહી હતી. ટાગોર કહેતા, 'પ્રાણ અને મન દ્વારા હું જેને પહોંચી શકતો નથી તેને હું મારા ગાન દ્વારા સ્પર્શ કરું છું.' કુમાર ગંધર્વે 'ગાંધી-મલ્હાર' નામનો રાગ બનાવ્યો હતો. મલ્હારના આ પંદરમાં પ્રકારમાં તેમણે મલ્હારની મૂળ ગંભીર પ્રકૃતિમાં ગાંધીજીની કરુણા અને માનવપ્રેમ ઉમેરવા બંને 'ગ', બંને 'ની' અને શુદ્ધ 'મ'નો ઉપયોગ કર્યો હતો.

એક તબક્કે ગાંધીજી પોતાને મુસલમાન તરીકે ઓળખાવ્યા. કહ્યું કે રામ અને રહીમ વચ્ચે કશો ફેર નથી અને મને કલમા પઢવામાં કશો વાંધો નથી. લોકો રોષે ભરાયા ત્યારે ગાંધીજીએ  શાંતિ અને ધૈર્યથી કહ્યું કે 'હું સનાતની હિન્દુ છું અને માત્ર હિન્દુ ધર્મનો નહીં, સર્વ ધર્મોનો સાર સર્વધર્મસમભાવ છે. તેથી મારો દાવો છે કે હું એક સારો હિન્દુ છું તેથી એક સારો મુસલમાન છું અને સારો ખ્રિસ્તી પણ છું. બીજા કરતાં આપણે ચડિયાતા છીએ એવો દાવો સાચા ધર્મભાવનો વિરોધી છે.'

ગાંધીજી હંમેશા પ્રાર્થના પછી ધૂન ગવડાવતાઃ રઘુપતિ રાઘવ રાજારામ. આ ધૂનમાં ગાંધીજીએ 'ઈશ્વર-અલ્લા તેરો નામ' શબ્દો શા માટે ઉમેર્યા એવો પ્રશ્ન ક્યારેક કડવાશ સાથે પૂછાય છે, પણ આ શબ્દો મનુબહેને દિલ્હીના એક મંદિરમાં ગવાતા સાંભળેલા અને નોઆખાલીમાં થતી પ્રાર્થનામાં એ શબ્દો ઉમેર્યા હતા. ગાંધીજીને આ ઉમેરો ગમી ગયો અને એનો ઉપયોગ ચાલુ રહ્યો. દક્ષિણ આફ્રિકામાં એક વાર ગાંધીજી એક મઠમાં ગયા હતા. સાધુઓ મૌની છે એ જોઈ તેમણે મઠાધીશને તેનું કારણ પૂછ્યું. મઠાધીશે કહ્યું, 'વારંવાર બોલીને અંતરાત્માનો શાંત, મધુર નાદ સાંભળવાનું શા માટે ચૂકવું ?'

અંતરાત્માના આ મધુર નાદના ગાંધીજી પણ ઉપાસક હતા તે કોણ નથી જાણતું ?

મો-૯૮૩૩૭૦૮૪૯૪

## (૦૬) કથા આશા અને વિકાસની : લોકશાહીની પાઠશાળા પ્રસંગ -૪

**બિંદુ-પાર્થેશ**

**બાળકોની અદાલતઃ**

બેન, આણે મને માર્યું, પેલાએ મને ગાળ દીધી, ફલાણો મને ખીજવે છે, ઓલાએ મને ધક્કો માર્યો, પેલીએ મારી પેન્સિલ લઈ લીધી, આણે મારી ચોપડી ફાડી નાખી વગેરે. આવી ફરિયાદો આવવી એ કોઈપણ શાળા માટે સામાન્ય બાબત છે. શિક્ષકોનો કેટલોક સમય તો એ પ્રશ્નો ઉકેલવામાં જ જાય. વિકાસે આ માટે એક ઉકેલ સૂચવ્યો. એ હતો, 'બાળકોની અદાલત'

કોઈપણ ફરિયાદ-પ્રશ્ન હોય તો એક કાગળમાં લખવાનો. ઘટનાની તારીખ લખવાની, ફરિયાદ કર્તાના નામની જરૂર નથી. જેથી બાળક નિર્ભય પણે ફરિયાદ લખી શકે. ફરિયાદ નાખવા માટે એક પેટી રાખવામાં આવી. દર બુધવારે પ્રાર્થનાના બદલે બાળકોની અદાલત હોય. પાંચ ખુરશી અર્ધ ગોળાકારે મુકાઈ જાય. સામે નાના ટેબલ પર ફરિયાદ પેટી મુકાઈ ગઈ હોય. સામે વિદ્યાર્થીઓ 'C' આકારે બેસી જાય. પાંચ જજ ખુરશીમાં ગોઠવાઈ ગયા હોય. જેમાં મંત્રીમંડળના કોઈ પણ બે મંત્રી હોય, પાંચથી સાત ધોરણમાંથી કોઈ બે વિદ્યાર્થી હોય અને એક શિક્ષક હોય.

ફરિયાદ પેટીમાથી પહેલો કેસ નીકળે. હેતલ, ઊભી થા. તારા ઉપર આરોપ છે કે તું નાયકનું કહ્યું માનતી નથી. હેતલ કોઈ દલીલ કરે તો કોઈ સાક્ષી જુબાની આપે કે, 'હા, સાચી વાત છે. મેં જોયું છે કે એ નાયકની સામી થઈ જાય છે. કોઈપણ વિદ્યાર્થી પર પહેલી વાર કેસ ચાલે ત્યારે જજ તેને 'ફરી આવું ન કરતો એવી' ધમકી આપી છોડી દે. પણ જો બીજી વાર તેના પર કેસ ચાલે, ગુનો સાબિત થાય તો પછી સજા થાય. સજામાં વિવિધતા હોય. જેમકે ઘાસ કાઢવું, ચણતરને પાણી છાંટવું, ચોકલેટના કાગળનું ઝૂંમર બનાવવું.

એક વાર તો એવું થયું કે જજે એક છોકરાને શાળામાં આવેલ નાનાં તળાવમાંથી ઘાસ કાઢવાની સજા કરી. બપોરે વિશ્રાંતિમાં એ છોકરા સાથે પાંચેય જજ પણ ઘાસ કાઢતાં હતાં. આશાને નવાઈ લાગી. પૂછ્યું તો જવાબ મળ્યો, 'અમારો ભાઈબંધ છે. એટલે મદદ કરીએ છીએ.' કેળવણીની દૃષ્ટિએ આ કેવડી મોટી વાત કહેવાય ! જે સજા કરે એ સજામાં ભાગીદાર પણ બને. મજાની વાત એ છે કે કેસ માત્ર શાળાને ધ્યાનમાં લઈ નહોતા થતા. ઘરે કામ ન કરતાં હોય, દાદીની સામે થઈ જતાં હોય તો પણ કેસ થાય. એથી પણ ધ્યાનમાં લેવા જેવી વાત એક કે શિક્ષકો પર પણ કેસ થઈ શકતો ! ખુદ આશા પર બે વાર કેસ થયેલા. એક આરોપ એવો હતો કે, 'તમે વાર્તા નથી કહેતાં' બીજો આરોપ મુકાયેલો કે, 'તમે લાંબા પ્રવાસ નથી કરાવતાં' આશા બંને આરોપમાં પોતાની જાતને નિર્દોષ સાબિત કરી શકી તેથી સજાથી બચી ગઈ. પરંતુ, શાળાના આચાર્યા બચી ન શક્યા.

બન્યું એવું કે શાળામાં પીવાના પાણીની ટાંકી બનાવવા માટે ગ્રાન્ટ આવી. શાળાની પશ્ચિમ દિશાના વરંડા બાજુ પાણીની પાઈપલાઈન પસાર થતી હતી. તેથી શિક્ષકોએ વિચાર્યુ કે ટાંકી ત્યા બનાવીએ. જેથી ખર્ચ ઓછો આવે. મારી શાળામાં નિર્ણયો વિધાર્થી લે તેવી પ્રણાલી. તેથી આચાર્યાએ બાળકોને પૂછયું. બાળકોએ એક દિવસ માંગ્યો. બીજા દિવસે બાળકોએ નવી દિશા સૂચવી. કારણ અપાતા કહ્યું કે એક તો ત્યાં બપોર પછી છાયો રહે છે અને બીજું કારણ કહ્યું કે ત્યાં બહારની બાજુએ જાહેર રસ્તો પસાર થાય છે. એ રરતે ચાલીને જનારાની સંખ્યા ખૂબ હતી. એમાયે

દર પૂનમે તો શ્રદ્ધાળુઓની વણઝાર અટકતી જ નહિ. જો એક નળ વરંડા બહાર - રસ્તા તરફ મૂકીએ તો વટેમાર્ગુને પીવાનું પાણી મળી જાય. કેવો અદ્‌ભુત વિચાર ! બાળકોનો વિચાર સ્વીકારાયો. પૂર્વ દિશામાં જગ્યા નક્કી થઈ. ત્યા એક મોટો દેશી બાવળ હતો. તેને હટાવવવા બાવળ કાપવાનું નક્કી થયું. તે માટે શાળા સંચાલન સમિતિને બોલાવવામાં આવી. સમિતિના સભ્યોએ મંજૂરી આપી. એટલું જ નહિ, શાળાના પ્રાંગણમાં આવેલા બીજા ત્રણ બાવળ કાપવાની પણ સલાહ આપી !

બાવળ કપાયા. બાગાયત મંત્રીએ આચાર્યા પર કેસ કર્યો. બુધવારે બાળકોની અદાલત બેઠી. આચાર્યાને આરોપી તરીકે ઊભા કરાયા, ‘તમારા પર આરોપ છે કે તમે બાગાયત મંત્રીને પૂછ્યા વગર શાળાના બાવળ કપાવ્યા છે.’ આચાર્યાએ ભૂલ સ્વીકારી કે, ‘હા, મારાથી ભૂલ તો થઈ છે. ‘કેટલા ઝાડ કાપ્યા હતા ?’ એક જજે પૂછ્યું. જવાબ મળ્યો ‘ત્રણ’

પાંચેય જજે મળીને સજા ફટકારી, ‘તો હવે ત્રણ ઝાડ વાવો અને તેને ઉછેરો.’

આચાર્યાને જાણે પાપમાંથી મુક્તિનો માર્ગ મળ્યો. તેમણે કહ્યું, અત્યારે તો ઉનાળો છે. ચોમાસામાં વાવીશ. ચોમાસુ આવ્યું. આચાર્યા એક સો છોડ લઈ આવ્યાં ! શાળામાં તો છોડ વાવ્યા. દરેક વિદ્યાર્થીને ઘરે વાવવા એક એક છોડ આપ્યો. પોતે પણ ઉછેર્યા અને બાળકોએ પણ.

કેવી ન્યાયિક વ્યવસ્થા !

કેવા આરોપો !

કેવા જજ !

કેવી સજાઓ !

જે વિદ્યાર્થી આ પ્રક્રિયામાંથી પસાર થાય તે મોટો થઈ ગામમાં કેટલી સરસ ન્યાયપૂર્ણ વ્યવસ્થા ઊભી કરી શકે ! ભારત દેશમાં પણ આવી ન્યાયિક વ્યવસ્થા રચાય તો રામરાજ્ય શરૂ થઈ જાય. અરે! મારી શાળા તો હજુ એક ડગલુ આગળ વધી. એક શિક્ષક દિને બુધવાર હતો. શાળામાં સ્વયં શિક્ષણ દિન હતો. તેથી પાંચમાં જજ માટે શિક્ષક બનેલા વિદ્યાર્થીમાંથી એક બેઠો. એ દિવસે બાળઅદાલત કંઈક અલગ જ ચાલી. શિક્ષકો જોઈ રહ્યા. આજે જજ બનેલા બાળકો જેટલું બોલી રહ્યા છે તેટલું આગળની અદાલતોમાં ક્યારેય નહોતાં બોલ્યા. ગુનેગાર, સાક્ષી વગેરે પણ એકદમ ઉછળીને દલીલો કરતાં હતાં. આશા વિચારવા લાગી, આ બદલાવ આજે જ કેમ આવ્યો ? તેને કારણ મળ્યું. અદાલત પૂરી થયે તેણે જાહેરમાં સવિનય સ્વીકાર્યુ કે તમે અમારી ગેરહાજરીમાં વધારે સારી રીતે અદાલત ચલાવો છો. માટે હવે પછી અમે જજ તરીકે ક્યારેય નહિ બેસીએ. અમે શિક્ષકો આ કામ માટે લાયક નથી.

વિકાસનું તો સપનું છે કે, ‘રાજપુર ઝીરો પોલીસ કેસ વિલેજ’ બને. આ લેખ લખાઈ રહ્યો છે તે દિવસે આચાર્યાને નિવૃત્ત થયાને એક વર્ષ થઈ ગયું છે. આજે તેઓ શાળામાં પરિવાર સાથે આવ્યાં. આશા સહિત બધાં ભૂતપૂર્વ શિક્ષકોને પણ બોલાવ્યાં. તેમનો ભવ્ય જન્મ દિવસ ઉજવાયો. મોટી કેક કાપવામાં આવી. બધાને મસ્ત જમાડયા. બાળકોને ભેટ સોગાદો આપી.

આ બધી પ્રક્રિયાનો ફલિતાર્થ શું ?

આજે આ બાળકો મોટા થયાં છે. તેમના પણ બાળકો શાળામાં આવતા થયાં છે. આવા સમયે આજે તેનું માપન થઈ શકે છે. ગામમાં સોશિયલ મીડિયામાં એક ગ્રૂપ બન્યું છે. લોકો તેમાં પોતાના અભિપ્રાય આપતાં થયાં છે. ગામ માટે સારું કે નરસું શું હોય શકે તે વિચારતા થયાં છે. ક્યાંક સારું જુએ તો તરત જ આ ગ્રૂપમાં આવી જાય. વળી કોઈ વણ જોઈતા સમાચાર આવે તો તરત જ તેને ઠપકો મળે અને તે માહિતી દૂર કરવાનું કહે. બલ્યાવસ્થામાં સીંચાયેલી કેળવણી તેમના પરિવાર જીવનમાં, ગ્રામજીવનમાં પ્રતિબિંબિત થાય છે.

આવતા અંકે.

ક્રમશઃ

મો.૯૪૨૫૪ ૧૨૮૪૧

# (૦૭) ઈશોપનિષદમાં જીવનમૂલ્યો

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

આ વિશ્વનું સર્જન પરમાત્માએ કર્યું છે પણ તેનાં આદર્શ સંચાલનની જવાબદારી વિવેકબુદ્ધિ ધરાવતાં મનુષ્યને સોંપી છે. પરમાત્માએ આનંદમાંથી આનંદ વડે અને આનંદ માટે આ સૃષ્ટિ બનાવી છે. તેથી આપણે સૌએ આનંદમય રહેવાનું છે. આપણા દરેકના જીવનનું અંતિમ લક્ષ્ય છે, પ્રસન્નતા, શાંતિ, સંતોષ, ધન્યતા, જીવનમુક્તિ, તેજસ્વીતા, ઓજસ્વીતા, અર્થસભરતા અને ગુણોનું ઊર્ધ્વીકરણ. વિશ્વમાં ૮ અબજ માનવ આકૃતિઓ છે પણ મનેર માનુષ, નિત્ય પ્રસન્ન રહેનારાં જૂજ છે તેથી જીવનનો સર્વોચ્ચ ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે ભારતમાં ૬૫૦૦ વર્ષ પૂર્વે વેદ, ઉપનિષદ જેવા જીવંત જ્ઞાનના શાસ્ત્રો લખાયા છે. તે હિમાલય છે. જીવ, જગત અને જગદીશ્વરને સમજવાનો દૃષ્ટિકોણ માર્ગદર્શન આપે છે. ચાર વેદના જે ભાગમાં અધ્યાત્મની ચર્ચા પ્રસ્તુત છે તેને વેદાંત, ઉપનિષદ કહેવાય છે.

ઉપનિષદ એટલે ? ઉપ- નિષ્કામ જ્ઞાની ગુરુ પાસે, નિ -જઈને, એકાંતમાં બેસીને, તેમને સાંભળીને, ચિંતન કરીને, ષદ - શીખવાની, આત્મસાત્ કરવાની વિદ્યા. આપણાં ઋષિ-મુનિઓ જ્ઞાની, વૈજ્ઞાનિક, યોગી હતા. તેમને અંતઃદૃષ્ટિથી જે અનુભૂતિ થઈ, ઈશ્વરીય જ્ઞાનનો સાક્ષત્કાર થયો તેનો શબ્દદેહ એટલે ઉપનિષદ. આ વૈશ્વિક ગ્રંથોમાં આકાશ જેટલી વ્યાપકતા છે. મહાસાગર જેટલું અગાધ ઊંડાણ છે. આ ગ્રંથો કોઈ ઉપદેશ કે આદેશ આપતા નથી પણ આત્મા-પરમાત્માને જાણવા માટેની જીવનવિદ્યા છે. તે વર્તનનું વિજ્ઞાન છે. આપણા વાણી, વર્તન અને વ્યવહાર અંગે દિશા આપે છે. ભારતીય સંસ્કૃતિના મૂળ સમાન આ ગ્રંથો તત્ત્વવિદ્યાની, ભારતીયદર્શનની ગંગોત્રી છે. ઉપનિષદો વિવિધ સમયમાં અલગ અલગ વિષયો પર વિભિન્ન ઋષિમંડળો દ્વારા રચાયા છે. માન્ય ગ્રંથોની સંખ્યા ૧૦૮ છે. શંકરાચાર્યે જેમના પર ભાષ્ય લખ્યાં તે જ્ઞાન અને ઉપાસનાપ્રધાન ૧૧ ઉપનિષદ છે.

**ઈશોપનિષદ અને જીવનમૂલ્યો :**

મહાત્મા ગાંધીજીએ વિધાન કરેલું કે જિજ્ઞાસુઓ એક માત્ર ઈશોપનિષદનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે તો પણ તેમને માનવમૂલ્યોના જતન-સંવર્ધન માટેની અથાગ પ્રેરણા પ્રાપ્ત થશે.

**(૨) ઈશોપનિષદના પ્રમુખ વિષયો :**

૧. પરમાત્માની વ્યાપકતા, અદ્વૈતભાવની સ્થાપના.

૨. નિષ્કામ કર્મ.

૩. આત્માના અવાજ પ્રમાણે આચરણ.

૪. પરમાત્માના સ્વરૂપની સમજ.

૫. વિદ્યા -અવિદ્યાનો સમન્વય.

**૧. પરમાત્માની વ્યાપકતા, અદ્વૈતભાવની સ્થાપનાઃ**

પરમાત્મા નિર્ગુણ, નિરાકાર અને અવ્યક્ત હોવા છતાં તેઓ વ્યક્ત, સગુણ અને સાકાર સ્વરૂપે આ સમગ્ર બ્રહ્માંડના કણેકણમાં સૌરમંડળ, સ્થૂળ પદાર્થો, પંચમહાભૂત, વનસ્પતિ, પશુ,પંખી,પ્રાણી અને માનવજાતમાં વ્યાપ્ત છે. સહઅસ્તિત્વના આ નિયમનું જો વિવેકબુદ્ધિ ધરાવતો મનુષ્ય આત્મસાત્ કરે અને પછી તેનું પરિપાલન કરે તો આજે વિશ્વમાં જે અન્યાય, શોષણના પરિપાકરૂપે ઘેરી અસમાનતા, વિસંવાદિતા, જ્ઞાતિ-જાતિ, લિંગ, પ્રદેશ, સંપ્રદાય કે ધર્મના વિઘાતક ભેદભાવ, દ્વૈતભાવ પ્રવર્તે છે તેનું આપોઆપ નિર્મૂલન થઈ જાય અને વસુધૈવ કુટુંબકમ્‌ની વિભાવના સાકારિત થઈ જાય. પ્રથમ શ્લોકની બીજી પંક્તિ તમામ ઉપનિષદોનું હાર્દ છે ત્યાગીને ભોગવી જાણો. અહીં ભોગના ઘણા અર્થ થાય છે. એક અર્થ છે આનંદ. જો આપણે

નિત્ય પ્રસન્નતાનો અનુભવ કરવો હોય તો આપણી પાસેના ભૌતિક સંસાધનો છે તે ઈશ્વરનો પ્રસાદ હોવાથી તેનો ટ્રસ્ટી તરીકે ખપ પૂરતો ઉપયોગ કરીએ. અધિશેષ સંપત્તિ કે સમૃદ્ધિ સમાજના કલ્યાણ માટે ખર્ચીએ. આજથી ૧૦૦ વર્ષ પૂર્વે બજાજ ગૃપના સ્થાપક જમનાલાલ બજાજે કંપનીના નફામાંથી આવશ્યક હિસ્સો પોતાના પરિવાર માટે ફાળવીને બાકીની રકમ રાષ્ટ્રને સમર્પિત કરી. એટલે ગાંધીજી તેમનો પોતાના પાંચમા પુત્ર તરીકે ગૌરવભેર ઉલ્લેખ કરતા. આ જોય ઑફ ગિવીંગમાંથી જ વિશ્વમાં બિલ ગેટ્સ, વોરન બફેટ અને ભારતમાં અઝીમ પ્રેમજી જેવા કુબેરોએ ગિવીંગ પ્લેજ માટે ઝુંબેશ ઉપાડી છે.

**૨. નિષ્કામ કર્મ :**

કર્મરત રહીને ૧૦૦ વર્ષ જીવવાની ઈચ્છા રાખીએ. વાસ્તવમાં કર્મ, વાણી, વર્તન અને વ્યવહારથી થતી તમામ ક્રિયા એ પ્રસન્ન જીવન જીવવા માટેનો રાજમાર્ગ છે. જો વ્યકિત પ્રમાણિકતા, પારદર્શકતાથી સકામ કર્મ કરશે અથવા કર્તાભાવ- આસકિત છોડીને યોગી બનીને નિષ્કામ કર્મ, યજ્ઞકાર્ય કરશે તો તે હંમેશા શાંતિ અને સંતોષનો અધિકારી બની શકશે.

**૩. આત્માના અવાજ પ્રમાણે આચરણ :**

જેમણે માત્ર ભૌતિકવિદ્યાનું જ્ઞાન મેળવ્યું છે, અધ્યાત્મવિદ્યાના જ્ઞાનથી વંચિત છે તેવા અજ્ઞાનીઓ સ્થૂળ શરીરમાં રહેલી જ્ઞાનેન્દ્રિયોના વિષયોની વાસનાને પોષવા, અશુદ્ધ, અનિયંત્રિત મનનો અવાજ સાંભળે છે. એટલે તેઓ હંમેશા ટેન્શન, વિષાદ, શારીરિક-માનસિક સમસ્યાઓરૂપી ગાઢ અંધકાર-અસૂર્યલોકમાં ફસાયેલા રહે છે. જે જ્ઞાનીજનો કોલાહલની વચ્ચે પણ આત્માનો સૂક્ષ્મ અવાજ સાંભળે છે, પ્રભુની વ્યવસ્થા પ્રમાણે પરિવારને પ્રેમ અને લાગણી આપે છે, વ્યવસાયમાં તત્ત્વને કેન્દ્રમાં રાખે છે, સમાજમાં ઉદારતા, કરુણા અને સહિષ્ણુતા જેવા મૂલ્યોનું પ્રસ્થાપન કરે છે, પ્રકૃતિની જાળવણી કરે છે તેઓ સદા સૂર્ય જેવા પ્રકાશ અને ઊર્જાને પ્રાપ્ત કરે છે.

**૪. પરમાત્માનું સ્વરૂપ :**

તે મન કરતાં પણ વધુ ગતિશીલ છે : સૂક્ષ્મ મન વિશ્વના કોઈપણ ભાગમાં દૂર-સુદૂર પહોંચી જવા માટે સક્ષમ છે. પરમાત્મા સ્થિર અને નિરાકાર હોવા છતાં દરેક જીવ દ્વારા તે વાયુની જેમ સર્વત્ર વ્યાપ્ત છે. પરમાત્માની વ્યવસ્થા જાળવવા તે સૌને શકિત આપે છે, તે સર્વત્ર છે. નિર્જીવ કે સજીવ દરેક પ્રકારની સૃષ્ટિની અંદર છે અને બહાર છે. તે તેજસ્વી, શુદ્ધ અને પવિત્ર છે. તે કવિ અને મનીષી છે.

પરમાત્માનું વર્ણન કર્યા પછી ઋષિ કહે છે કે, જે વ્યકિતએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે હંમેશા બધા જીવોને સ્થૂળ દૃષ્ટિએ નહીં પણ તે સૌમાં આત્મારૂપે પરમતત્વના દર્શન કરે છે. આથી સર્વાત્મ દૃષ્ટિ વિકસવાથી કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપોઆપ સમત્વભાવનું સર્જન થાય છે. તે સૌને સ્વીકારે છે. તે રાગ કે દ્વેષથી પર છે. તેના હુંપણાનું નિરસન થઈ ગયું છે. રામકૃષ્ણ પરમહંસના જીવનસંગિની મા શારદાદેવીના દર્શન કરવા એક મુસ્લિમ ભકત ઉત્સુક હતા ત્યારે દ્વારપાળે તેની જાતિ જોઈને સંમતિ ન આપી પણ માએ તુરંત તે ભકતને બોલાવ્યા અને પાસે બેસાડીને સ્નેહથી ભોજન કરાવ્યું હતું.

અધ્યાત્મશાસ્ત્રોનો જેણે અભ્યાસ કર્યો છે તેને પૂરેપૂરી જાણકારી છે કે તે પરમાત્માએ સ્વયં આ સૃષ્ટિનું સંચાલન કરવાની જરૂર નથી. તેઓ પોતાના પ્રતિનિધિ તરીકે યોગ્ય વ્યકિતઓને શ્રેષ્ઠ વ્યવસ્થાપન માટે શકિત પૂરી પાડે છે. તેમણે કલકત્તામાં જન્મેલા નરેન્દ્રનાથ દત્ત (જન્મ : ૧૨/૧/૧૮૬૩)ને અગાધ ઊર્જા આપી. રામકૃષ્ણ પરમહંસના શિષ્ય બનાવ્યા. તેઓ આધુનિક યુગના આધ્યાત્મિક ગુરુ તરીકે વિખ્યાત થયા. ભારતીય વેદાંતશાસ્ત્રો અને પશ્ચિમના ગ્રંથોનો ગહન અભ્યાસ કર્યો. કઠોપનિષદના મંત્ર દ્વારા યુવાનોને સંદેશ આપ્યો; ‘ઊઠો, જાગો અને યોગ્ય વ્યકિતઓનું માર્ગદર્શન મેળવીને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો’

**૫. વિદ્યા અવિદ્યાનો સમન્વય :**

વિદ્યા એટલે આત્માને ઓળખીને અમૃતતત્ત્વ પામવાની વિદ્યા અને અવિદ્યા એટલે જન્મથી મૃત્યુ સુધી

સારી રીતે જીવન જીવવાની ભૌતિકવિદ્યા. આ બંનેની આવશ્યકતા છે તેથી લોકભારતી ગ્રામવિદ્યાપીઠે પોતાના ધ્યાનમંત્ર તરીકે નીચેના મંત્રની પસંદગી કરી છે.

અવિદ્યા મૃત્યું તીર્ત્વા વિદ્યયામૃતમ્શ્નુતે

મનુષ્યની કારકીર્દિ ઘડતર, આર્થિક, સામાજિક સલામતી માટે ભૌતિકવિદ્યા જરૂરી છે પણ તે એકાંગી છે તેથી નિત્ય પ્રસન્ન રહેવા માટે અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ અનિવાર્ય છે. અધ્યાત્મનો વિષય છે આત્મા. આત્મા અપરિવર્તનશીલ, અવિકારી અને આનંદ સ્વરૂપ છે. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન અને ડૉ. અબ્દુલ કલામ જેવા મનીષીઓ આ પ્રકારના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ઈશોપનિષદ જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેયની મીમાંસા કરે છે તેથી જ નાનાભાઈ ભટ્ટે ઈશોપનિષદ અંગે મનનીય પુસ્તિકા લખવાનું પસંદ કરેલું. આપણે સૌ તેનું અધ્યયન, ચિંતન, મનન કરીએ અને તે મૂલ્યોને જીવનમાં આત્મસાત્ કરવાનો પુરષાર્થ કરીએ...

મો. ૯૪૨૬૪૬૧૦૯૦.

### હું ઓફિસ જતો રહ્યો...

કવિઃ વિપ્લવ

સમાચાર આવ્યા કે એક દેશે એના પડોશી દેશ પર હુમલો કર્યો છે.
દિવસ પૂરો થયો. સવારે ઊઠીને મેં ચા બનાવી અને હું ઓફિસ જતો રહ્યો.
ક્યાંક સાંભળ્યું કે હવે મારા પગારમાંથી થોડા વધારે પૈસા કપાવાના છે.
દિવસ પૂરો થયો.
સવારે ઊઠીને મેં દૂધ વગરની ચા બનાવી અને હું ઓફિસ જતો રહ્યો.
કોઈએ કહ્યું કે આ વખતે વરસાદ નહીં થાય.
દિવસ પૂરો થયો.
સવારે ઊઠીને મેં માત્ર દૂધની ચા બનાવી અને હું ઓફિસ જતો રહ્યો.
ક્યાંક વાંચ્યું કે હવેથી મારી મનપસંદ મીઠાઈ પચાસ રૂપિયામાં એક જ મળશે.
દિવસ પૂરો થયો.
સવારે ઊઠીને મેં ચામાં ખાંડ થોડી વધુ નાખી અને હું ઓફિસ જતો રહ્યો.
મને કીધું કે કોઈ જોખમમાં છે એને બચાવવા જવાનું છે.
દિવસ પૂરો થયો.
સવારે ઊઠીને મેં ચા થોડી કડક બનાવી અને હું ઓફિસ જતો રહ્યો.
સૌએ કહ્યું કે હવા હવે શ્વાસમાં ભરવા લાયક જ નથી રહી.
દિવસ પૂરો થયો.
સવારે ઊઠીને મેં ચા પણ ન બનાવી અને હું ઓફિસ જતો રહ્યો.
દેશ જતો રહ્યો, પગાર જતો રહ્યો
પાણી જતું રહ્યું, મીઠાશ જતી રહી
સુરક્ષા જતી રહી, શ્વાસ જતા રહ્યાં
અને હું ? હું ઓફિસ જતો રહ્યો.
ભાવાનુવાદક ટપાલીઃ વિશાલ ભાદાણી

# (૦૮) ભારતીય ષડ્‌દર્શનના પ્રકાશમાં ટકાઉ કૃષિની નવી સમજ

**ડૉ. કે. જી. મહેતા અને પ્રો. ભરત જોશી**

ભારતીય સનાતન સંસ્કૃતિનો આધાર વેદ છે અને તેના તત્ત્વચિંતનને સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને વેદાંત (ઉત્તર મીમાંસા) જેવા ષડ્‌દર્શનોમાં વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવ્યું છે. આ દર્શનો જીવ, જગત, ઈશ્વર અને માનવજીવનને સમજવાની સર્વાંગી દૃષ્ટિ આપે છે. ભારતમાં કૃષિ અને પશુપાલન માત્ર આજીવિકાના સાધન નહોતા, પરંતુ પ્રકૃતિ સાથે સુમેળ, નૈતિકતા અને સહઅસ્તિત્વનાં મૂલ્યો પર આધારિત જીવનપદ્ધતિ હતાં. આ કારણે ભારતીય ખેતી હજારો વર્ષો સુધી ટકાઉ રહી અને દેશને કૃષિપ્રધાન ઓળખ મળી. જોકે ગુલામીકાળ અને ત્યારબાદની પરિસ્થિતિઓએ ખેડૂત અને કૃષિક્ષેત્રને નબળું બનાવ્યું. સ્વતંત્રતા પછી હરિયાળી અને શ્વેત ક્રાંતિથી ઉત્પાદન વધ્યું, પરંતુ રાસાયણિક ખાતરો, ઝેરી દવાઓ અને અવૈજ્ઞાનિક પદ્ધતિઓના અતિરેકથી જમીનની ઉર્વરતા, પાકની ઉત્પાદકતા અને ગુણવત્તા તથા માનવ સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડી.

આ પરિસ્થિતિમાં પર્યાવરણ અનુકૂળ અને ઓછા ખર્ચે, ગુણવત્તાસભર અને ટકાઉ ઉત્પાદન આપતી પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ ફરી વધ્યું છે. ભારતીય પરંપરાગત કૃષિ, પ્રકૃતિ અને પશુપાલન સાથે ગાઢ રીતે જોડાયેલી હોવાથી ભારત આ ક્ષેત્રમાં વિશ્વને માર્ગદર્શન આપી શકે છે. ષડ્‌દર્શનોના કર્મ, નૈતિકતા, સંસાધનોના સદુપયોગ, જૈવિક વૈવિધ્યતાનું સંરક્ષણ અને સહકાર જેવા સિદ્ધાંતો ખેતી અને પશુપાલનને સાચી દિશા આપે છે. તેથી દર્શનશાસ્ત્ર માનવજીવન તેમજ કૃષિ સહિતના દરેક વ્યવસાય માટે જ્ઞાનરૂપ માર્ગદર્શક છે.

**સાંખ્યદર્શનઃ પ્રકૃતિ સાથે ખેતીના સહઅસ્તિત્વનું વિજ્ઞાન**

સાંખ્યદર્શન, જેનું પ્રારંભિક સ્વરૂપ મહર્ષિ કપિલ સાથે જોડાયેલું છે, જે પ્રકૃતિ અને માનવજીવન વચ્ચેના સંતુલનને વિશેષ મહત્ત્વ આપે છે. આ દર્શન અનુસાર 'પ્રકૃતિ' જડ પરંતુ સક્રિય છે, જ્યારે 'પુરુષ' ચેતન પરંતુ નિષ્ક્રિય છે; બંનેના સંયોગથી કર્મ અને જીવનની પ્રક્રિયા ચાલે છે. કર્મ અને તેના પરિણામનો સિદ્ધાંત પણ સાંખ્યદર્શનનો મહત્ત્વનો આધાર છે. પ્રાકૃતિક ખેતીના સંદર્ભમાં સાંખ્યદર્શન પ્રકૃતિના શોષણને બદલે તેની સાથે સુમેળ સાધવા પર ભાર મૂકે છે. જમીન, પાણી, સૂર્યઊર્જા, વાયુ અને જૈવિક વૈવિધ્ય જેવા કુદરતી તત્ત્વોનું સંરક્ષણ કરીને યોગ્ય પાકની પસંદગી, પાક ફેરબદલી, જૈવિક સાધન સામગ્રીનો ઉપયોગ, વરસાદી પાણીનો સંગ્રહ અને ટપક સિંચાઈ દ્વારા સક્ષમ ઉપયોગ તથા શેઢાપાળા ઉપર ઉપયોગી વૃક્ષો સાથે ગૌપાલન જેવી પાક પદ્ધતિઓ અપનાવવામાં આવે તો જમીનની ઉર્વરતા જળવાય અને પર્યાવરણીય સંતુલન સચવાય, પરિણામે ખેતી ટકાઉ રીતે સધ્ધર થવાથી ખેડૂતની આર્થિક સુખાકારી વધુ સલામત બની શકે છે.

સાંખ્યદર્શનના ત્રિગુણ સિદ્ધાંત મુજબ પ્રાકૃતિક ખેતી સત્ત્વગુણી છે, કારણ કે તે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યની સલામતી માટે હિતકારી છે. બીજી તરફ, રાસાયણિક ખાતરો, ઝેરી દવાઓ અને અતિભૌતિક સાધનો પર આધારિત ખેતી રજોગુણી અથવા તામસી બનીને ખર્ચાળ, જોખમી અને લાંબા ગાળે નુકસાનકારક સાબિત થાય છે.

આ દર્શન ખેડૂતને જમીન પાણી, જંગલ, ઊર્જા અને પર્યાવરણ જેવા કુદરતી સંસાધનોને પવિત્ર સંપત્તિ તરીકે જોવાની, સ્થાનિક અને ઋતુસંગત પાકોને પ્રોત્સાહન આપવાની તથા પ્રકૃતિના રક્ષક તરીકે કૃષિ, અને પશુપાલનના કાર્યો કરવાની પ્રેરણા આપે છે. ખેડૂતની મહેનત, કુદરતી સંસાધનો અને યોગ્ય વ્યવસ્થાપનમાં પાક ઉત્પાદનથી લઈ વેચાણ સુધીની શૃંખલા સુધી સંતુલન જળવાય તો ખેતી વધુ ટકાઉ, અને ફળદાયી તથા ગુણવત્તાસભર અને કલ્યાણકારી બની શકે છે. તેથી

સાંખ્યદર્શનના આધારે પ્રાકૃતિક ખેતીનું વૈજ્ઞાનિક અને પ્રયોગાત્મક મૉડેલ વિકસાવવાની જરૂર છે.

**યોગદર્શનઃ ખેડૂતની આંતરિક શિસ્ત અને કૃષિની બાહ્ય સફળતા**

યોગદર્શનને દાર્શનિક સ્વરૂપ આપવાનું શ્રેય મહર્ષિ પતંજલિને જાય છે, યોગ માત્ર શારીરિક સ્વાસ્થ માટે આસનોની પદ્ધતિ નથી, પરંતુ શરીર સાથે મનનું સ્વાસ્થ્ય અને આત્માની શુદ્ધિ દ્વારા પરમસુખ પ્રાપ્ત કરવાની જીવનશૈલી છે. સાંખ્યદર્શનના સિદ્ધાંતોને વ્યવહારમાં ઉતારતું યોગદર્શન અષ્ટાંગ યોગ દ્વારા નિયમ સંયમ, શુદ્ધિ, એકાગ્રતા, ધ્યાન અને સમાધિ જેવા મૂલ્યોનું શિક્ષણ આપે છે.

પ્રાચીન ભારતીય કૃષિ અને પશુપાલનમાં યોગદર્શનના આ સિદ્ધાંતોનો વ્યાપક પ્રભાવ જોવા મળતો હતો. ખેડૂત શારીરિક શ્રમ સાથે મનની સ્થિરતા, એકાગ્રતા અને કુદરતી સંસાધનો પ્રત્યેની જવાબદારી જાળવીને કાર્ય કરતો હતો. પરિણામે જમીનની ઉર્વરતાની જાળવણી બીજ સંરક્ષણ, પાક ફેરબદલી, સ્થાનિક પરિસ્થિતિ અનુસાર પાક પસંદગી, સમયસર વાવણી, કાપણી અને સંગ્રહ જેવી પદ્ધતિઓ અસરકારક રીતે અમલમાં હતી. તેથી ખેતી પ્રકૃતિપ્રેમી અને તેની ઉત્પાદતા આર્થિક રીતે પોષણક્ષમ અને લાંબા ગાળે ટકાઉ બનતી હતી. યોગદર્શન મુજબ ખેતીમાં સફળતા માટે મન અને શરીર ઉપરનું નિયંત્રણ અને સમતોલન અગત્યનું છે, કારણ કે તે ખેડૂતને પ્રકૃતિ સાથે સુમેળ સાધવામાં મદદ કરે છે. જેના પરિણામે ખેતી જલ-વાયુ પરિવર્તન સાથે અનુકુલન સાચવી શકે છે. યોગના સિદ્ધાંતો આધારિત તાલીમ, સંશોધન અને પ્રયોગો દ્વારા પ્રાકૃતિક ખેતીનું એવું  મૉડેલ વિકસાવી શકાય જે પર્યાવરણપ્રેમી, વિશ્વસનીય અને ટકાઉ કૃષિ વ્યવસ્થાને મજબૂત બનાવે.

**ન્યાયદર્શનઃ અનુભવ અને પ્રમાણ આધારિત કૃષિ**

ન્યાયદર્શનના પ્રણેતા મહર્ષિ ગૌતમ છે અને આ દર્શનનો મુખ્ય ગ્રંથ ન્યાયસૂત્ર છે. આ દર્શન, જ્ઞાનની પ્રામાણિકતા અને કાર્યની પધ્ધતિ તથા યોગ્યતા ચકાસવા માટે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એમ ચાર પ્રમાણોને આધાર માને છે. અનુભવ અને તર્કને મહત્ત્વ આપતા આ સિદ્ધાંતો પ્રાચીન કૃષિ-પશુપાલનના વિકાસમાં પણ ઉપયોગી રહ્યા હતા, જેના કારણે ખેતી વધુ વિશ્વસનીય, ફળદાયી અને ટકાઉ બની હતી.

પ્રાચીન ખેડૂતો કુદરત સાથે સુમેળ જાળવી ખેતીની વિવિધ પદ્ધતિઓ, સાધનો અને સંસાધનોની યોગ્યતા આ પ્રમાણોના આધારે તપાસતા હતા. પરિણામે કૃષિ પશુપાલનનો વ્યવસાય પ્રકૃતિપ્રેમી, સંતુલિત અને સમાજહિતકારી બન્યો હતો. વાત્સ્યાયન અને ઉદયન જેવા વિદ્વાનોએ પણ કૃષિમાં તર્કસંગત પરીક્ષણ અને પ્રમાણાધારિત નિર્ણયોના મહત્ત્વને સ્વીકાર્યું છે. આધુનિક યુગમાં પણ પાક સુધારણા, જલવાયુ પરિવર્તનના અભ્યાસ, પ્રિસીઝન ખેતી, જમીન અને ભેજ માપન, ઉત્પાદનના અંદાજો તથા કૃત્રિમ બુદ્ધિ આધારિત સાધનોના વિકાસમાં ન્યાયદર્શનની વિચારસરણી પ્રતિબિંબિત થાય છે. ડૉ.એમ.એસ. સ્વામીનાથન અને આર.કે.પચોરી જેવા નિષ્ણાતોના કાર્યમાં પણ અનુભવ અને પ્રમાણાધારિત અભિગમનું મહત્ત્વ જોવા મળે છે.

પ્રાકૃતિક ખેતીમાં પાકપસંદગી, પિયત વ્યવસ્થા, પરંપરાગત સ્થાનિક બિયારણનો ઉપયોગ, બીજ માવજાત માટે બિજામૃત અને ધન તથા પ્રવાહી જીવામૃત જેવા જૈવિક ખાતરો, વિવિધ પ્રકારની વનસ્પતિઓમાંથી તૈયાર કરવામાં આવતી વાનસ્પતિક દવાઓ અને કૃષિ સાધનોની યોગ્યતા ચકાસવા માટે ન્યાયદર્શનનું પ્રમાણશાસ્ત્ર ઉપયોગી બની શકે છે. સાથે જ પરંપરાગત અનુભવ, હવામાન સંકેતો અને સ્થાનિક જ્ઞાનને વૈજ્ઞાનિક રીતે ચકાસીને હવામાન-અનુકૂળ અને પોષણક્ષમ સુરક્ષા પ્રદાન કરતું ટકાઉ ખેતી મૉડેલ વિકસાવી શકાય છે.

**વૈશેષિકદર્શનઃ પ્રાકૃતિક ખેતી સાથે ઉપયોગી પદાર્થોના ગુણધર્મો અને પર્યાવરણીય સંબંધો**

વૈશેષિક દર્શનના પ્રણેતા કણાદ ઋષિ છે. આ દર્શન પદાર્થોના ગુણધર્મો, બંધારણ અને પરમાણુ સ્તર સુધીની રચનાની સમજ આપે છે. તેના મુજબ સૃષ્ટિ વિવિધ પરમાણુઓના સંયોજનથી બનેલી છે અને કૃષિનો આધાર મુખ્યત્વે પૃથ્વી, જળ, વાયુ અને સૂર્યઊર્જા જેવા પ્રાકૃતિક તત્ત્વો પર રહેલો છે. તેથી ખેતીમાં ઉપયોગમાં આવતી

પ્રાકૃતિક તેમજ માનવસર્જિત સાધન-સામગ્રીના ગુણો અને તેમના ગુણો આધારીત ઉપયોગ દ્વારા મળતા પરિણામોને સમજવા વૈશેષિક દર્શન ઉપયોગી બને છે.

વૈશેષિક અને ન્યાયદર્શન પરસ્પર પૂરક ગણાય છે. પ્રાચીન કૃષિઋષિઓએ આ જ્ઞાનના આધારે પ્રકૃતિપ્રેમી સર્વજીવહિતકારી અને હવામાનને અનુરૂપ ખેતી પદ્ધતિઓ વિકસાવી હતી. "જીવો અને જીવવા દો"ની ભાવનાથી ખેતી-પશુપાલન કરવામાં આવતું હોવાના કારણે ખેડૂતને સમાજમાં વિશિષ્ટ માન-મરતબો મળતો હતો.

આ દર્શનમાં પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, દિશા, કાળ, મન અને આત્મા એમ નવ દ્રવ્યોનું વર્ણન કરવામાં આવ્યું છે. દ્રવ્યોના ગુણો, તેમના પરસ્પર સંબંધો અને તેના ઉપયોગ તથા કાર્યપ્રક્રિયાઓને સમજવાથી ખેતીમાં કુદરતી સંસાધનો, સમય, સ્થળ અને માનવીય પરિબળોનું સમતોલન જાળવી યોગ્ય સંચાલન શક્ય બને છે. પ્રાચીન વિચારકો દ્વારા પણ ખેતી સંબંધિત પ્રક્રિયાઓને પ્રમાણો અને પરીક્ષણોના આધારે ચકાસવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આધુનિક સમયમાં જમીનના બંધારણ, પર્યાવરણીય સંતુલન, જૈવિક વૈવિધ્ય અને ટકાઉ કૃષિ વિષેના અભ્યાસોમાં વૈશેષિક સિદ્ધાંતોનો ઉપયોગ થયો છે. જમીન અને પાક પોષણ વ્યવસ્થાપન, પોષક તત્ત્વોના ચક્ર, જૈવિક ખાતરો અને પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક વિકાસમાં પણ આ દર્શનનું મહત્ત્વ જોવા મળે છે. પ્રાકૃતિક ખેતી અને ગૌપાલનને વધુ અસરકારક બનાવવા માટે પ્રાકૃતિક સંસાધનો તથા કૃષિ સાધનોની ગુણવત્તા, રચના અને ઉપયોગિતા અંગે વૈજ્ઞાનિક સંશોધન અને વૈશેષિક દર્શનના સિદ્ધાંતોના આધારે મળેલા પરિણામોનું પરીક્ષણ અને પ્રદર્શન કરીને ખેડૂતોને સાચી, વૈજ્ઞાનિક અને ટકાઉ પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવે તો કૃષિ વિકાસને મજબૂત અને ભરોસાપાત્ર આધાર મળી શકે છે. જેનાથી ખેડૂતની આર્થિક સધ્ધરતા અને સમાજની પોષણ સલામતી સચવાય તેમ છે.

**પૂર્વમીમાંસાઃ પ્રાકૃતિક ખેતીમાં ધર્મ કર્મ, ફરજ અને સામાજિક જવાબદારી**

પૂર્વમીમાંસા દર્શનના પ્રણેતા જૈમિની છે. આ દર્શન ધર્મ, કર્મ, ફરજ અને તેના પરિણામોના ઊંડા વિશ્લેષણ પર આધારિત હોવાથી તેને કર્મમીમાંસા અથવા ધર્મમીમાંસા પણ કહેવામાં આવે છે. તેના અનુસાર માનવીએ કુદરતી સંસાધનો, પશુ-પક્ષીઓ અને સમગ્ર સૃષ્ટિ પ્રત્યે ન્યાયપૂર્ણ અને જવાબદારીપૂર્વક વર્તન કરવું જોઈએ. પ્રાચીન ભારતીય કૃષિ અને ગોપાલનમાં આ વિચારધારા સ્પષ્ટપણે જોવા મળતી હતી, જેના કારણે ખેતીને યજ્ઞસમાન પવિત્ર કાર્ય માની ખેડૂતો પોતે જવાબદારીપૂર્વક ખેતી-પશુપાલન કરતા જેના કારણે ખેડૂતને સમાજમાં અન્નદાતા જેવું વિશિષ્ટ સ્થાન આપવામાં આવેલ હતું.

વાવણી, સિંચાઈ, કાપણી તથા અન્ય કૃષિકાર્યો યોગ્ય સમય અને સંજોગોને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા. ખેતી જીવનનો આધાર હોઈ ખેતીના વ્યવસાયને જીવંત રાખવા ખેતી સાથે વિવિધ તહેવારો, પૂજાઓ અને સામૂહિક વિધિઓને જોડેલ, આથી તહેવાર ઉજવવાનો હેતુ માત્ર ધાર્મિક ન હતો, પરંતુ કુદરત, સમાજ અને કૃષિ વચ્ચેનો સંબંધ મજબૂત બનાવવાનો હતો. આ પરંપરાઓથી પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, સામૂહિક સહકાર અને પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણની ભાવના વિકસતી હતી. આવી કેટલીક પરંપરાગત વિધિઓના કૃષિ અને પશુપાલન પર થતા સંભવિત પ્રભાવ અને ફાયદા અંગે આજની પરિસ્થિતમાં વધુ વૈજ્ઞાનિક સંશોધનની પણ જરૂરિયાત છે.

આજના સમયમાં પ્રાકૃતિક ખેતીને સફળ બનાવવા પૂર્વમીમાંસાના સિદ્ધાંતો મુજબ કુદરતી સંસાધનોનો શોષણરહિત અને જવાબદાર ઉપયોગ, જૈવિક વૈવિધ્યનું સંરક્ષણ, જળ અને જમીન સંરક્ષણ, પશુપાલનનું કાર્યક્ષમ સંચાલન, પરંપરાગત જ્ઞાનનું પુનર્મૂલ્યાંકન જેવી બાબતોની ખેડૂતોને યોગ્ય તાલીમ આપવી જરૂરી છે. આ માટેના ઉપયોગનું વેદસાહિત્યમાં રહેલી ઉપયોગી માહિતીને વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજી, ચકાસી વ્યવહારમાં લાવવી પણ હિતાવહ છે.

આજે ફરીથી સહઅસ્તિત્વ, નૈતિકતા અને 'વસુધૈવ કુટુંબકમ'ના મૂલ્યોને આધારે માનવ અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સ્થાપિત કરવાની જરૂરિયાત છે. સાથે જ, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેપારમાં પ્રામાણિકતા અને નૈતિકતા જળવાય

તે માટે યોગ્ય અને હાથવગી વ્યવસ્થા પણ હોવી જોઈએ.

**વેદાંત (ઉત્તર મીમાંસા): સમગ્ર અસ્તિત્વની એકતાનું કૃષિદર્શન**

વેદાંતદર્શનના પ્રણેતા મહર્ષિ વ્યાસ છે, જેમણે 'બ્રહ્મસૂત્ર'ની રચના કરી. ઉપનિષદોના તત્ત્વજ્ઞાન પર આધારિત આ દર્શન ભારતીય ચિંતનપરંપરામાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વેદાંત મુજબ બ્રહ્મ જ પરમ સત્ય છે અને કર્મ, ભક્તિ તથા જ્ઞાન દ્વારા મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આ દર્શન સમગ્ર સૃષ્ટિના એકત્વને સ્વીકારે છે અને માનવ, પ્રકૃતિ તથા પરમતત્ત્વ વચ્ચેના આંતરસંબંધને સમજાવે છે.

પ્રાકૃતિક ખેતીના સંદર્ભમાં વેદાંતનું મુખ્ય યોગદાન એ છે કે ખેતીને માત્ર આર્થિક પ્રવૃત્તિ નહીં, પરંતુ જવાબદારીપૂર્ણ અને ધર્મમય કર્મ કે યજ્ઞ તરીકે જોવામાં આવે. પ્રાચીન ખેડૂતો જમીન, પાણી, વાયુ, સૂર્યઊર્જા અને અન્ય જીવસૃષ્ટિ સાથે સંતુલન જાળવી ખેતી કરતા હતા. આજની પ્રાકૃતિક ખેતીમાં પણ જૈવિક વૈવિધ્ય, મિશ્ર ખેતી અને પાક પધ્ધતિ, જળસંરક્ષણ અને પાણીનો સક્ષમ ઉપયોગ, સજીવ ખાતરો, જમીનની ફળદ્રુપતાની જાળવણી અને પર્યાવરણ-પ્રેમ, ખેત પદ્ધતિઓને મહત્ત્વ આપવામાં આવે છે, જે વેદાંતીય વિચારધારાને પ્રતિબિંબિત કરે છે. વેદાંત શીખવે છે કે ખેતીના વિવિધ આયામો એકબીજાથી અલગ નથી પરંતુ સમગ્ર કૃષિ-પરિસ્થિતિ એક સંકલિત તંત્ર છે. તેથી સ્વનિર્ભર, પોષણક્ષમ અને ટકાઉ ખેતી, ખેડૂત તથા સમાજ બંનેના કલ્યાણ માટે આવશ્યક છે.

વેદાંત વાસ્તવિક અને ભ્રામક લાભ વચ્ચેનો ભેદ સમજાવે છે. તેના આધારે રાસાયણિક ખેતી તાત્કાલિક ફાયદાકારક જણાય પરંતુ લાંબા ગાળે નુકસાનકારક હોઈ આવી નુકશાનકારક પદ્ધતિઓથી સાવચેત રહી શકાય છે. નૈતિકતા અને વિશ્વાસના આધારે ખેડૂત સંગઠનો તથા સહકારી સંસ્થાઓ ગ્રાહકો સાથે વધુ પ્રામાણિક સંબંધ સ્થાપી શકે છે. કર્મ અને કર્મફળના સિદ્ધાંત મુજબ ખેતીની દરેક પદ્ધતિ વર્તમાન તેમજ ભાવિ પેઢીઓ પર સારી કે માઠી અસર કરે છે.

સફળ પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતને બ્રહ્મજ્ઞાન સાથે કૃષિ-પર્યાવરણ, કુદરતી સંસાધનો, જૈવિક વૈવિધ્ય અને પરિસ્થિતિ તંત્ર અંગેની સમજ હોવી જરૂરી છે. વેદાંત આધારિત પ્રાકૃતિક ખેતીમાં અધ્યાત્મિકતા, પર્યાવરણપ્રેમ અને નીતિમત્તાને સાંકળવાથી ખેતીનો વ્યવસાય વધુ ટકાઉ, માનવકલ્યાણકારી અને સમાજોપયોગી ઉત્તમ વ્યવસાય થઈ શકે છે. વિજ્ઞાન બાહ્ય વિકાસ અને દર્શન આંતરિક વિકાસનું માર્ગદર્શન કરતું હોઈ, બંનેના સમન્વયથી જ પ્રકૃતિ સુસંગત અને કલ્યાણકારી કૃષિ વ્યવસ્થા ઊભી થઈ શકે.

**પ્રાકૃતિક ખેતીનું સંકલિત મૉડેલ**

કૃષિ-પશુપાલનનો વ્યવસાય કુદરત સાથે ગાઢ રીતે જોડાયેલો હોવાથી ભારતીય ષડ્દર્શનોના સિદ્ધાંતો તેની સફળતા માટે માર્ગદર્શક બને છે. સાંખ્યદર્શન પ્રકૃતિ અને તેના પરિવર્તનશીલ તત્ત્વોની સમજ આપે છે, જ્યારે વેદાંત સમગ્ર સૃષ્ટિના એકત્વને સ્વીકારી કુદરત સાથે સુમેળમાં રહી ટકાઉ ખેતી કરવાની પ્રેરણા આપે છે. યોગદર્શન ખેડૂતને મન-શરીરના સંયમ, એકાગ્રતા અને કાર્યકુશળતાનું મહત્ત્વ સમજાવે છે. ભારતીય પરંપરામાં કૃષિ માત્ર વ્યવસાય નહોતો, પરંતુ ધર્મ અને ફરજ સાથે જીવન નિર્વાહ માટેનું પવિત્રકાર્ય માનવામાં આવતું. ખેડૂત પોતાના કાર્યને પરિવાર, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી તરીકે નિસ્વાર્થભાવે નિભાવતો, જેના કેન્દ્રમાં સર્વજીવ કલ્યાણની ભાવના રહેલી હતી. પૂર્વ અને ઉત્તર મીમાંસાના સિદ્ધાંતો અનુસાર કૃષિ-પશુપાલનને યજ્ઞસ્વરૂપ કર્મ ગણવામાં આવતું, જેમાં મહેનત, સમર્પણ અને નિષ્ઠાને વિશેષ મહત્ત્વ અપાતું. આ દૃષ્ટિકોણ પોષણ સલામતી અને સામાજિક સુખાકારી માટે આજે પણ પ્રાસંગિક છે.

ષડ્દર્શનો કાર્યને ફળની અપેક્ષા વિના, ભક્તિભાવ અને સમર્પણથી કરવાની પ્રેરણા આપે છે. તેથી કૃષિ-પશુપાલનનો વ્યવસાય આત્મસાધનાનું સાધન બની શકે છે, જેના પરિણામે વધુ શુદ્ધ, ગુણવત્તાસભર અને પ્રકૃતિમૈત્રી ઉત્પાદનો પ્રાપ્ત થાય છે. લેખકના મત મુજબ, પ્રાકૃતિક અને ગૌઆધારિત ખેતીના વિકાસ માટે ષડ્દર્શનોના જ્ઞાનને કૃષિ શિક્ષણ, સંશોધન અને ખેડૂત તાલીમમાં સ્થાન આપવું જોઈએ. આમ કરવાથી પ્રાકૃતિક ખેતી વધુ વૈજ્ઞાનિક, મૂલ્યઆધારિત, ટકાઉ અને ચિરંજીવી બની શકે.

મો-૯૮૨૫૬૮૪૪૫૪, મો.૯૪૨૬૦૭૮૮૯૯

# (૦૯) હવાઈ મુસાફરીઃ એક અનોખો અનુભવ !

**વિનોદ માંગુકિયા**

આદિમાનવ દ્વારા ચક્રની શોધથી લઈને માનવસહિત ચંદ્ર ઉપર ઉતરાણ અને તે પછી મંગળગ્રહ સુધી પહોંચવાની ક્ષમતા પ્રાપ્ત કરતા માનવજાતને લાખો વરસ લાગ્યાં. આજથી ૧૨૧ વરસ પહેલા- ઈ.સ.૧૯૦૫માં રાઇટબંધુઓએ સૌ પ્રથમ વિમાન બનાવટનો પાયો નાખ્યો. એ વિમાનનું પહેલું સ્વરૂપ તો ઝરખિયાં ગામના ઝાંપા જેવું હતું તો પણ તે વિમાને વૈજ્ઞાનિકોમાં જબરી આશા જગાવી દીધેલી. રાઇટ બંધુઓના પાશેરામાં પૂણી જેવા એ વિમાનમાં ફક્ત એક જ ચાલક બેસી શકે તેવી જોગવાઈ હતી. આજે એક સીટર વિમાનથી લઈને ચાર એન્જીનવાળા ઝમ્બો બૉઈંગ વિમાનોમાં ૮૫૦ મુસાફરો એક જ વિમાનમાં બેસીને પ્રવાસ કરી શકે છે તેનો બધો યશ શોધ-સંશોધન પાછળ જીવન ખપાવી દેનારા વૈજ્ઞાનિકો અને ઇજનેરોને જાય છે. આજે કોઈ દેશ એવો ભાગ્યે જ હશે જયાં ઍરપૉર્ટ ન હોય !

કેટલાક નાના દેશ પાસે એક જ ઍરપૉર્ટ હશે જયારે અમેરિકા પાસે સેંકડો નહીં પણ બે ત્રણ હજાર ઍરપૉર્ટ હશે.અમેરિકાના કેટલાક માલેતુજારો પાસે તો પોતાનું પ્રાઇવેટ ઍરપૉર્ટ હોય છે ! જયારે આપણે ત્યાં આપણી પોતાની કાર આપણા ઘરના દરવાજા બહાર પાર્ક કરીએ એ પહેલાં બીજા લોકો તેમની ગાડી પાર્ક કરી જાય છે ! પાછા એ આપણા પાડોશીને ઘરે બેસવા આવ્યા હોય તો આપણે ના પણ પાડી શકતા નથી !!

દેશ આર્થિક રીતે જેટલો સમૃદ્ધ તેટલાં ઍરપૉર્ટ વધુ હોવાના. અમેરિકામાં રેલવેમાં મુસાફરી કરો કે ફ્લાઇટમાં પણ ટિકિટ લગભગ સરખી જ હોવાની ! આપણા દેશની બહાર જયારે જવાનું થાય ત્યારે પહેલા તો આપણો પાસપૉર્ટ તૈયાર હોવો જોઈએ.એ પછી જે તે દેશના વિઝા હોય તો જ જે તે દેશમાં પ્રવેશી શકો છો.

આપણું અમદાવાદનું ‘સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ ભારતમાં  છઠ્ઠા સ્થાને છે. અહીં રોજ આશરે ૨૫૦ વિમાનો આવજા કરે છે.જયારે મુંબઈ અને દિલ્હી ઍરપૉર્ટ ઉપર રોજ ૮૦૦થી પણ વધારે ફ્લાઇટ આવે જાય છે. ઍરપૉર્ટમાં પ્રવેશ માટેના ગેટ ઉપર ટાઇટ સિક્યુરિટી હોય છે. તેઓ પહેલા તમારી ટિકિટ અને તેની તારીખ જોશે.પછી તમારો પાસપૉર્ટ માગશે.પાસપૉર્ટમાં તમારો ફોટો જોઈને તમારી સામે જોશે. બંને એક છે તેની ખાતરી કરીને તમને પાસપૉર્ટ તથા ટિકિટ પરત આપશે અને ક્યાં બેસવું તે પણ જણાવશે. વિમાન ઊપડવાના સમય પહેલા ચાર કલાક અગાઉ તમારે ઍરપૉર્ટમાં પ્રવેશ મેળવી લેવો જરૂરી છે. તમારી ફ્લાઇટ ઊપડવાને હજી બેથી અઢી કલાક બાકી છે ત્યારે તમારે તમારી બેગો કાઉન્ટર ઉપર સોંપવાની હોય છે. બેગોનું વજન નિયમ મુજબ હોવું જોઈએ.વધારે હશે તો ત્યાં જ ઓછું કરવું પડશે. કોઈની ભલામણ નહીં ચાલે. વિમાનની વજન ઊંચકવાની ક્ષમતાને ધ્યાનમાં લઈને આ નિયમ બનાવેલા હોય છે.

તમારી બે વજનદાર બેગો કાઉન્ટર ઉપર સોંપી દો પછી તમારે બેગોની ચિંતા કરવાની નહીં. તમે જે દેશના જે ઍરપૉર્ટ ઉપર ઉતારવાના હો ત્યાં જ તમારી બેગો તમને સલામત મળી જશે. તમારી બંને બેગોના હેન્ડલ ઉપર તમારા નામ, સરનામાં, ફ્લાઇટ નંબર, તારીખ અને તમારું ડેસ્ટિનેશન વગેરેની વિગતો ત્યાં જ ટાઇપ કરીને બે લાંબી પ્લાસ્ટિક પટ્ટીઓ ઉપર છાપીને તમારી બેગનાં હેન્ડલ ઉપર સામસામી એવી રીતે ચિપકાવી દેશે કે મુસાફરી દરમિયાન એ પટ્ટીઓ તૂટી ન જાય એટલી મજબૂત હોય છે. એને

કાઢવા કાતર વાપરવી પડે છે. આ પટ્ટીઓથી તમારી બેગ જયાં પણ જાય છે ત્યાં એ તરત જ ઓળખાય જાય છે.

બેગ સોંપો ત્યારે જ તમને તમારું બોર્ડિંગ પાસ મળી જશે જેમાં તમારી ફ્લાઇટનો નંબર અને તમારો સીટ નંબર મોટા અક્ષરે છાપેલો હશે. આ પાસ છેક સુધી પાસપૉર્ટ સાથે રાખીને સાચવવો જોઈએ. એ પછી તમારે સિક્યુરિટીમાંથી પસાર થવું પડશે. તમારી પાસે કોઈ પ્રતિબંધિત સામગ્રી નથી ને ? તે ચેક થશે. તમારી હેન્ડ બેગ અને મોબાઇલ કે અન્ય વસ્તુઓ અને અલંકારો વગેરે એક ટ્રેમાં મૂકી દેવાના જે એક ચેકિંગ બેલ્ટમાંથી પસાર થશે અને બીજા છેડે તમને મળી જશે. તમારા મોબાઇલને કોઈ સ્પર્શ પણ નહીં કરે. હવે તમે તમારી ટિકિટમાં દર્શાવિલા ફ્લાઇટના ટર્મિનલ ઉપર આવીને આરામથી બેસી શકો છો. તમારી જ ફ્લાઇટમાં આવનારા મુસાફરો અહીં જ એકત્ર થશે. તેમાં પણ જો કોઈ પરિચિત મળી જાય તો ગોળનું ગાડું મળ્યા જેવો આનંદ થશે.

જો તમે સિનિયર સિટીઝન હો અને તમારે વ્હીલચેરની જરૂર હોય તો ટિકિટ બુક કરાવતી વખતે તમે લખ્યું હશે તો એક ક્રૂ મેમ્બર તમને ચેરમાં બેસાડીને તમારા ટર્મિનલ સુધી અને પછી ઍરોબ્રિજમાં લઈને છેક ફ્લાઇટના ડોર સુધી મૂકી જશે. મોટાં વિમાનોમાં બેસવા માટે ઍરપૉર્ટ ઉપર સીડીના બદલે ઍરોબ્રીજની સગવડ હોય છે. આ બ્રીજ ફોલ્ડિંગ હોય છે. જે ખૂલે એટલે તમે સીધા ચાલીને વિમાનમાં પહોંચી જાવ અને વિમાન ઉપડે તે પહેલાં આ બ્રીજ પાછો સંકેલાઈ જાય છે, છે ને કમાલ !

ચાલો, આપણે હવે ફ્લાઇટમાં બેસીએ છીએ. ડોરમાં પ્રવેશતાં જ ચારપાંચ ક્રૂ મેમ્બર્સ આપની સેવામાં ઉપસ્થિત હશે. યુવાન,સુશિક્ષિત,સુંદર એવી યુવતીઓ તમારો બોર્ડિંગ પાસ જોઈને તમારી સીટનો નંબર બતાવશે.જરૂર હોય તો વૃદ્ધોને છેક તેઓની સીટ સુધી મૂકી જશે.

જેમ મોટાં શહેરોનાં રેલવે સ્ટેશનોમાં કદી રાત પડતી નથી તેમ મોટાં ઇન્ટરનેશનલ ઍરપૉર્ટમાં દિવસ હોય કે રાત તેમાં કશો ફરક પડતો નથી.આ ઍરપૉર્ટ ઉપર જેટલાં વિમાનો દિવસે ઉતરે છે તેટલાં જ રાતે ઉતરે છે. જાણે અહીં કોઈ સૂતાં જ નથી ! આ પ્રકારના ઍરપૉર્ટ ઉપર એક જ રનવેથી હવે કોઈને ચાલતું નથી. બે, ત્રણ કે ચાર રનવે હોય તેવાં અનેક સીટી છે એટલું જ નહીં,એક જ સીટીમાં એકથી વધુ ઍરપૉર્ટ પણ હોય છે ! ન્યુયોર્ક કે શિકાગો જેવાં શહેરોમાં ત્રણ ચાર ઍરપૉર્ટ છે અને હવે તે પણ ટૂંકાં પડે છે !

આપણા મુંબઈમાં હમણાં બીજું મોટું નવું ઍરપૉર્ટ ચાલુ થયું છે. જે દુનિયાનાં ઉત્તમ ઍરપૉર્ટમાંનું એક બન્યું છે. દરેક ઍરપૉર્ટની ડિઝાઇન અનોખી ! દરેકની ખાસિયત અલગ ! યુએઈના બે ઍરપૉર્ટ પણ જોવાં જેવાં છે. એક દુબઈ અને બીજું અબુધાબી ઍરપૉર્ટ ! બંને ઍરપૉર્ટ તેની સુંદરતા માટે જાણે એક-બીજાની સ્પર્ધા કરે છે !

વિશ્વના અગત્યના શહેરોના ઍરપૉર્ટની વ્યવસ્થા, સુવિધા, સ્વચ્છતા નોંધપાત્ર હોય છે. વિશાળ ઍરપૉર્ટમાં તમને ચોકલેટનું એક રેપર કે કોઈ જીવડું નહીં દેખાય. ચકચકતાં ફ્લોર ઉપર રોબોટ સતત જાતે સફાઈ કરતા જોવા મળશે ! અહીં કોઈ ગંદકી કરશે નહીં. કોઈ બીડી સિગારેટ પી શકતા નથી કે પાન,માવા ફાકી ચાવી શકતા નથી. ચારે તરફ CCTV Camera લાગેલા હોય છે. તમને રસ્તો બતાવવા કે માહિતી આપવા કે મદદ કરવા ઍરપૉર્ટ કર્મચારીઓ ત્યાં સતત ઊભા હોય છે.

જેમ મોટાં બસ સ્ટેશનો ઉપર જુદા જુદા રૂટની બસો માટે જુદા જુદા પ્લેટફોર્મ હોય છે એમ ઍરપૉર્ટ ઉપર ડઝનબંધ ટર્મિનલ હોય છે. તમે સિનિયર સિટીઝન છો તો તમને તમારા ટર્મિનલ સુધી વ્હીલચેરમાં પહોંચાડવા કોઈ યુવાન કે યુવતી આવશે અને તમને સંભાળીને લઈ જશે.

દરેક ટર્મિનલ ઉપર સેંકડો આરામ ખુરશીઓ હોય છે જેમાં તમે આરામ ફરમાવી શકો છો. એજ રીતે દરેક જગ્યાએ વોશરૂમ અને સાથે પીવાના પાણીની સુચારુ વ્યવસ્થા દુનિયાનાં પ્રત્યેક ઍરપૉર્ટ ઉપર કરવામાં આવી

હોય છે. ઉત્તમ ઍરપૉર્ટ ઉપર પહેલા ફ્લોર ઉપર ખાણીપીણી અને અન્ય વસ્તુઓ માટેની ઝગમગતી બજાર હોય છે. ઠંડાં પીણાંની રેલમછેલ જોઈ લો ! પ્લેનમાં બેઠા પછી તો જમવાનું ફ્રી મળવાનું જ હોય છે જેની કિંમત ટિકિટમાં વસૂલી લીધી હોય છે, પછી તમે જમો કે ન જમો ! આ તો પ્લેન આવે તે પહેલા તમારે વધારાનું કંઈ ખાવું હોય તો ભભકદાર સ્ટોર તમારું સ્વાગત કરવા સજ્જ હોય છે. આખી રાત સ્ટોર ખુલ્લા જ હોય છે. ગમે તેટલું ખાવ ! ખાધા જેવી બીજી કોઈ ખુશી નથી અને સૂતાં જેવું બીજું કોઈ સુખ નથી !

આ નવી ભાતનાં ઍરપૉર્ટમાં દિવાલ જેવું કશું હોતું નથી. દિવાલોની જગ્યાએ મોટા કાચ દેખાય છે. અહીંથી તમે રનવે પર વિમાનો ચડતાં ઉતરતાં જોઈ શકો છો. એક ઉતરે ત્યાં બીજું ઘરઘરાટી બેલાવીને ઉપડે ! ત્યાં વળી ત્રીજું ક્યાંકથી આવી ચડે ! તમે કેટલાં ગણશો ? તેમાં પણ જયારે તમારું પ્લેન હજારો કિલોમીટર દૂરથી આવે, રનવે ઉપર ઉતરે અને તમારા ટર્મિનલ સુધી પહોંચીને તેનો મોરો તમારા તરફ આવી જાય ત્યારે તમને થાય કે ચાલો ,આપણી ફ્લાઇટ સમયસર આવી તો ગઈ !

મો-૯૪૨૭૬૯૪૭૭૦

**સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવારને**
**વિદિત કરવામાં આવે છે કે:**

**આપ સૌ જાણો છો તેમ આપણે છેલ્લા ૩૩ વર્ષથી સ્વ. મૃદુલાબહેનની પૂણ્યતિથિએ પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાનું આયોજન મણાર ખાતે કરતાં આવ્યાં છીએ. સૌની અનુકૂળતા અને વાતાવરણીય પરિસ્થિતિને ધ્યાને રાખીને હવે આ કાર્યક્રમ આ વર્ષથી તા. ૨૫ ડિસેમ્બરે (સ્વ. મૃદુલાબહેનની જન્મતિથિએ) યોજવાનું વ્યવસ્થાપક મંડળે ઠરાવ્યું છે, તો આપ સૌને નોંધ લેવા અને સહકાર આપવા વિનંતી છે.**

**નિયામક,**
**ગ્રામદક્ષિણામૂર્તિ.**

**આદિ શંકરાચાર્ય**

આદિ શંકરાચાર્ય અસાધારણ ક્ષમતા ધરાવતા અદ્વિતીય વિદ્વાન હતા. બે વર્ષની વયે જ તેઓ કડકડાટ સંસ્કૃત બોલી અને લખી શકતા હતા. ચાર વર્ષની ઉંમરે તો તેઓ ચાર વેદોનું પઠન કરી શકતા હતા. તેમણે બારમા વર્ષે સંન્યાસ લઈને ગૃહત્યાગ કર્યો. નાની ઉંમરે તેમણે સમગ્ર ભારત દેશમાં ભ્રમણ કરીને આધ્યાત્મિક વિજ્ઞાનને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો.

બત્રીસ વર્ષે તેમણે તેમનો દેહ ત્યાગ કર્યો. બારથી બત્રીસ વર્ષ દરમિયાન તેમણે ભારતમાં ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ, કેરળથી લઈને બદ્રીનાથ અને ત્યાંથી પાછા ભ્રમણ કર્યું. આટલા ટૂંકા આયુષ્યમાં તેમણે હજારો કિલોમીટરનો પગે ચાલીને પ્રવાસ કર્યો અને આ ભ્રમણ દરમિયાન તેમણે હજારો પૃષ્ઠોનું સાહિત્ય રચ્યું.

સરેરાશ મનુષ્ય આદિ શંકરાચાર્યના આયુષ્ય જેટલાં વર્ષો તો ઊંઘવામાં પસાર કરી નાખે છે અને મૃત્યુ પામતી વખતે વિચારે છે કે આવરદા ઓછી પડી. જેને કંઈક વિશિષ્ટ કામ કરવું છે તેના માટે કોઈ આયુષ્ય ટૂંકું નથી હોતું અને જેને ભૌતિક સુખો જ માણવાં છે એના માટે ગમે તેટલું લાંબું આયુષ્ય પર્યાપ્ત નથી હોતું. વૃદ્ધ થયેલા રાજા યયાતિએ અધૂરા રહેલા ભોગવિલાસ માણવા માટે પોતાના પુત્રની યુવાની માગી લીધી હતી. આપણે નક્કી કરવાનું છે કે આદિ શંકરાચાર્યના માર્ગે ચાલવું છે કે યયાતિના ?

ૐ નમઃ શિવાય

- ડૉ. શરદ ઠાકર

# (૧૦) શબ્દોમાં અવતરતું અનુભવનું બળ

**મનસુખ સલ્લા**

'સચ્ચિદાનંદ સન્માન' ૨૦૨૪ માટે ગુજરાતી સાહિત્ય પરિષદની પસંદગી સમિતિએ મારું નામ પસંદ કર્યું એ માટે પસંદગી સમિતિ અને ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યવાહકોનો હૃદયથી આભારી છું. મારી શબ્દોપાસના માટે મળેલું આ મોટામાં મોટું ગૌરવ છે. વળી આ સન્માન સાથે સ્વામી સચ્ચિદાનંદજીનું નામ જોડાયેલું છે એ મારે માટે વિશેષ ગૌરવની વાત છે. સ્વામીજી પોતે મોટા લેખક છે અને આધુનિકકાળમાં તેઓ ક્રાંતિકારી સંત છે. હિન્દુધર્મનાં અનેક જાળાં સાફ કરવાનું કામ તેમણે નિર્ભીક રીતે કર્યું છે. શબ્દોપાસકો માટે આ એક આદર્શ પણ ગણાય.

આજે ગુજરાતી સાહિત્ય પરિષદનો સ્થાપનાદિન છે. (તા.૦૧/૦૭/૨૦૨૬) અને રણજિતરામ વાવાભાઈની પ્રતિમાની આજે પરિષદમાં સ્થાપના થઈ તે ઘટના અનેક દૃષ્ટિએ નોંધપાત્ર છે. શબ્દસેવીઓ માટે રણજિતરામનું જીવન દીવાદાંડી સમું છે. આવી શુભ ઘડીએ આ સન્માન મને મળ્યું એ ભલે સંજોગ હોય, મારે માટે આ દિવસ અને પ્રસંગ અનેક રીતે યાદગાર છે, મને ધન્યતાનો અનુભવ કરાવનારો છે.

આ પ્રસંગે પ્રતિભાવરૂપે ટૂંકમાં બેત્રણ વાત કહું તેમાં ઔચિત્ય છે. સન્માન પામનાર શબ્દસેવી,કર્મક્ષેત્રમાં પણ વિશેષ રીતે પ્રવૃત્ત હોય તો આ સન્માન માટે ગૌરવપૂર્ણ ગણાય છે. એમ હું સમજ્યો છું. મારા જીવનમાં શિક્ષણ અને સાહિત્યની બે-પાંખે હું ઊડ્યો છું એમ કહું કે 'શિક્ષણ' અને 'સાહિત્ય'ના બે ગિરિ ચડવાનો મારો પ્રવાસ રહ્યો છે એમ કહું એ બંને સાચું છે.

કેવળ શિક્ષણક્ષેત્રમાં જ પ્રવૃત્ત રહેવું અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ જેવી શિક્ષણસંસ્થા હોય તો એ પરમાનંદ આપનારી ઘટના છે. એમાં સૌથી મોટી પ્રાપ્તિ વિદ્યાર્થીઓનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો તેને હું ગણું છું. એનો આનંદ લોકભારતી સણોસરામાં મેં ૩૬ વર્ષ સુધી લીધો છે. એ દિનદિન બઢત સવાયો એવો અનુભવ છે.

નારાયણભાઈ દેસાઈએ 'અનુભવની એરણ પર'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'મનસુખભાઈનું કાર્ય, લેખન અને ચિંતનને છૂટાં પાડી શકાય તેમ નથી.' એ સાચું છે. મને શબ્દોનો સથવારો મળ્યો લોકશાળા ખડસલીમાં. (મારી હાઈસ્કૂલ) ત્યાં લખ્યું તો નહીં જેવું, પણ વંચાયું ખૂબ. અમે એક લેખક આખો વાંચતા. દર્શક, મુનશી, પન્નાલાલ, ર.વ.દેસાઈ કે શરદબાબુ. લોકભારતીમાં સ્નાતકના અને ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એ.ના અભ્યાસ દરમિયાન સાહિત્યની ખૂબીઓ અને સૂક્ષ્મતાઓને પામવાનું બન્યું. બંને જગ્યાએ ખૂબ વંચાયું. એ સ્વાધ્યાયયોગ બની રહ્યો. લખવા વિશે હું એટલો ગંભીર ન હતો, પ્રાસંગિક થોડું લખાયું.

મારું પ્રથમ નોંધપાત્ર લેખન ચરિત્રનિબંધોમાં થયું. 'જીવતર નામે અજવાળું' સંગ્રહમાં લોકભારતીનાં જ ચરિત્રો છે. એ પછી બીજો ચરિત્રનિબંધોનો સંગ્રહ 'તુલસીક્યારાના દીવા' પ્રગટ થયો. આ બંને સંગ્રહો ખૂબ પોંખાયા. ત્રીજો સંગ્રહ આ વર્ષમાં પ્રગટ થશે. ચરિત્રનિબંધમાં મારા પ્રદાન વિશે અનેક વિવેચકોને તૃપ્તિ થઈ છે.

મેં ખરેખર તો નિવૃત્તિ પછી લખ્યું છે- ૨૦૦૩માં નિવૃત્તિ પછી. મેં હર્ષદભાઈ-બિંદુબહેન ત્રિવેદી તેમને ઘેર જમતી વખતે લોકભારતીનાં કેટલાક પ્રસંગો કહ્યા. સાંભળીને તેમણે કહ્યું કે,

'તમે આ પ્રસંગો ન લખો તો ભૂલ નહીં, ગુનો ગણાશે.'

એ અનુભવો મેં 'અનુભવની એરણ પર'માં શબ્દસ્થ કર્યા છે. જાતને આઘી રાખીને અનુભવોને જ કેન્દ્રમાં મૂકી શકાય અને એમાં શબ્દનું બળ કેમ પરિણામદાયી બની શકે તેનો ગાઢ રીતે અનુભવ થયો હતો. મુ. પ્રકાશભાઈ ન. શાહે પુસ્તક વાંચીને કહેલું કે, 'નાનાભાઈ ભટ્ટની આત્મકથા 'ઘડતર અને ચણતર', મનુભાઈ પંચોળીની સંસ્થાકથા 'સદ્ભિઃ સંગઃ' અને તમારું પુસ્તક 'અનુભવની એરણ પર' સળંગ વાંચીએ તો લોકભારતીનો કેળવણી વિચાર અને વ્યવહાર પારખી શકાય.'

મારા બાળપણના ૧૩ વર્ષ સુધીના અનુભવો લલિત રીતે પ્રગટ્યાં 'હૈયે પગલાં તાજાં' પુસ્તકમાં. રતિલાલ બોરીસાગરે એને 'શૈશવનું સુગંધી સરોવર' રૂપે ઓળખાવેલું અને લખેલું કે, 'શૈશવની રમણીય સ્મરણકથા લઈને આવેલું આ પુસ્તક આપણા પ્રથમ પંક્તિના સર્જકોની પંગતમાં શ્રી સલ્લાનો પાટલો પાડી આપશે એમાં મારા મનમાં કોઈ શંકા નથી.'

એનું ગદ્ય અને રજૂઆત આગવા હતાં. મારા ગાંધીવિચાર, શિક્ષણવિચાર, જીવનવિચારનાં મળીને ૨૨ પુસ્તકો પ્રગટ થયાં છે. મારી ૮૦ વર્ષની ઉંમરે 'કુમાર'ના તંત્રી પ્રફુલ્લ રાવળના નિમંત્રણથી મેં લલિતનિબંધો લખવાનું શરૂ કર્યું. પાંચ વર્ષથી લખાય છે. મેં આ ઘટનાને સર્જકસત્રમાં મારા નવા અવતાર જેવી ગણાવેલી. એનું ગદ્ય, ભાવચિત્રો, દૃશ્યમાળાઓ, શબ્દવિધાન સઘળું અલગ છે. આ મહિનામાં એનું પ્રથમ પુસ્તક 'પર્ણોમાં ઝિલાતો સૂર્ય' નામે પ્રગટ થશે એની વિશેષભાવે નોંધ લેવાશે એવી મને આશા છે.

શબ્દને આધાર તો અનુભવો આપે છે. અનુભવ એટલે માત્ર જાણવું નહીં પરંતુ એમાં અનેક તત્ત્વો સમાય જાય છે. એમાં પ્રત્યક્ષ જ્ઞાન છે, લાગણીની સૂક્ષ્મતાઓ છે. અકથ્ય એવી ભાવાનુભૂતિઓ પણ છે. એ જ્યારે કોઈ વિષયરૂપે ઉતરે છે, શબ્દદેહ ધારણ કરે છે ત્યારે અનેકવાર વિસ્મયનો અનુભવ કરાવે છે. એનું પૂર્વાનુમાન નથી થઈ શકતું. પિંડ પોતે જ આકાર ધારણ કરે છે. લલિતનિબંધમાં તો એ બહુ જ સાચું છે. એટલે સર્જકે બૌદ્ધિક ડખલગીરીથી દૂર રહેવાનું હોય છે

જેમ જેમ શબ્દ સાથે કામ પાડતો જાઉં છું તેમ તેમ સ્પષ્ટ થતું જાય છે કે શબ્દને સેવવો એ એક પ્રકારનું તપ છે. આ તપ કેટલીક શિસ્ત માંગે છે અને આપણા ઉપર કેટલાક પ્રતિબંધો પણ મૂકે છે. એટલે જ શબ્દની ઉપાસના અને પ્રલોભન એ વિરોધી બાબતો છે. પ્રલોભન માટે સર્જક બાંધછોડ કરે ત્યારે ખુદવફાઈ ચૂકે છે. એટલે ખુદવફાઈને મેં અનિવાર્ય માની છે. પુરસ્કાર -સન્માન વગેરે તો પાછળ પાછળ આવે છે. શબ્દને સેવતા મને અનુભવાયું છે કે એનો મને પૂરતો સાથ મળ્યો છે. ક્યારેક તો અસામાન્ય સૃષ્ટિ ઊઘડી આવે છે. એ જેવી તેવી પ્રાપ્તિ નથી. આ ટૂંકી કેફિયતના અંતમાં કહી શકું કે, શબ્દને સેવવાનું મળે એ પરમભાગ્ય છે. એમાં જીવનને નવેસર પમાય છે. એના અણસારા મેં ઝીલ્યા છે.

'સચ્ચિદાનંદ સન્માન' કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજી ૨૯ વર્ષમાં પ્રથમ વખત હાજર રહ્યા અને એમને હાથે આ સન્માન સ્વીકારવાનું બન્યું એને હું સદ્ભાગ્ય ગણું છું. આદરણીય રઘુવીરભાઈ, કુમારપાળભાઈ, પ્રમુખ શ્રી હર્ષદભાઈ ત્રિવેદી અને સાહિત્ય,શિક્ષણ તથા સમાજઉત્થાન ક્ષેત્રના અનેક અગ્રણીઓ ઉપસ્થિત છે તે મારે માટે ગૌરવની ઘટના છે.

મારી સાથે ૨૦૨૫ના વર્ષ માટે પુરસ્કૃત થયેલા કાનજીભાઈ પટેલને હાર્દિક અભિનંદન પાઠવું છું. આપ સૌ આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત છો તે સૌનો આભારી છું.

(સચ્ચિદાનંદ સન્માન સ્વીકાર વેળાનો પ્રતિભાવ
સ્થળઃ ગુજરાતી સાહિત્ય પરિષદ - અમદાવાદ
તારીખઃ ૧/ ૭ /૨૦૨૬)

મો.૯૮૨૪૦૪૨૪૫૩

## (૧૧) બાઉલ સાધનાની કથાઃ ધાનસંગ્રહ

**સતીશચંદ્ર વ્યાસ**

અચલદાસ બાઉલનો આશ્રમ પશ્ચિમ બંગાળના હૂબલી જિલ્લામાં, ગાદીઆરા ગામમાં, રૂપનારાયણ અને હૂગલી નદીના સંગમસ્થળ પર રમણીય કિનારે હતો. અચલદાસના અવસાન પછી સતીમા વિભૂતિ માઈ તેના ત્રણ શિષ્યોને અધૂરી રહેલ તાલીમ આપી રહ્યા હતા. અમે અચલ અને વિભૂતિને વર્ષોથી ઓળખીએ છીએ. ગાદીઆરા બંગાળનું જાણીતું પ્રવાસન ક્ષેત્ર પણ છે.. તેથી ત્યાં પણ બે ત્રણ વખત જવાનું થયું હતું. પરંતુ અચલના મૃત્યુ પછી તેના આશ્રમની અમારી આ પહેલી મુલાકાત હતી.

કલકત્તાથી દર્શન બર્મન અમારી સાથે હતા. આશ્રમ પર જઈ સૌ પ્રથમ અમે અચલદાસની સમાધિ પર પુષ્પ ચડાવ્યા. પછી વિભૂતિ પાસે બેઠા. વિભૂતિ માઈ સરળ સ્વભાવની પરંતુ ઉચ્ચ સાધિકા હતી. થોડી વાતો કરીને અમારા માટે તે રસોઈ બનાવવા પ્રવૃત થઈ. અમે તેના ત્રણ ચેલામાંથી થોડો મોટો એટલે કે બાર વર્ષનો લાગતો હતો તે ચેલા અભયને પૂછ્યું, 'બાઉલત્વ જાણવાની અચલદાસ પાસે મજા આવતી હતી કે મા પાસે મજા આવે છે?'

તે હતો તો નાનો પણ બાઉલની જેમ જ સીધો જવાબ ન આપવાની તેની ખાસિયત તેને મોટો બતાવતી હતી ! તેણે કહ્યું, 'બંનેની પદ્ધતિ સમાન છે, અમને બંને અનુકૂળ જ લાગે છે !'

અમે પૂછ્યું, 'નહીં, બાઉલ તો શું બાઉલત્વનુ જ્ઞાન અને વ્યવહારુ જ્ઞાન આપવામાં તેમની વચ્ચે કશું ભેદ તો હશે ને?'

આટલી મથામણ પછી તે પકડાયો અને બોલ્યો, 'હા, ગુરુમા વ્યવહારિક જ્ઞાનમાં, જીવનમાં બનતા પ્રસંગોને, બાઉલ તત્ત્વ સાથે જોડી અને સારી રીતે સમજાવે છે ! તેથી બાઉલ તત્ત્વ ઝડપથી સમજી શકાય છે, અમલમાં મૂકી પણ શકાય છે !'

મેં તેને પૂછ્યું, 'અભય ! તારી સાથે ગુરુમાની આવી કોઈ યાદી ખરી ? '

તે બોલ્યો, 'હા, તમને કહું છું, ગત વર્ષે નિત્ય નિયમ મુજબ હું માધુકરી માટે ગયો હતો. અમે ત્રણ ચેલા અને ગુરૂમા માટે માત્ર ૧૦ ઘર માગવાના હોય. સામાન્ય રીતે ભિક્ષામાં બધા ચોખા આપતા હોય છે. તે દિવસે માએ મને કહ્યું, 'ખોકા ! ભિક્ષાના ચોખામાંથી ધનેડા નીકળે છે, તને ખબર છે, કોના ઘરે ધનેડા પડ્યા છે ?'

મેં કહ્યું, 'ના, મા ! તે ખ્યાલમાં નથી, વળી આપણે ચોખા ક્યાં લાંબો સમય સંઘરવા હોય છે ? આવે કે તુરંત રાંધી નાખવાના હોય છે....'

મા વચ્ચે જ અટકાવતી બોલી, 'બેટા ! આટલું બધું ટૂંકું વિચારવાનું ? આપણે ચોખા સંઘરવા નથી, તે વાત ખરી, પણ આપણને દાન આપનારના ચોખા વધુ સડે નહીં, તે આપણે નહીં વિચારવાનું ? તેમણે હુકમની ભાષામાં મને કહ્યું, કાલે તારી સાથે હું માધુકરીમાં આવીશ. તે ૧૦ ઘરમાંથી કયા ઘરના ધાનમાં ધનેડા પડ્યા છે તે જોઈશું.'

આગળ વાત કરતા અભય બોલ્યો, 'ગુરુમા સાથે હું પણ હતો, ગામની વચ્ચે આવેલ મનસા મંદિરની બાજુની, સાંકડી ગલીમાં, ત્રીજા મકાનમાં રાધુભાભીના ઘરેથી ધાનમાં ધનેડા આવ્યા ! તરત રાધુ વહુને પૂછ્યું કે બેટા, તારા ધાનમાં ધનેડા પડી ગયા છે, કોઠી ખાલી કરી, બે દિવસ

ધાન અને કોઠી બંનેને તડકામાં સુકવજે ! પછી કોઠીમાં ધાન ખૂબ જ ઠાંસી ઠાંસીને ભરજે, કપડાં ધોવાના ધોકાથી કચડી કચડી અને ધાન ભરજે'

એક અઠવાડિયા પછી રાધુભાભીએ મને કહ્યું કે બાઉલ માઈની સલાહ પ્રમાણે કર્યું અને હવે દાનમાં ધનેડા નથી. પછી તો હું જ્યારે જ્યારે ભિક્ષા લેવા માટે જાઉં ત્યારે ધાનમાં ધનેડા નથી ને ? તેની ખાતરી કરવા લાગ્યો.પછીના બે માસ બધું બરાબર ચાલ્યું. પણ બે માસ પછી રાધુભાભીને ત્યાંથી ફરીથી ધાનમાં ધનેડા આવવા લાગ્યા. મેં ગુરુમાતાને કહ્યું કે રાધુભાભીને ત્યાં ફરી ધાનમાં ધનેડા આવે છે. સતીમા બોલ્યા, 'હવે તો જૂનું ધાન ખૂટવાની તૈયારી છે, પણ છતાં મારે રાધુને મળવું પડશે !'

અભય બોલ્યો 'ત્રીજે દિવસે સતીમા મારી સાથે રાધુ પાસે આવ્યા અને પૂછ્યું, 'રાધુ બેટા! શું તે ચોખાને કઈ રીતે કચડી કચડી ને ભરેલા ?'

રાધુભાભીએ કહ્યું, 'ગુરુમા, જમીન ખોદવા માટેની કોશ લઈ અને તેનાથી પ્રહાર કરી કરી ચોખા ભરેલા !'

સતીમા બોલ્યા, 'બેટા, ધાનમાં ધનેડા ન પડે તે વાસ્તે તેને ખૂબ દબાવી, કચળી, ઠાંસી ઠાંસી ભરવાના હોય. તેમ કરવાથી તેમની વચ્ચે હવા ના રહે. તે હવામાં જ ધાનને બગાડનાર ધનેડાના મૂળ છૂપાયેલા હોય છે. પણ બીજી વાત તે ધાનને દબાવતી વખતે ધાનના ટુકડા ન થવા જોઈએ! કારણ કે ટુકડો થઈ ગયેલા ધાનને, ધનેડા ઝડપથી શિકાર બનાવે ! પોતાનો વસ્તાર વધારે. જો કપાયા વગરનું ધાન હોય તો ધનેરા કશું ન કરી શકે ! તેં ધારદાર કોશ દ્વારા કોણ જાણે કેટલાય ધાનના ટુકડા કરી નાખ્યા હશે ! ઠીક છે, હવે તો કોઠીનું તળિયું દેખાતું હશે ! આવતા વર્ષે ખ્યાલ રાખજે.'

આટલી વાત કરી અમે આશ્રમ તરફ નીકળ્યા. ત્યારે પાછા વળતા સતીમાએ મને જે વાત કરી તે બહુ જ મહત્ત્વની છે. તે બોલ્યા, 'ખોકા ! ગૃહસ્થોને મન ચોખાના કણ કિંમતી હોય છે. તે બીજ સુરક્ષિત, સાજા અને બીજા વર્ષે ઊગે તેવા રહેવા જોઈએ.

પછી કહ્યું, 'આપણા બાઉલ માટે ચિંતનના ચોખા તેટલા જ મહત્ત્વના. મનેરમાનુષ, પ્રેમની કોઠીમાં તે ચિંતનના બીજને કચડી, ખૂંદી, ઠાંસોઠાંસ ભરવા ! અન્ય એક પણ જણસનું બિંદુ કે કણ વચ્ચે રહેવું ન જોઈએ. હા, પાછા તે ચિંતનના કણ, તેની ધારા, તૂટીફૂટી કે ટુકડા પણ ન થવી જોઈએ ! રાધુને જે કણ માટે કહ્યું, તે બાઉલત્વ માટે તને પણ લાગુ જ પડે છે.' અભય આ વાત પૂરી કરી ત્યાં તો સતીમા ગરમાગરમ પુન્તો ભાત અમને ચખાડવા માટે રસોડામાંથી આવ્યા.

મો. ૯૮૯૮૬૪૩૩૫૩

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી અધ્યાપનમંદિરના કાર્યકર શ્રી અમિતભાઈ સાસાણીના માતુશ્રી કસ્તુરબહેન બાબુભાઈ સાસાણીનું ૬૦ વર્ષની વયે તા. ૧૯-૦૭-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી, ખાદી કાર્યલય-ઢસાના ટ્રસ્ટી અને સહકારી અને જાહેર જીવન ક્ષેત્રે સતત સક્રિય એવા શ્રી રવજીભાઈ રાજપરાનું ૮૪ વર્ષની વયે તા. ૨૯-૦૭-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# (૧૨) સંસ્થા સમાચાર (જુલાઈ, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

● તા.૦૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના અને લો.ભા. યુનિ.ના પ્રથમ વર્ષના પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને અને તેની સાથે આવેલા વાલીઓને આવકારવાનો કાર્યક્રમ યોજાઈ ગયો, વાલીઓ સાથે વિભાગીય રીતે જુદી જુદી બેઠકો પણ રાખવામાં આવી. સૌ કાર્યકરો અને સૌ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગીદારી કરી.

● તા. ૦૧ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંચાલિત લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા ખાતે પ્રથમ વર્ષ બી.આર.એસ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ માટે પ્રવેશ અને સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નવપ્રવેશિત વિદ્યાર્થીઓનું ચંદન-તિલક કરી, મીઠાઈ આપી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાવિદ્યાલયના વરિષ્ઠ વિદ્યાર્થીઓએ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તેમજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ઇતિહાસ, ધ્યેય, મૂલ્યો, શૈક્ષણિક પરંપરા, વિવિધ પ્રવૃત્તિઓ તથા કેમ્પસ જીવનનો પરિચય કરાવી તેમને સંસ્થાના વાતાવરણ સાથે આત્મીય રીતે જોડવાનો પ્રયત્ન કર્યો હતો. આ અવસરે લોકસેવા મહાવિદ્યાલયના નિયામકશ્રી, આચાર્યશ્રી, અધ્યાપકમંડળ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે આત્મીય મુલાકાત કરી, મહાવિદ્યાલયની શૈક્ષણિક વ્યવસ્થા, અભ્યાસક્રમ, શિસ્ત, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ સંસ્થાની કાર્યપદ્ધતિ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

● તા.૦૨ના રોજ ગુજરાત સરકારના નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત દ્વારા પ્રાયોજિત હાયર એજ્યુકેશન ફિનિશિંગ સ્કૂલ પ્રકલ્પનો મુખ્ય હેતુઃ સ્નાતકના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, રોજગાર અને વ્યાવસાયિક જીવન માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ બનાવવાનો છે. આ હેતુને સિદ્ધ કરવા માટે લોકભારતી, લોકસેવા મહાવિદ્યાલય, સણોસરામાં તૃતીય વર્ષ ગ્રામવિદ્યા સ્નાતક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે ૮૦ કલાકનો સઘન તાલીમ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓમાં વ્યવહારુ અંગ્રેજી ભાષા, અસરકારક સંપ્રેષણ કૌશલ્ય, વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ, ટીમવર્ક, સમસ્યા નિવારણ, નિર્ણયક્ષમતા અને આત્મવિશ્વાસ જેવા જીવનોપયોગી ગુણોનો વિકાસ થાય તે માટે તાલીમને બે અલગ-અલગ બેચમાં વિભાજિત કરવામાં આવી હતી.

પ્રથમ બેચમાં 'Functional English & English Communication' વિષયક તાલીમ શ્રી સ્મિતભાઈ પારેખ દ્વારા આપવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષા પરની પકડ અને અસરકારક સંવાદ કૌશલ્ય વિકસાવવા પર ભાર મૂકવામાં આવે છે. બીજા બેચમાં 'Life Skills' વિષયક તાલીમ ડૉ. છાયાબેન પારેખ દ્વારા આપવામાં આવી હતી.આ સમગ્ર તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને આધુનિક કાર્યક્ષેત્ર અનુસાર કૌશલ્યસભર, આત્મવિશ્વાસપૂર્ણ, જવાબદાર અને રોજગારલક્ષી નાગરિક તરીકે વિકસાવવાનો છે.

● તા.૦૩ના રોજ શ્રી  નીતિનભાઇ ભીંગરાડિયા ગાંધીનગર ખાતે ખાલી જગ્યા અને ગ્રાન્ટ સંદર્ભે કમિશનર શ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મુલાકાતે જઈ આવ્યા.

● તા.૦૪ના રોજ શનિ સંમેલન અંતર્ગત એસ.વાય.ના વિદ્યાર્થીઓએ નવા વિદ્યાર્થીઓને સંસ્થા દર્શન કરાવ્યું.

● તા.૦૮ના રોજ બુધ સંમેલન અંતર્ગત લોકસેવા

મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા વિભાગીય – કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી.

● તા. ૮મી એ શ્રી જગદીશગિરિ ગોસાઈ પ્રથમ વર્ષ અધ્યાપન મંદિરના પ્રવેશ કામગીરી સંદર્ભે યોજાયેલ બેઠકમાં ગાંધીનગર જઈ આવ્યા.

● તા.૦૯/ના રોજ નઈ તાલીમ સંઘના પ્રમુખ શ્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા ( કેન્દ્રીયમંત્રી) તથા ગુજરાત રાજ્ય શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમ્ન વાઝા સાથેની ઑનલાઇન બેઠકમાં ગ્રામવિદ્યાપીઠના પ્રશ્નો અંગે શ્રી અરુણભાઈ દવે અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા જોડાયા.

● તા. ૧૦ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર,મણારના સંયુક્ત આયોજનમાં મણાર ખાતે 'આંબાના પાકની ઉત્કૃષ્ટ ખેતી પદ્ધતિ' પર એક સરસ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

● તા. ૧૦,૧૩,૧૪,૧૫, અને ૧૮ના રોજ ઝોનલ ઓફિસ, પુણે દ્વારા આયોજિત વિવિધ પ્રકલ્પો પરની ઓનલાઈન મિટિંગમાં શ્રી નિગમભાઈ શુકલએ ભાગ લીધો.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં જુલાઈ મહિનામાં મહિલા તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ક્રમાંક ૮૫માં નીચે પ્રમાણે વિદ્વાન વક્તાશ્રીઓ પોતાના જ્ઞાનનો લાભ આપી ગયા છેઃ (૧) શ્રી અરુણભાઈ દવે, વિષયઃ અધ્યાત્મ અને વિજ્ઞાનનો સુમેળ. (૨) શ્રી રામચંદ્રભાઈ પંચોલી,વિષયઃ વિશ્વશાંતિની ગુરુકિલ્લી' (૩) શ્રી પ્રદીપભાઈ કયાડા,વિષયઃ કૃષિનું ગ્રામવિકાસમાં મહત્ત્વ. (૪) વત્સલભાઈ દવે, વિષયઃ ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમો (૫) શ્રી હસમુખભાઈ દેવમુરારિ, વિષયઃ કૈલાસ માનસરોવર યાત્રા (૬) શ્રી રાજેશભાઈ લાધવા, વિષયઃ કેન્દ્ર અને રાજ્યની વિવિધ સરકારી યોજનાઓ (૭) ડૉ.વિક્રમભાઈ દેસાઈ, વિષયઃ પશુ સુધારણા ઓલાદ સુધારણા શા માટે કરવી જોઈએ? (૮)સેજપાલ પ્રજ્ઞાબહેન, વિષયઃ ગ્રામવિકાસ.

● તા. ૧૦/૦૭/૨૦૨૬ના રોજ ગાંધીનગર સ્થિત All India Computer Information Society , સેન્ટ્રલ ગવર્મેન્ટ મિનિસ્ટ્રી ઓફ ઇન્ફર્મેશન માન્ય CCC પ્રમાણપત્ર અંગે માર્ગદર્શન સેમિનાર યોજાઈ ગયો જેમાં શ્રી અમીબેન ગોસ્વામીએ વિદ્યાર્થીઓને સરકારી નોકરી માટે અત્યંત જરૂરી એવા CCC પ્રમાણપત્રના અભ્યાસક્રમ વિશે અભ્યાસકાળ દરમિયાન જ ઓનલાઈન મોડમાં કેવી રીતે પૂર્ણ કરી શકાય એની વિગતે માહિતી આપી. રસ ધરાવતા ૫૫ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં નોંધણી કરી. શ્રી જગદીશભાઈ ગોસાઈ દ્વારા આ સૌજન્યપૂર્ણ ઉપક્રમ યોજાયો અને ઉપસ્થિત રહી શ્રી વિશાલભાઈ જોષીએ આભારદર્શન કર્યું.

● તા. ૧૧ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના શનિ સંમેલન અંતર્ગત સુરેન્દ્રનગર સ્થિત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે યુવાનોને છેલ્લા અઢાર વર્ષથી તાલીમ અને સજ્જતા વિકસાવતા GRCA સંસ્થાના સ્થાપક અને ન્યાલકરણ હાઇસ્કૂલના આચાર્ય શ્રી વિક્રમસિંહ પરમાર અને એમના સાથીદારો શ્રી અરવિંદસિંહ કટારિયા,શ્રી જીતુભાઈ મોરી , શ્રી અજીતસિંહ ચૌહાણ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયની શુભેચ્છા મુલાકાતે આવ્યા. શ્રી વિક્રમસિંહ પરમારે ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની માળખાગત માહિતી, શારીરિક, માનસિક અને શૈક્ષિણક તૈયારી અંગે વિગતવાર દૃષ્ટાંતો અને લોકભારતીના સ્થાપકોના પુસ્તકો, ધ્યેય નિર્ધારણ, આયોજન, સફળતા - નિષ્ફળતા, મુખ્ય પાંચ વિષયોની સમજણ અને જાત અનુભવ સિદ્ધ સૂક્ષ્મ બાબતોના અનુસંધાન સાથે સળંગ દોઢ કલાક વાર્તાલાપ કર્યો. તેમની સાથે ભાવનગર જિલ્લાના ડી ઈ ઓ કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર શ્રી વિક્રમસિંહ પરમાર, તળાજા મૉડલ હાઇસ્કૂલના આચાર્ય શ્રી પ્રભાતસિંહ મોરી અને ચ. મો. વિદ્યાલય પાલિતાણાના આચાર્ય શ્રી ઘનશ્યામસિંહ રાઠોડ ઉપસ્થિત રહીને સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત અને વિદ્યાર્થીઓ સાથે અનૌપચારિક ગોષ્ઠિઓ કરી. શ્રી અરુણભાઈ દવે સાથે બેસીને રાજીપો વ્યક્ત કર્યો.

● તા. ૧૩ના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા એ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર શ્રી ની કચેરી , ગાંધીનગર ખાતે નાયબ

નિયામક ગ્રા.વિદ્યાપીઠ અને શ્રેયાન અધિકારીની મુલાકાત લઈને ખાલી જગ્યાઓ, નેક ગ્રાન્ટ, જુ. ક્લાર્ક ભરતી પ્રક્રિયા સંદર્ભે ચર્ચા અને રજૂઆત કરી.

● તા. ૧૫ના રોજ બુધ સંમેલન અંતર્ગત એ.એન.ઓ શ્રી કિશોરભાઈ હિરાણીએ એન.સી.સી. અભિમુખતા યોજી હતી.

● તા. ૧૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તમામ વિદ્યાર્થીઓએ સમગ્ર ભારતના ખેડૂતોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ માટેના ઓનલાઈન રીયલ ટાઈમસર્વેમાં ભાગીદારી કરી.

● 'કલ્પસર સહયોગ સમિતિ' અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે અને કલ્પસર યોજના અંગે વર્ષોથી પ્રવૃત્ત અને જાણીતા કર્મશીલ શ્રી વિનુભાઈ ગાંધીનું સન્માન કરવાનો એક કાર્યક્રમ લો.ભા.ને આંગણે ભારત સરકારશ્રીના જળ સંસાધન મંત્રી માનનીયશ્રી સી.આર. પાટિલ, શ્રી જીવરાજભાઈ ધારુકાવાળા, શ્રી બેચરભાઈ ભાદાણી અને અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં તા.૧૭મીના રોજ યોજાઈ ગયો; જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. લોકભારતીના સર્વે કાર્યકરોએ અને ડૉક્ટર પંપવાળા શ્રી પરશોતમભાઈ કમાણી અને અન્ય શુભેચ્છકોએ સારી એવી જહેમત ઊઠાવી.

● તા. ૧૮ના રોજ શનિ સંમેલન અંતર્ગત સત્રારંભે વાર્તાલાપ-૪ અંતર્ગત શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી દ્વારા ગ્રામવિદ્યાપીઠ સ્નાતક (બી.આર.એસ) અભ્યાસક્રમની વિશેષતાઓ વિશે વાત કરવામાં આવી.

● તા.૧૮ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ ગ્રામવિદ્યાપીઠના પ્રશ્નો સંદર્ભે જઈ આવ્યા.

● તા.૧૮મીએ શ્રી જગદીશગિરિ ગોસાઈએ વિભાગીય પ્રશ્નો અંગે પ્રાથમિક શિક્ષણ નિયામક અને રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ શ્રી પી.કે.ત્રિવેદી સાથે મુલાકાત કરી પ્રશ્નોના ઉકેલની મહત્ત્વની કામગીરી કરી.

● તા. ૨૦ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના એગ્રોનોમી વિષયના વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિ વર્ષ યોજાતા મુખ્ય વિષયના ભાગરૂપે સીડબોલ તૈયાર કરીને રાજેન્દ્ર હિલ આસપાસના ડુંગરોમાં કુદરતી બીજારોપણ અને પર્યાવરણીય નિસ્બત સાથેનો કાર્યક્રમ યોજાઈ ગયો. ખાસ વિષય અધ્યાપક શ્રી રવિભાઈ ચૌહાણે પૂર્વ તૈયારી અને માર્ગદર્શન આપ્યું.

● તા. ૨૦ના રોજ કલેકટરશ્રી, ભાવનગર દ્વારા પ્રાકૃતિક કૃષિ આકસ્મિક પાક આયોજન બાબતે આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ ભાવનગર જઈ આવ્યા.

● તા. ૨૦ અને ૨૧ જુલાઈએ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી કિશોરભાઈ હિરાણીએ સોનાસણ ખાતે યોજાયેલ ગ્રામવિદ્યાપીઠોના પ્રશ્નો સંદર્ભે જઈ આવ્યા.

● 'ભૂમિપુત્ર' સામયિકના પંચોતેર વર્ષ પૂરાં થવા નિમિત્તે ગુજરાત સર્વોદય મંડળ અને ભૂમિપુત્રના આયોજન તળે જાણીતા સંગીતજ્ઞ શ્રી ફરાઝખાન અને તેમની ટીમ દ્વારા માનવતા, ભાઈચારો અને સહૃદયતાનો સંદેશ આપે તેવાં ગીત-સંગીતનો કાર્યક્રમ તા.૨૧મીના રોજ લોકભારતીને આંગણે યોજાઈ ગયો. જે વિદ્યાર્થીઓ માટે ઘણો રસપ્રદ રહ્યો.

● તા.૨૨ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના વિશેષ બુધ સંમેલન અંતર્ગત આપણી ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) સંદર્ભે લોકભારતી ગ્રામવિદ્યાપીઠના પૂર્વ નિયામક, લોકસેવા મહાવિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી અને કચ્છના ઈતિહાસવિદ શ્રી દલપતભાઈ દાણીધારીયા અને આપણા પરિવાજન શ્રી વિક્રમભાઈ ભટ્ટ અને દર્શનાબેન ભટ્ટ આવ્યા. શ્રી દલપતભાઈએ પ્રાદેશિક ઓળખ અંગે કેવી રીતે સંશોધન કામગીરી હાથ ધરી શકાય, પાળિયા અને હસ્તપ્રત સમજણ, ઈતિહાસ અને પુરાતત્વ અન્વેષણ અંગે કુતૂહલથી કેળવણી સુધી રસ રુચિ ઘડી શકાય એ અંગે રસપ્રદ પાવરપોઈન્ટ દ્વારા નિદર્શિત કર્યું.તેમણે પોતાના વિદ્યાર્થી અભ્યાસકાળના સંસ્મરણો પણ વાગોળ્યા.સળંગ યોજાયેલ બેઠકમાં શ્રી વિક્રમભાઈ ભટ્ટે અને શ્રી દલપતભાઈએ ગમતાં કાવ્યોની રજૂઆતની જુગલબંધી કરીને સાહિત્યાસ્વાદ પણ કરાવ્યો.

શ્રી હસમુખભાઈની પ્રેરક ઉપસ્થિતિ રહી. સંમેલન ભૂમિકા અને આવકાર પરિચય શ્રી વિશાલભાઈ જોષી અને સમાપન શ્રી નીતિનભાઇ ભીંગરાડિયાએ કર્યું. શ્રી દર્શનાબેન ભટ્ટના ગીતગાનથી સંમેલન પૂર્ણ થયું. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની ગોપીબેન ઝાપડિયાએ કર્યું હતું.

●સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટનાં વ્યવસ્થાપક મંડળ, કારોબારી સમિતિ અને વાર્ષિક સામાન્ય સભાની બેઠકોમાં હાજરી આપવા રાજકોટ મુકામે શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ તા.૨૪મીના રોજ જઈ આવ્યા.

●તાઃ૨૫/૦૭/૨૦૨૬ ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના તૃતીય વર્ષ ગ્રામવિદ્યા સ્નાતક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની કે.સી.જી. પ્રાયોજિત ફિનિશિંગ સ્કૂલની સજ્જતા તાલીમ-કાર્યશાળાનો સમાપન કાર્યક્રમ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જીવન કૌશલ્યો અને રોજગારી ક્ષમતા વર્ધન કૌશલ્યો તથા વ્યવહારુ અંગ્રેજી ભાષા અભિવ્યક્તિને કેન્દ્રમાં રાખીને ૮૦ કલાકની આ સઘન તાલીમ ફળદાયી રહી હતી. પ્રશિક્ષક શ્રી સ્મિતભાઈ પારેખ અને ડૉ.છાયાબેન પારેખે પણ સમગ્ર તાલીમ દ્વારા બધું ય સહજ સરળતાથી કર્યું. વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવ્યો. શ્રી નીતિનભાઈ ભીંગરાડીયા એ આ તાલીમની જરૂરિયાત અને અપેક્ષિત ફળશ્રુતિથી રાજીપો વ્યક્ત કર્યો. શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા લોકસેવા મહાવિદ્યાલયના આ ઉપક્રમને વિદ્યાર્થી કેન્દ્રી નવા નવા કાર્યક્રમોના શ્રી ગણેશ થયા તેમ કહીને તાલીમાર્થીઓને અભિનંદન આપ્યા. પ્રકલ્પ સંયોજક શ્રી ક્રિષ્નાબેન બારૈયાએ આભાર દર્શન કર્યું. આ તાલીમનું સમગ્ર સંકલન શ્રી વિશાલભાઈ જોષી દ્વારા થયું.

● તા.૨૬ના રોજ શ્રી નીતિનભાઇ ભીંગરાડિયાએ મ. કૃ. ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ દ્વારા યોજાયેલ પીએચ. ડી. કોર્સવર્કમાં 'પત્ર સાહિત્યઃ દસ્તાવેજી સાહિત્યનું સંશોધન' વિષય પર બે વ્યાખ્યાનો રજૂ કર્યા.

● તા.૨૭ના રોજ શ્રી નીતિનભાઇ ભીંગરાડિયાએ મ. કૃ. ભાવનગર યુનિવર્સિટીની બોર્ડ ઓફ મૅનેજમેન્ટ, એકેડેમીક કાઉન્સિલ અને બોર્ડ ઓફ સ્ટડીઝની સંયુકત સભામાં હાજરી આપી.

● તા.૨૭ના રોજ બી.આર.એસ. દ્વિતીય વર્ષના બહેનોએ નિકિતાબેન જોષીના માર્ગદર્શન હેઠળ મોતીકામ અને ભરતકામથી બ્રોચ બનાવવાના એક વર્કશોપમાં ભાગ લીધો અને એમનું એક પ્રદર્શન પણ યોજાયું.

● તા.૨૮ના રોજ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના શ્રી પાટિલજીના માર્ગદર્શનમાં મુંબઈથી ઇજનેર શ્રી જીતભાઈ તથા શ્રી સંદીપભાઈ પીડીલાઇટના મહુવા એકમના કૃષિ વૈજ્ઞાનિક ડૉ. રવીન્દ્ર પાટિલ સાથે લો.ભા. સંસ્થાની ગોશાળામાં ચાલતા ગોપાલન, મૂલ્યવર્ધન, બાયૉગૅસ અને જૈવિક ખાતરોના પ્રયોગોના અવલોકન અને માર્ગદર્શન મેળવવાના હેતુથી મુલાકાતે આવ્યા. ગૌશાળા ખાતે તમામ કાર્યરત એકમો અને ફિલ્ડની મુલાકાત લઈને વિસ્તૃત જાણકારી મેળવી તથા આ. શ્રી અરુણભાઈ દવે સાથે આ બાબતે ચર્ચા-વિચારણાઓ કરીને અન્ય સંબંધિત સંસ્થાઓ ખાતે આ સફળ પ્રયોગોનું અમલીકરણ કરવા બાબતે માર્ગદર્શન મેળવ્યું.

● ગુરુપૂર્ણિમા નિમિત્તે જાણીતાં શિક્ષણવિદ્ અને યુવામનને સોશિયલ મીડિયા દ્વારા પ્રેરણા પૂરી પાડી રહ્યાં છે, એવાં શ્રી રેખાબહેન દેસાઈએ ખૂબ જ સરસ રીત પ્રસંગોચિત વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. સંગીતવૃંદના સુમધુર સ્વરોમાં પ્રાચીન ભજન પછી આવકાર અને પરિચય શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યો, બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય રજૂ કર્યા અને દરેક છાત્રાલયોના પ્રતિનિધિઓ અને નવનિયુક્ત કાર્યકર પ્રતિનિધિશ્રીએ રિક્તપાણિ ઋણદાન સ્વરૂપે આપણા પરમ ગુરુવર્ય એવા શ્રી દક્ષિણામૂર્તિદેવના ચરણોમાં પોતાની ભાવના વ્યક્ત કરી. અંતમાં શ્રી ગિરીશભાઈ દવેએ આભારદર્શન કર્યું ને કાર્યક્રમ પૂર્ણ થયો.

● ગુજરાતમાં હાલમાં ચાલી રહેલા 'દફતરમુક્ત શનિવાર'ના વિચારનો પ્રારંભ જ લોકભારતીની 'મોજીલું શિક્ષણ' પ્રવૃત્તિથી શ્રી અરુણભાઈ દવે અને શ્રી નલિનભાઈ

પંડિતના સઘન પ્રયત્નોથી થયો છે. રાજયભરની પ્રાથમિકશાળાઓના ત્રીશેક શિક્ષકો/બીઆરસી/ અધિકારીઓની 'આનંદદાયી શનિવાર' મૉડ્યૂલ નિર્માણ આયોજન કાર્યશાળા લો.ભા.માં તા.૩૦, ૩૧ અને ૦૧ ઓગસ્ટ એમ ત્રણ દિવસ યોજાઈ ગઈ. તેમાં જીસીઈઆરટી-ગાંધીનગરના શ્રી અવનીબા મોરી વર્ચ્યૂઅલી ઉપસ્થિત રહ્યાં અને અન્ય અધિકારીશ્રીઓ અને શ્રી અરુણભાઈ દવેએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન કર્યું. સમગ્ર વ્યવસ્થા અને સંચાલન ડાયેટ-ભાવનગરના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ જૂથે એક દિવસ માઈધાર કેન્દ્રની પણ મુલાકાત લીધી.

● તા:૩૦/૦૭/૨૦૨૬ થી ૦૧/૦૮/૨૦૨૬ દરમિયાન લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયમાં અભિમુખતા કાર્યક્રમ યોજાયો.જેમાં પાંચ ટુકડીઓ પાડવામાં આવી ટુકડી-૧ નું નામ "શ્રી મનુભાઈ પંચોળી" તેનો વિષય "ખાદી,ગ્રામઉદ્યોગ અને સ્વાવલંબન" તેનું સ્થળ પ્રદર્શન હોલ તેમાં ડૉ. દિનુભાઈ ચુડાસમા, શ્રી નિશાબેન મકવાણા અને શ્રી પરષોત્તમભાઈ જાદવ કાર્યકર સંયોજક તરીકે રહ્યા. ટુકડી-૨ નું નામ "શ્રી વિજયાબેન પંચોળી" તેનો વિષય "સહશિક્ષણ તથા વિદ્યાર્થી જીવનમાં મૂલ્યો,શિસ્ત અને સંસ્થાકીય અપેક્ષાઓ" તેનું સ્થળ વીડિયો કોન્ફરન્સ તેમાં શ્રી રેખાબેન વ્યાસ, શ્રી કિશોરભાઈ હિરાણી અને શ્રી વાસુદેવભાઈ મહેતા કાર્યકર સંયોજક તરીકે રહ્યા. ટુકડી-૩નું નામ "શ્રી નટવરલાલ બુચ" તેનો વિષય "શરીરશ્રમ,ગૃહકાર્ય અને કૌશલ્ય વિકાસ" તેનું સ્થળ સંમેલન કક્ષ તેમાં શ્રી રવિભાઈ ચૌહાણ, શ્રી ક્રિષ્નાબેન બારૈયા અને શ્રી દિલીપભાઈ પણદા કાર્યકર સંયોજક તરીકે રહ્યા. ટુકડી-૪નું નામ "શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ" તેનો વિષય "છાત્રાલય જીવન, સમૂહજીવન અને દિનચર્યા" સ્થળ -પરિસંવાદ ખંડમાં શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી મહેન્દ્રભાઈ મારવાણિયા અને શ્રી ભાનુપ્રસાદભાઈ ટૂંડિયા કાર્યકર સંયોજક તરીકે રહ્યા. ટુકડી-૫ નું નામ "શ્રી નાનાભાઈ ભટ્ટ" તેનો વિષય "લોકભારતી પરિચય,ધ્યેય, નઈ તાલીમ શિક્ષણ પ્રણાલી અને(નેપ-૨૦૨૦) તેનું સ્થળ સ્મૃતિભવન. તેમાં શ્રી વિશાલભાઈ જોષી, શ્રી ઉત્તમભાઈ ઘેલાણી અને શ્રી રમેશભાઈ પારગી કાર્યકર સંયોજક તરીકે રહ્યા. વિદ્યાર્થી સંયોજક તરીકે ધરજિયા ઉમેશભાઈ અને ઝાપડિયા ગોપીબેન રહ્યા અને ટેક્નિકલ સહાય સંકલન મયુરભાઈ મકવાણાએ કર્યું.

● તા. ૩૦ લોકભારતી અધ્યાપમંદિરમાં ડાયેટ, ભાવનગરના શ્રેયાન વ્યાખ્યાતા સંજયભાઈ તલસાણિયાએ તાલીમાર્થીઓ સમક્ષ 'શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા' વિષે વાર્તાલાપ કર્યો.

● તા : ૩૧ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના એન.એસ.એસ. યુનિટ નંબર ૧ અંતર્ગત સેમ-૩ના વિદ્યાથીઓમાં સામાજિક નિસ્બત અને ઉત્તરદાયિત્વના ગુણ વિકાસ સંદર્ભે વિશેષ પ્રવૃત્તિઓમાં સાંઢીડા મહાદેવ મંદિરના કુંડની સફાઈ ત્યાંના સ્થાનિક મહંતની નિશ્રામાં ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો. બીજા જૂથે નિર્દોષાનંદ સરસ્વતી હોસ્પિટલ ટીંબી મુકામે બે જૂથમાં સ્વયંસેવકો વિભાજિત થઈને શ્રમ, સેવા, સફાઈ અને પીડિત દર્દીઓ સાથે રહીને, તેમને ભોજન પ્રસાદ પીરસીને સહાનુભૂતિનો અનુભવ કર્યો.બંને સ્થળેથી લોકભારતી પ્રત્યેના સદભાવ સૌજન્યો મેળવીને વિદ્યાર્થીઓની જબરી કેળવણી થઈ.

**આંબલા સમાચાર**

●તા.૦૨થી ૦૬ દરમિયાન સંસ્થામાં વિદ્યાર્થીઓની અભિમુક્તા શિબિર યોજાઈ ગઈ. તેમાં તા.૦૨ના રોજ શ્રી ગૌરાંગભાઈ વોરા વિષય 'સંસ્થા પરિચય' તા.૦૩ના રોજ 'હાઇસ્કૂલ અને બુનિયાદી શિક્ષણ' વિષય પર શ્રી નરેન્દ્રભાઈ મકવાણા. તા.૦૪ના રોજ મુખ્ય મહેમાન અને વક્તા શ્રી અરુણભાઈ દવેએ 'કેળવણીમાં છાત્રાલયનું મહત્ત્વ' વિષય પર વક્તવ્ય આપેલ. તા.૦૬ના રોજ મુખ્ય વક્તા શ્રી મેહુલભાઈ ભટ્ટએ 'આપણી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને દિનચર્યાની વૈજ્ઞાનિકતા' વિષય પર વક્તવ્ય આપી ગયા.

● તા.૦૩ના રોજ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની નવા

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬- ૨૭ રેલીના આયોજન માટે સંચાલકશ્રીઓ અને આચાર્યશ્રીઓ સાથે લોકવિદ્યાલય વાળુકડ મુકામે યોજાઈ હતી. સભાનું પ્રમુખસ્થાન શ્રી જસવંતભાઈ કાકડિયાની દરખાસ્ત અને શ્રી વાઘજીભાઈ કરમટિયાના ટેકાથી શ્રી નાનુભાઈ શિરોયાએ સભાળ્યું. મિટિંગમાં સૌના આવકાર સાથે પ્રમુખશ્રીની મજૂરીથી એજેંડા મુજબની ક્રમશઃ મુદાઓની ચર્ચા વિચારણા કરી નીતિવિષયક નિર્ણયો લેવાયા હતા. બેઠકનું સંચાલન અને ગત વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો મંત્રીશ્રી જસવંતભાઈ કાકડિયા આપેલ. પરીક્ષા સમિતિનો અહેવાલ તથા હિસાબો મંત્રી શ્રી સંજયભાઈએ આપેલ ગત વર્ષ ૨૦૨૫ – ૨૬માં ૬૦મી ગણિત વિષયની રેલી યોજાયેલ તેમાં ભાગીરથી ઉ.બુ.વિદ્યાલય ટાટમનો શ્રી દિવ્યાંગભાઈ તથા શ્રીમતિ એમ.એ.જાની જીવનશાળા – આંબરડીનો શ્રી ખોડાભાઈ દ્વારા અહેવાલ આપવામાં આવેલ. અંતમાં યજમાન સંસ્થાના સંચાલક શ્રી નાનુભાઈ શિરોયાએ સંસ્થાવતી લોકશાળા સંઘના સભ્યોનું અભિવાદન કરી આભાર દર્શન કર્યું અને લોકશાળા સંઘના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સંઘવતી આભાર દર્શન કરીને બેઠકનું સમાપન કર્યું.

● તા.૦૪ના રોજ વિદ્યાર્થીઓની આમસભા યોજાઈ.

● તા.૧૪ના રોજ અમદાવાદ 'સીઈઈ'માંથી શ્રી સુમનભાઈ, અને વિન ફાઉન્ડેશનમાંથી પરેશભાઈ વોરા સંસ્થાને સમજવા તથા મદદરૂપ થવા ભાવથી શુભેચ્છા મુકાલકાતે આવી ગયેલ.

● તા.૧૬ અને ૧૭ના રોજ શ્રી સુરેશભાઈના માર્ગદર્શન નીચે 'વાચન શિબિર' યોજાઈ ગઈ. જેમાં મુખ્ય મહેમાન તરીકે સર્વોદય પ્રકાશન સંઘના પ્રમુખ શ્રી રામચંદ્રભાઈ પંચોલી, અતિથિ વક્તા શ્રી વિશાલભાઈ ભાદાણી હાજર રહ્યા. તેમાં વિદ્યાર્થીઓ તથા કાર્યકરોએ બે દિવસ પુસ્તકાલયના પુસ્તકોનું વાંચનનો લાભ લઈ પોતે જે પુસ્તકો વાચન કર્યું તે વિશે સમાપનમાં આસ્વાદ કરાવેલ. આ બે દિવસ દરમિયાન પુસ્તકાલયના પુસ્તકોનું નિદર્શન પણ કરવામાં આવેલ.

● તા.૧૬ના રોજ વિદ્યાર્થી કાર્યકર પરિવારનું સમૂહ ભોજન યોજાઈ ગયું.

● તા.૧૯ના રોજ લોકભારતી યુનિવર્સિટીના પ્રાધ્યાક શ્રી રામદેવસિંહના માર્ગદર્શન નીચે અમદાવાદ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ કેળવણી મંડળની ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.

● ભૂમિપુત્રને ૭૫ વર્ષ પૂર્ણ થયેલ હોવાથી ૭૫-ભૂમિપુત્ર ઉજવણીના ભાગ રૂપે ગુજરાત સર્વોદય મંડળ આયોજિત હિંદુસ્તાન મ્યુજિયોગ્રાફ પ્રસ્તુત ફરાજખાન અને તેની ટીમ દ્વારા પ્રસ્તુત માનવતા, ભાઈચારો અને સૌહાર્દનો સંદેશ આપતું ગાંધી ગીત-સંગીતનો કાર્યક્રમ તા.૨૧ના રોજ યોજાઈ ગયો. તેમાં ભૂમિપુત્રના સહ સંપાદક શ્રી પારૂલબહેન, ગુજરાત સર્વોદય મંડળના કૃષ્ણકાન્તભાઈની ઉપસ્થિતિ રહેલી. સ્વાગત આચાર્ય શ્રી વાઘજીભાઈએ કરેલ અને આભાર શ્રી મેહુલભાઈએ કરેલ.

● તા.૨૨-૦૬-૨૬ થી ૦૧-૦૭-૨૬ દરમિયાન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ભાવનગર ખાતે ૩ ગુજરાત નેવલ યુનિટનો ૧૦ દિવાસીય સંયુક્ત વાર્ષિક કેમ્પમાં શ્રી મહર્ષિભાઈના માર્ગદર્શન હેઠળ વિધાર્થી ભાઈઓ/બહેનો જઈ આવેલ. જેમાં વાર્ષિક તાલીમ શિબિર, પ્રિ-વાયુ સૈનિક કેમ્પ અને ડ્રોન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર શિબિરનું સંચાલન કમાન્ડિંગ ઑફિસર કમાન્ડર નીલેશ વી. પાર્ટે દ્વારા કરવામાં આવ્યું હતું. કેડેટ્સને દરરોજ સવારે પી.ટી., પરેડ-રાઈફલ ડ્રિલ તેમજ નેવલ ઓરિએન્ટેશન, સીમેનશીપ, નેવિગેશન અને શિપ મૉડેલિંગની તાલીમ આપવામાં આવી હતી. શિબિરમાં સાયબર સુરક્ષા, ટ્રાફિક નિયમો અને જાગૃતિ રેલી, વ્યસનમુક્તિ, માર્શલ આર્ટ્સ અને શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય જેવા વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શન સત્રો યોજાયા હતા.શિબિરના અંતે યોજાયેલી સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કર્નલ આશુતોષ મેહતા, કમાન્ડિંગ ઑફિસર, ૬ ગુજરાત બટાલિયન ઉપસ્થિત હતા. આ કાર્યક્રમમા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થઈ હતી. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કેડેટ્સને ઇનામો આપી સન્માનિત કરાયા હતા. આંબલા લોકશાળાના વિધાર્થી મિતરાજસિંહને

બેસ્ટ ફાયરિંગમાં ગોલ્ડ મેડલ તેમજ બેસ્ટ કેડેટ તરીકે મકવાણા તન્વીબહેનએ મેળવેલ. તેમણે લોકદક્ષિણામૂર્તિ પરિવારવતી અભિનંદન.

● તા.૨૪ના રોજ ૩ ગુજરાત નેવલ યુનિટના કમાન્ડિંગ ઑફિસર કમાન્ડર નીલેશ વી. પાર્ટે સંસ્થા મુલાકાતે આવી ગયેલ. શાળાના વિદ્યાર્થીઓને ઉતમ નાગરિક બની દેશસેવા કરવા માટે પ્રેરણાદાયી વાતો કરી સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી.

● આ માસ દરમિયાન વિધાર્થીઓને 'ભમ્મરડો' ફિલ્મ બતાવવામાં આવી.

● તા.૨૮ના રોજ રવીન્દ્રભાઈ પંડ્યા તથા મણારથી ફિરોજભાઈ ખદરાણી ત્રિવેણી તીર્થ કાળસાર મુકામે પીડીલાઇટ દ્વારા યોજાયેલ એકાઉન્ટિંગ વર્કશોપમાં ભાગ લેવા જઈ આવ્યા.

● તા.૨૯ના રોજ ભાવસભર માહોલમાં મુખ્ય વક્તા તથા ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈઓ/બહેનોએ પ્રસંગને અનુરૂપ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

● તા.૨૯ના રોજ શિક્ષણવિદ્, શિવ આશિષ સ્કૂલના ફાઉન્ડર મોટીવેશન સ્પીકર શ્રી રેખાબેન દેસાઈ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● તા.૩૦ના રોજ પૂર્વ કેળવણી નિરીક્ષક તથા કંચન ફાઉન્ડેશનના શ્રી મમતાબહેન ચૌહાણ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં. શ્રી ગૌરાંગભાઈની ભલામણથી સંસ્થાની ૧૧ વિદ્યાર્થિની બહેનોને રૂપિયા ૫૦૦૦/-ની લવાજમ સહાય પણ આપી.

**મણાર સમાચાર**

● તા. ૦૧થી સંસ્થામાં અલંગ પોલીસ સ્ટેશનના સહયોગથી એક નવા યુનિટ સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સની શુભ શરૂઆત કરવામાં આવી છે. આ યુનિટના સી.પી.ઓ. તરીકેની જવાબદારી ગૃહપતિ શ્રી ભાવેશભાઈને સોંપવામાં આવી છે.

● તા. ૩ અને ૪ (બે દિવસ) દરમિયાન 'મોજીલું શિક્ષણ અભિયાન' અંતર્ગત માઈધાર મુકામે તાલીમ યોજાઈ હતી. જેમાં સંસ્થાના મોજીલા મિત્રો શ્રી રાજુભાઈ અને શ્રી વિમલભાઈએ ઉપસ્થિત રહ્યા.

● શિક્ષણ સંગોષ્ઠિ (રેલી) અંગે ચર્ચા વિચારણા કરવા તા. ૦૩ના રોજ શ્રી ડાહ્યાભાઈ ડાંગર વાળુકડ સંસ્થા મુકામે જઈ આવ્યા.

● તા.૧૦ના રોજ કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર ખાતે 'આંબાના પાકની ઉત્કૃષ્ટ ખેતી પદ્ધતિ' વિષય પર ખેડૂત સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તા આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્ટ શ્રી ધવલસિંહ ચૌહાણે આંબાના પાકના વિવિધ મહત્ત્વના તબક્કાઓ વિશે ખેડૂતોને વિસ્તૃત સમજ આપી હતી.

● તા.૨૦ અને ૨૧ના રોજ જશોદા નરોત્તમ ટ્રસ્ટ, ધરમપુર (જિ. વલસાડ) ખાતે આશ્રમશાળાના ૬૨ શિક્ષકમિત્રો માટે 'મોજીલું શિક્ષણ' અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી વિમલભાઈ અને ટીમ દ્વારા મોજીલા શિક્ષણ ૨.૬ની વિવિધ પ્રવૃત્તિઓ અંગે અસરકારક તાલીમ આપવામાં આવી હતી.

● તા. ૨૧ ના રોજ નજીકના પ્રાકૃતિક અને ધાર્મિક સ્થળ 'પોહરીઆઈ મંદિર' ખાતે ચાલતા પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ચાલીને જઈને મંદિર પરિસરની સાફ-સફાઈ કરી હતી તથા વિવિધ રમતો રમી આનંદ માણ્યો હતો. આ પ્રવાસમાં જસપરા હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. સૌએ સાથે ભોજન લીધા બાદ એક નાની સભા યોજાઈ હતી, જેમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી, સરપંચશ્રી, ગામના આગેવાનો તેમજ પાણિયાળી અને જસાપરા પ્રાથમિક શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

● તા.૨૬ ના રોજ ભાવનગર જિલ્લા સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા આયોજિત વુશુ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સંસ્થાના ૩ વિદ્યાર્થીઓએ સિલ્વર મેડલ અને ૧ વિદ્યાર્થીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

● તા.૨૯ ના રોજ ઋષિતુલ્ય નાનાદાદા, મનુદાદા,

કુબેરદાદા ભટ્ટ અને રામજીદાદાને યાદ કરી તેમની વંદના કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી. આદરણીય ગુરુવર્ય ડૉ.મનહરભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને ગુરુપૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી મનહરભાઈ ઠાકરે ગુરુઓ વિશે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેરણાસ્પદ વાતો કરી હતી.

**માઈધાર સમાચાર**

●તા. ૩ અને ૪ બે દિવસ મોજીલું શિક્ષણ અભિયાન શિક્ષક મિત્રોની નવા સત્રની તાલીમ યોજાઈ. જેમાં લોકભારતી, આંબલા, મણાર, મહુવા, ચાપરડા, વલભીપુર, માઈધારનાં શિક્ષકમિત્રો જોડાયા.

● તા. ૫ના રોજ મહેન્દ્રસિંહ પરમાર પરિવાર સાથે શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● તા.૧૩ના રોજ મધુકરભાઈનાં ૮૦ વર્ષ નિમિત્તે ડૉ.પંકજભાઈ શુક્લ, ભરતભાઈ પારેખ, અરુણભાઈ દવે ફિલ્મ - શુટિંગ માટે વૈભવભાઈ પંડિત અને તેમની ટીમ સાથે માઈધાર આવી ગયા.

●તા. ૧૭ના રોજ લેખકઅને વાર્તાકાર, લોકભારતી અધ્યાપનમંદિરનાં પૂર્વ વિદ્યાર્થી વાસુદેવભાઈ સોઢા માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. તેમણે વિદ્યાર્થીઓને રસપ્રદ વાર્તાનો આસ્વાદ કરાવ્યો.

● તા.૨૦ અને ૨૧ બે દિવસ ધરમપુર જસોદા નરોત્તમ પબ્લિક ચેરિટી ટ્રસ્ટનાં શિક્ષક મિત્રોની નવા સત્રની તાલીમ આપવા માટે માઈધાર, લોકભારતી, મહુવા, અને મણાર શિક્ષક મિત્રો જઈ આવ્યા.

●તા. ૨૩ના રોજ એથલેટિક્સ દોડમાં તાલુકા કક્ષાએ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અલગ અલગ રમતમાં ભાગ લેવા માટે જઈ આવ્યા.

●તા.૨૩ના રોજ નવી શિક્ષણનીતિમાં વેકેશનલ કોર્ષ અને એચ.પી.સી. પાયલોટ પ્રોજેક્ટ શરુ કરવામાં આવેલ જેમાં આપણી સ્કૂલની પસંદગી થતા અમદાવાદ ખાતે તાલીમ યોજાઈ, જેમાં એભલભાઈ ભાલિયા જઈ આવ્યા.

●તા.૨૫ના રોજ ભાવનગર જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨નું ૧૦૦ ટકા પરિણામ મેળવેલ સ્કૂલને મહુવા ખાતે સન્માનિત કરવામાં આવેલ. જેમાં પાતુભાઈ આહિર, નિર્મળભાઈ પરમાર, જગદીશભાઈ ડાંગર અને સંજયભાઈ ડોડિયા જઈ આવ્યા.

●તા.૨૭ અને ૨૮ના રોજ સર્વોદય સહકારી પ્રકાશન -સંઘ અને લોકકલ્યાણ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે બે દિવસ પુસ્તક સાથે ભાઈબંધી કાર્યક્રમ યોજાયો, જેમાં રામચંદ્રભાઈ, પંચોળી જગદીશભાઈ બોરિચા, શક્તિસિંહ પરમાર, વિરેનભાઈ, જીતુભાઈ ચુડાસમા, ભાવનાબેન પાઠક અને કાર્યકરો દ્વારા પુસ્તક આસ્વાદ કરાવવામાં આવેલ. વિદ્યાર્થીઓ દ્વારા વાચન કરેલ પુસ્તક અંગે વાતો કરવામાં આવી.

● તા.૨૯ના રોજ ગુરુપૂર્ણિમા અંતર્ગત ગુરુવંદના કાર્યક્રમ યોજાયો જેમાં સવારે દરેક વિદ્યાર્થીઓ દ્વારા નિબંધ અભિવ્યક્તિ, ચિત્ર અભિવ્યક્તિ, વકતૃત્ત્વ અભિવ્યક્તિ અને મહેંદી અભિવ્યક્તિ યોજાઈ હતી. ત્યારબાદ બપોર પછી મનહરભાઈ ઠાકર દ્વારા વિદ્યાર્થી - શિક્ષક, શિક્ષણ અને કેળવણી : ગુરુ, ગુરુતા અને ગુરુત્વના યાત્રી વિષયક સંવાદ કરવામાં આવેલ. સાંજે હસમુખભાઈ દેવમુરારિ, રમાબેન દેવમુરારિ તરફથી વિદ્યાર્થી, કાર્યકર પરિવારને સમૂહભોજન કરાવવામાં આવેલ.

●તા. ૩૦ નાં રોજ હિરેનભાઈ ભટ્ટ -પ્રાચાર્ય-ડાયટ ભાવનગર રાજય તજજ્ઞટીમને લઈને મોજીલો શનિવાર(બેગલેસ ડે) અંતર્ગત પ્રવૃત્તિઓ સમજવા માટે આવી ગયા. તેઓને ભાવનાબહેને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણની પ્રવૃત્તિઓની સમજ આપી. અરુણભાઈ દવે સાથે તેઓએ રસપ્રદ સંવાદ કરી પોતાને મુંઝવતા શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા કરી.

**મૂલ્યનિષ્ઠ શિક્ષણ**

રસ્કિને જોયું, ગાંધીજીએ ખાતરી કરી અને નાનાભાઈ ભટ્ટે કરી બતાવ્યું. ઉદ્યોગ અને સહયોગનો શિક્ષણમાં સમન્વય.

# લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓમાં શ્રદ્ધાભેર ઉજવાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવ

## શ્રી રેખાબહેન દેસાઈની ઉપસ્થિતિમાં લોકભારતી ખાતે ઉજવણી





## શ્રી મનહરભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં મણાર ખાતે ઉજવણી





## શ્રી મહેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં આંબલા ખાતે ઉજવણી



## શ્રી મનહરભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં માઈધાર ખાતે ઉજવણી









TO.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-